بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**બફયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ**

**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧/એપ્રિલ/૨૦૧૭**

રજબુલ મુરજ્જબ-શાબાનુલ મુઅઝ્ઝમ
હિજરી સન : ૧૪૩૮

વર્ષ : ૧૪, અંક : ૦૪, સળંગ અંક : ૧૬૦

સ્થાપક અને પ્રકાશક
**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



**પત્ર વ્યવહારનુ સરનામું**

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


માનદ તંત્રી
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 01 | યા અલ્લાહ ! અમને હઝરત અબૂબક્ર સિદીક઼ના સાચા ગુલામ બનાવી દે | 02 |
| 02 | શબે મેઅરાજનો ઈબ્રતનાક સંદેશ ! | 03 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 08 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 11 |
| 05 | હદાઈકે બખ્શિશ | 13 |
| 06 | સીરતે રસૂલે મુખ્તાર ﷺ | 15 |
| 07 | હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 20 |
| 08 | ક઼ાનૂને શરીઅત | 22 |
| 09 | હઝરત ઉવૈસ કરનીના હાલાત તથા ખૂબીઓ | 26 |
| 10 | મહબ્બતે રસૂલ ﷺનું મહત્વ, સબબો...... | 29 |
| 11 | જિમ્મેદારીના એહસાસનો અભાવ...એક ક઼ૌમી રોગ ! | 33 |
| 12 | ખ્વાજા સાહેબની બારગાહમાં 'શહેનશાહો'ની અક઼ીદત તથા હાજરી | 38 |
| 13 | નેક અમલોનો બદલો | 44 |
| 14 | બરકાતે ખ્વાજાની ટપાલ | 47 |


## ખ્વાજએ હિંદ رحمۃ اللہ علیہ વો દરબાર હૈ આ'લા તેરા...

રઝા : ઉસ્તાદે ઝમન હસન રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ

ખ્વાજએ હિંદ વો દરબાર હૈ આ'લા તેરા
કભી મેહરૂમ નહીં માંગલે વાલા તેરા
હૈ તેરી ઝાત અજબ બેહરે હક઼ીક઼ત પ્યારે
કિસી તીરાકને પાયા ન કિનારા તેરા
ગુલશને હિંદસે શાદાબ કલેજે ઠંડે
વાહ અય અબરે કરમ ઝોર બરસના તેરા
ક્યા મહક હૈ કે મોઅત્તર હૈ દિમાગે આલમ
તખ્તએ ગુલશને ફિરદૌસ હૈ રૌઝા તેરા
તેરે ઝર્રા પે મઆસીકી ઘટા છાઈ હૈ
ઈસ તરફ ભી કભી અય મહર હો જલ્વા તેરા
ફિર મુઝે અપના દરે પાક દિખા દે પ્યારે
આંખે પુર નૂર હોં ફિર દેખ કે જલ્વા તેરા
તુઝકો બગદાદસે હાસિલ હૂઈ વો શાને રફીઅ્
દંગ રહ જાતે હૈં સબ દેખ કે રુત્બા તેરા
મુહિયુદીન ગૌષ હૈં ઔર ખ્વાજા મોઈનુદીન હૈં
અય 'હસન' ક્યૂં ન હો મહફૂઝ અક઼ીદા તેરા



પયગામે નૂરી

# યા અલ્લાહ ! અમને હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہના સાચા ગુલામ બનાવી દે

❑ અઝ : હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

ઈખ્લાસ (નિખાલસતા, નિઃસ્વાર્થપણુ) એક મહાન શક્તિનું નામ છે. રબની બારગાહમાં તે જ અમલ સ્વીકારને પાત્ર છે જેમાં ઈખ્લાસ હોય. એટલા માટે કુર્આને પાકમાં ઠેકઠેકાણે ઈખ્લાસ માટે પ્રોત્સાહિત કરવામાં આવેલ છે. એ જ પ્રમાણે રસૂલે પાક ﷺની હદીષોમાં પણ એના પ્રતિ આકર્ષિત કરેલા છે. આજે દુનિયામાં ઘણા બધા ક્ષેત્રોમાં કામ કરવાવાળા પોતાને મુખ્લિસ (નિખાલસતાવાળા) કહે છે અથવા એ સાબિત કરવાની કોશિશ કરે છે. પરંતુ તેઓ પોતાના દાવામાં કેટલા સાચા છે એ તો એઓ જ બતાવી શકે છે, કે પછી અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતને એનો ઈલ્મ છે. પરંતુ આજે એવી શખ્સિયતના ઉલ્લેખનો હેતુ છે જે સરાપા (માથેથી પગ સુધી) ઈખ્લાસ હતા. એમના ઈખ્લાસ માટે એનાથી મોટી દલીલ અન્ય શું હોઈ શકે છે કે ખુદ આક઼ાએ કરીમ ﷺએ એની ગવાહી આપી ?! ખલીફએ અવ્વલ હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہના બારામાં કોણ નથી જાણતું ?! તેમણે આક઼ાએ કરીમ ﷺની જાતમાં ગુમ થઈને તેમની દરેક અદાને અપનાવી અને દુનિયાને એવું કહેવા માટે મજબૂર કરી કે આજે અંબિયાએ કિરામ علیہم السلام પછી જો પૃથ્વીના પટ પર કોઈ અફઝલ તથા આ'લા છે તો તે સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہ છે. એમના ઈખ્લાસને સમજતાં પહેલાં કુર્આને મુક઼દસની રોશનીમાં આક઼ાએ કરીમ ﷺના ઈખ્લાસને જુઓ. રબ તઆલા ફમાવે છે :

قُلْ اِنَّ صَلَاتِیْ وَنُسُکِیْ وَمَحْیَایَ وَمَمَاتِیْ لِلّٰہِ رَبِّ الْعٰلَمِیْنَ۔

"તમે ફર્માવો કે બેશક઼ ! મારી નમાઝ અને મારી કુર્બાનીઓ, અને મારું જીવવું અને મારું મરવું સર્વ અલ્લાહના માટે છે જે રબ સર્વ જહાનનો." *(સૂ. અન્આમ–૧૬૨)*

હુઝૂર રહમતે આલમ ﷺની નમાઝ, કુર્બાની બલ્કે જિંદગી તથા વિસાલ સર્વ કાંઈ અલ્લાહ રબ્બુલ આલમીનના માટે હતું. જાણવા મળ્યું કે હુઝૂર ﷺની સંપૂર્ણ જિંદગી ઈખ્લાસથી ભરપુર હતી, કેવળ અલ્લાહ રબ્બુલ આલમીનના માટે હતી જેની ગવાહી ખુદા ખુદ આપી રહ્યો છે. એ જ પ્રમાણે આપના આશિકે સાદિક઼ સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہના ઈખ્લાસની ગવાહી પણ કુર્આન આપી રહ્યું છે. જ્યારે સૈયદના સિદ્દીકે અકબર رضی اللہ عنہએ હઝરત બિલાલ હબશી رضی اللہ عنہને ઊંચી કિંમત આપીને આઝાદ કરાવ્યા તો લોકોએ એ વાત ઉડાડી કે બિલાલનું કાંઈક એહસાન સિદ્દીકે અકબર પર હશે એટલા માટે તેમણે બિલાલને આઝાદ કરાવ્યા છે. તો ક઼ાદિરે મુત્લકે હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہના ઈખ્લાસની ગવાહી કુર્આનમાં આપી અને ફર્માવ્યું : اِلَّا ابْتِغَآءَ وَجْهِ رَبِّهِ الْاَعْلٰی "(આઝાદ કરવામાં) કેવળ પોતાના રબની રઝા ચાહતો જે સૌથી બુલંદ છે." *(સૂ. લૈલ–૨૦)*

આપણે એ વાત દિમાગમાં રાખવી જોઈએ કે સાચો ઈશ્ક઼ મહબૂબની અદાઓ અપનાવવાનો તક઼ાદો કરે છે. જો આપણા કિરદારમાં મહબૂબની અદાઓની ઝલક નથી, તો આપણો આશિક઼ હોવાનો દાવો બેકાર છે. આપણે કેવા આશિકે રસૂલ છીએ કે દાવો તો ખૂબ કરીએ છીએ પણ આપણા ઝમીરની અદાલતેથી ફૈસલો કદી નથી લેતા કે શું ખરેખર આપણને આપણા આક઼ા ﷺથી મહોબ્બત છે ? આપણે ડગલે ને પગલે તેમની નાફર્માની કરીએ છીએ, તેમની રૂહ મુબારકને તકલીફ પહોંચાડીએ છીએ, અને પોતાને આશિક઼ પણ બતાવીએ છીએ ! આ કેવો ઈશ્ક઼ છે ? આ કેવી મહોબ્બત છે ?! યાદ રાખશો કે ઈશ્ક઼ની આગ તે આગ છે જે એકવાર લાગી જાય છે તો દિલ હમેશાં મહબૂબની યાદમાં તડપતુ રહે છે, તેને કોઈ પળે ચૈન નથી મળતું. અને આ ઈશ્ક઼ તો તે આગ છે જે જહન્નમની આગથી નજાત આપે છે. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ક઼ાદરી رحمۃ اللہ علیہનો સાચો ઈશ્ક઼ જુઓ ! ફર્માવે છે :–

*અય ઈશ્ક઼ ! તેરે સદક઼ે, જલનેસે છૂટે સસ્તે*
*જો આગ બુઝા દેગી, વો આગ લગાઈ હે*

ઈશ્ક઼ની આગ, ઈશ્ક઼ની વધુ પેજ નં. 28 પર

# શબે મેઅરાજનો

## ઈબ્રતનાક સંદેશ !

**તંત્રી લેખ.....**

આજનો મુસલમાન જગતભરમાં વિવિધ પ્રકારની પરેશાનીઓ તથા મુસીબતોનો, દેશમાં પરદેશમાં વિવિધ પ્રકારના ડર તથા બેચૈનીઓનો શિકાર જોવા મળે છે. નિષ્ફળતા તથા નાકામીઓ તથા નિરાશાના વમળમાં ફસાયેલો જોવા મળે છે. કુર્આને પાકમાં છે :

وَلَا تَهِنُوْا وَلَا تَحْزَنُوْا وَاَنْتُمُ الْاَعْلَوْنَ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ﴿١٣٩﴾

''ન ગભરાવ ! ન ડરો ! તમે જ કામયાબ રહેશો જો ઈમાનવાળા (મો'મિન) છો.'' *(સૂરએ આલે ઈમરાન, આ. ૧૩૯, સૂરત : ૩)* આટલી સ્પષ્ટ અલલ એલાન બશારત છતાં કહેવાતા મુસલમાનો અધોગતિ તથા પડતી અને પસ્તીની હાલતમાં શા માટે જણાય રહ્યા છે ? શા માટે વિશ્વમાં હડધૂત થઈ રહ્યા છે ? શા માટે ગમગીન, ખૌફઝદા જણાય રહ્યા છે ? તો હવે એ ચકાસણી કરવાનો સમય આવી ગયો છે કે શું કહેવાતા મુસલમાનો સાચા અર્થમાં મુસલમાન છે ખરા ? કેમ કે અલ્લાહનું ફર્માન તો હક્ક છે ! એમાં કોઈ શંકાને સ્થાન જ નથી. અને ખરેખર જો આજે કહેવાતા મુસલમાનોની હાલતનું નિરીક્ષણ કરવામાં આવે તો પ્રથમ તો કેટલાનાં તો ઈમાનનાં ઠેકાણાં જ નથી, કલ્મો પઢીને પણ અલ્લાહ જૂઠુ બોલી શકે (મઆઝલ્લાહ !) એવું કહે છે. તો વળી પોતે જેને અલ્લાહના રસૂલ સ્વીકાર્યા તેમની શાનમાં બેઅદબીઓ કરે છે ! કોઈ સહાબાની ગુસ્તાખી કરી રહેલ છે, તો વળી જેઓ આશિકે રસૂલ હોવાના દાવેદારો છે તેઓ મોટાભાગે પોતાના દાવાથી વિરુદ્ધ વર્તન કરતા, એનાથી વિરુદ્ધ જીવન જીવતા જોવા મળે છે ! **સૌ ગંભીરતાથી પોતાની જાતને જુએ, પોતાના દિલમાં ઝાંકીને જુએ કે શું પોતે અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَના સૂચવ્યા પ્રમાણે જિંદગી જીવી રહેલ છે કે ખુદા વ રસૂલના દુશ્મનોના તરીકા પર જીવી રહેલ છે ?!** તો સમજાય જશે કે ખામી ક્યાં છે ? અલ્લાહનું ફર્માન હક્ક છે, આજે પણ સર્વ મુસલમાનો એના પર ચાલે તો એ ગુજરેલી ઈજ્જત, સત્તા સર્વ મયસ્સર થઈ શકે છે, જે સહાબાના દૌરમાં હતી, જે સુલ્તાન હારૂન રશીદના જમાનામાં હતી, જે ઈસ્લામી બાદશાહોના જમાનામાં હતી. આવો ! ગુનાહિત જિંદગીને ત્યજવા માટે ઈબ્રત મળે, બોધપાઠ મળે એના માટે આપણે આપણા પ્યારા નબી صلى الله عليه وسلمની શબે મેઅરાજની સફરના અનુભવોનો ઈમાનની નજરે અભ્યાસ કરીએ અને એનાથી ઈબ્રત પકડીને ગુનાહોથી તૌબા કરીને આપણી જિંદગીને ઈસ્લામી જિંદગી બનાવીએ.

**શબે મેઅરાજમાં હુઝૂર صلى الله عليه وسلمએ શું શું જોયું ? :** જે બદનસીબો હુઝૂર صلى الله عليه وسلمને પોતાના જેવા બશર કહે તથા સમજે છે તેઓ વિચારે કે રબ તઆલાએ પોતાના મહબૂબ صلى الله عليه وسلمને કેટલી મહાન શાન અતા કરી છે કે જેની તેઓ કલ્પના પણ નથી કરી શકતા. કુર્આને પાકમાં છે : سُبْحٰنَ الَّذِیْۤ اَسْرٰى بِعَبْدِهٖ لَیْلًا مِّنَ الْمَسْجِدِ الْحَرَامِ اِلَى الْمَسْجِدِ الْاَقْصَا ''પાકી છે તેને જે પોતાના બંદાને રાતો રાત લઈ ગયો મસ્જિદે હરામથી મસ્જિદે અકસા સુધી.'' *(સૂ. ઈસ્રા, ૧૭/૧)* કુર્આનમાં સ્પષ્ટતા પછી કોઈ એનો ઈન્કાર કરે તો એ કાફિર થઈ જશે. અને હદીષોથી સાબિત છે કે હુઝૂર صلى الله عليه وسلمએ ૨૭ રજબની રાતે આસ્માનોની સૈર કરી લામકાં પહોંચી પોતાના રબના દીદાર માથાની આંખોથી કર્યા, અને જન્નત, જહન્નમની સૈર કરી વગેરે...

વિસ્તારપૂર્વક જાણવા હદીષોની કિતાબોનો અભ્યાસ જરૂરી છે. અત્રે રજૂ એ કરવું છે કે હુઝૂર ﷺએ કયા કયા પ્રકારના ગુનેહગારોને કેવા કેવા પ્રકારના અઝાબોમાં જોયા તેનો અભ્યાસ કરીએ અને આપણે એ ગુનાહોથી તૌબા કરીને સાચા પાકા મુસલમાન બનીએ તો બંને જહાનની ખુશીઓ કામયાબીઓ આપણા જ માટે છે.

**હલાલ છોડી હરામની પાસે જનારાઓનો અંજામ** : રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે (મેઅરાજના સફર દરમ્યાન) હજી હું થોડુક ચાલ્યો હશે એવામાં મેં જોયું કે દસ્તરખાન બિછાવેલાં છે અને એના પર ખૂબ જ ઉમદા ભૂંજેલો ગોશ્ત રાખેલો છે. અને બીજી બાજુ અન્ય ખ્વાન રાખેલા છે જેના પર ખૂબ જ બદબૂદાર તથા સડેલો ગોશ્ત રાખેલો છે. અને કેટલાક લોકો એવા છે જેઓ ઉમદા ગોશ્તની તો પાસે નથી જતા અને સડેલો દુર્ગંધ મારતો ગોશ્ત ખાય રહ્યા છે. મેં કહ્યું, જિબ્રઈલ ! આ કોણ લોકો છે ? કહ્યું, આ આપની ઉમ્મતના તે લોકો છે જેઓ હલાલને છોડીને હરામની પાસે જાય છે.

આના પરથી તે લોકો દિલમાં ઝાંકે અને વિચારે કે જેઓ હલાલ પત્નીને છોડીને હરામ ગૈરોની પાસે જાય છે. હલાલ ચીજ છોડીને હરામ તરફ લપકે છે, તેઓ આ હદીષ પર ઈમાન ધરાવે છે તો આજે જ તૌબા કરીને પાકીઝા જીવન જીવવા તૈયાર થઈ જાય.

**વ્યાજ ખાનારાઓનો અંજામ** : રસૂલે અકરમ ﷺએ ફર્માવ્યું, પછી હું થોડો આગળ ચાલ્યો તો કેટલાક અન્ય લોકોને જોયા. તેમનાં પેટો કોઠીઓની જેમ છે. તેમનામાંથી જ્યારે પણ કોઈ ઉઠતો તો ગબડી પડતો અને કહેતો, હે અલ્લાહ ! ક઼યામત ક઼ાયમ ન કરતો. તેમને ફિરઔની જાનવર કચડી રહ્યાં હતાં અને તેઓ ફરિયાદ કરી રહ્યા હતા. મેં કહ્યું, હે જિબ્રઈલ ! આ કોણ લોકો છે ? કહ્યું, આ આપની ઉમ્મતમાંથી વ્યાજ ખાનારા છે. એઓ ક઼યામતના દિવસે એવી રીતે ઉઠશે જેવી રીતે ભૂત પ્રેતની અસરવાળો શખ્સ ઉઠે છે.

આ સિવાય પણ વ્યાજખોરો માટે હદીષોમાં ચેતવણીઓ આવેલી છે. તો આના પરથી વ્યાજખોરો સબક઼ લઈને જરૂર તૌબા કરે.

**યતીમોનો માલ ખાનારાઓનો અંજામ** : રસૂલે પાક ﷺએ ફર્માવ્યું, પછી હું થોડોક આગળ ચાલ્યો તો એવા લોકોને જોયા જેમના હોઠ ઊંટોના હોઠોની જેમ હતા. તેમનાં મોઢાં ખોલીને તેમાં પથ્થર નાખવામાં આવતા, પછી તે પથ્થર એમની નીચેના માર્ગેથી નીકળી જતા. મેં તેમને અલ્લાહથી ફરિયાદ કરતાં સાંભળ્યા. મેં કહ્યું, હે જિબ્રઈલ ! આ કોણ લોકો છે ? કહ્યું, આ આપની ઉમ્મતના તે લોકો છે જેઓ જુલ્મી રીતે યતીમોનો માલ ખાતા હતા. અસલમાં એ લોકો પોતાનાં પેટોમાં આગ ભરી રહ્યા હતા ! નજીકમાં જ આ લોકો જહન્નમમાં દાખલ થશે.

**વ્યભિચારી સ્ત્રીઓનો અંજામ** : નબી કરીમ ﷺએ ફર્માવ્યું, પછી હું થોડો આગળ ચાલ્યો તો કેટલીક સ્ત્રીઓ જોયી કે પોતાની છાતીઓથી લટકેલી છે. મેં સાંભળ્યું, તેણીઓ અલ્લાહથી ફરિયાદ કરી રહી હતી. મેં કહ્યું, હે જિબ્રઈલ ! આ કોણ સ્ત્રીઓ છે ? તેમણે કહ્યું, આ આપના ઉમ્મતીઓમાંથી ઝિના (વ્યભિચાર) કરનારીઓ છે.

**ગીબત તથા ચુગલી કરનારાઓનો અંજામ** : ફર્માવ્યું, પછી હું થોડે આગળ ચાલ્યો તો જોયું કે કેટલાક લોકોના પાસાંએથી ગોશ્ત કાપી કાપીને તેમના મોઢામાં નાખવામાં આવી રહ્યો છે, અને તેમને કહેવામાં આવી રહ્યું છે, એને ખાવ ! જેવી રીતે તમે (દુનિયામાં) પોતાના ભાઈનો ગોશ્ત ખાતા હતા. મારા પૂછવા પર જિબ્રઈલ علیہ السلامએ કહ્યું કે આ આપની ઉમ્મતમાંથી ગીબત (પર્દા પાછળ કોઈની બુરાઈ) કરવાવાળા તથા ચુગલી કરનારા

(અહીંની વાત ત્યાં, ત્યાની અહીં કરી લડાવનારા) લોકો છે. *(બયહકી, ૨/૩૯૩)*

**નમાઝ ત્યજનારાઓનો અંજામ** : પછી આપ ﷺ એક એવી કૌમની પાસે આવ્યા જેમનાં માથાં પથ્થરોથી કચુંડવામાં આવી રહ્યાં હતાં. અને જ્યારે માથુ કચડી નાખવામાં આવતું તો તે માથુ ફરી સાજુ થઈ જતુ, અને તેમને મોહલત ન મળતી. (અને ફરી તેમનું માથુ કચડી નાખવામાં આવતુ) મેં કહ્યું હે જિબ્રઈલ ! આ કોણ લોકો છે ? તેમણે કહ્યું, આ તે લોકો છે જેમનાં માથાં (ફર્ઝ) નમાઝના સમયે ભારે થઈ જતાં હતાં.

તો જે લોકો નમાઝના સમયે ઊંઘી રહે છે અથવા અન્ય કામોમાં વ્યસ્ત રહે છે તેમણે આ હદીષ પર ઈમાન રાખી બોધ ગ્રહણ કરવો જોઈએ.

**ઝકાત અદા ન કરનારાઓનો અંજામ** : પછી આપ ﷺ એક એવી કૌમ પાસે ગયા જેમની આગળ તથા પાછળ કપડાંનાં ચિથરાં બાંધેલાં હતાં અને તેઓ જહન્નમના કાંટાળાં ઝાડ ઝકૂમને જાનવરોની જેમ ચરી તથા ચગી રહ્યા હતા, અને જહન્નમના પથ્થર તથા અંગારા ખાય રહ્યા હતા. જિબ્રઈલે કહ્યું, આ તે લોકો છે જેઓ પોતાના માલોની ઝકાત અદા કરતા ન હતા. અને અલ્લાહ તઆલાએ તદ્દન એમના પર જુલ્મ નથી કર્યો અને ન અલ્લાહ તઆલા પોતાના બંદાઓ પર જુલ્મ કરે છે.

જે બહેનો સોના ચાંદીનાં ખૂબ ઘરેણા રાખવાનો શોખ ધરાવે છે તથા જે ભાઈઓ માલ મિલ્કત તો ખૂબ રાખે છે પણ સાચી રીતે ગણત્રી કરી ઝકાત કાઢી યોગ્ય ઠેકાણે નથી પહોંચાડતા તેઓ ગંભીર બનીને વિચારે ! આ સિવાય જહન્નમમાં પણ તેમના માટે સખત અઝાબો છે.

**વ્યભિચારી પુરૂષોનો અંજામ** : પછી આપ ﷺ એવી કૌમની પાસે આવ્યા જેમની સામે દેગોમાં પાકીઝા ગોશ્ત રાંધેલો રાખ્યો હતો, અને બીજી બાજુ સડેલો ગોશ્ત રાખેલો હતો. તેઓ સડેલા ગંદા ગોશ્તને ખાય રહ્યા હતા અને પાકીઝા ગોશ્તને છોડી રહ્યા હતા. જિબ્રઈલ علیہ السلامએ કહ્યું, આ તે લોકો છે જેમની પાસે હલાલ તથા પાકીઝા પત્નીઓ હતી પણ તેઓ તેણીઓને છોડીને રાતભર બદકાર સ્ત્રીની પાસે રહેતા હતા.

આ સિવાય પણ સખતથી સખત અઝાબોનું વર્ણન વ્યભિચારીઓ માટે આવેલ છે. હવે આજના માહોલનું નિરીક્ષણ કરો કે વ્યભિચારને જાણે એક કલા સમજવામાં આવે છે ! અને અનેક લોકો આ ગુનાહના શિકાર છે. તો એ લોકો સમજે અને આ બદીથી તાત્કાલિક તૌબા કરીને પાકીઝા જિંદગી જીવવા લાગે.

**લોકોના રસ્તા રોકનારાઓનો અંજામ** : પછી આપ ﷺએ જોયું કે રસ્તામાં એક લાકડી છે જે દરેક કપડાને ફાડી નાખે છે અને દરેક ચીજને ઝખ્મી કરી આપે છે. અને રબ ફર્માવે છે : وَلَا تَقْعُدُوْا بِكُلِّ صِرَاطٍ تُوْعِدُوْنَ "અને દરેક રસ્તા પર એટલા માટે ન બેસો કે મુસલમાનોને ડરાવો." *(સૂ. અઅ્રાફ-૮૬)* આપના પૂછવા પર જિબ્રઈલ علیہ السلامએ કહ્યું, આ આપની **ઉમ્મતના તે લોકોનું દષ્ટાંત છે જેઓ લોકોનો રસ્તો રોકીને બેસી જાય છે.** (અલ્લાહની રાહમાં ચાલવામાં લોકોને અડચણો ઉભી કરે છે.)

**અમાનતને હડપ કરનારાઓનો અંજામ** : પછી આપ ﷺ એવા શખ્સની પાસેથી પસાર થયા જેણે લાકડીઓનો એક ભારો ભેગો કરી લીધો છે જેને તે ઉઠાવી શકતો ન હતો, છતાં તે એ ભારામાં અધિક લાકડીઓ રાખવા ચાહતો હતો. જિબ્રઈલ علیہ السلامએ કહ્યું, આ આપની ઉમ્મતમાંથી તે શખ્સ છે જેની પાસે અમાનતો હતી

અને તે એને અદા કરી શકતો ન હતો, છતાં તે અધિક અમાનતો રાખી લેતો હતો.

**ફિત્ના ફેલાવનારા ખતીબોનો અંજામ :** પછી આપ ﷺ એવી કૌમની પાસેથી પસાર થયા જેમની જીભો તથા હોઠો આગની કાતરો વડે કાપવામાં આવી રહ્યા હતા, અને જ્યારે એને કાપી નાખવામાં આવતા તો તે ફરીથી પહેલાં જેમ ઠીક થઈ જતાં, અને તેમને જરાય મોહલત ન મળતી. (એટલે સતત આ ક્રમ ચાલુ રહેતો) જિબ્રઈલ علیہ السلام એ કહ્યું, આ આપની ઉમ્મતના ફિત્ના ફેલાવનારા ખતીબો છે. એક રિવાયતમાં છે કે આ તે ખતીબો છે જેઓ લોકોને નેકીનો હુકમ આપતા હતા અને પોતે પોતાને ભૂલી જતા હતા.. *(સહીહ ઈબ્ને હબ્બાન, ૧/૨૨૨)* આજે શું ચાલી રહ્યું છે તેનો અભ્યાસ કરો. ક્યાંક બાતિલ ફિર્કાવાળાઓ તો ક્યાંક ગુમરાહ ખતીબો કૌમના ટુકડે ટુકડા કરવામાં રચ્યા પચ્યા છે, તેઓ સબક હાંસલ કરશે ?!

સારાંશ કે આ સફરે મેઅરાજ દરમ્યાનના અઝાબના મન્ઝરો છે, જેના સિવાય કયામતના અઝાબો તથા જહન્નમના અઝાબો તો જે તે પ્રકરણમાં જોઈ શકાશે. આ સર્વ રસૂલે પાક ﷺએ પોતાની ઉમ્મતને સાવચેત કરવા માટે વર્ણવેલ છે, જો એનાથી પણ આપણે બોધ ગ્રહણ ન કરીએ તો પછી આ અઝાબોનું વર્ણન સમજી લો કે આપણા વિશે જ છે ! માટે હજી શ્વાસો ચાલુ છે જેથી તૌબા કરી લો !

**દોઝખની ગુનેહગારો માટે પુકાર ! :** પછી આપ ﷺ એક એવી વાદી પર આવ્યા જ્યાંથી અતિશય બુરા, ભયાનક તથા ધૃણાજનક અવાજો આવી રહ્યા હતા. જિબ્રઈલે કહ્યું, આ જહન્નમના અવાજો છે જે (રબને) કહી રહી છે, "મને દોઝખીઓ આપ જેમનો તેં મારાથી વાયદો કર્યો છે. કેમ કે મારા તૌક, મારી જંજીરો, મારા ભડકાઓ, મારી ગરમી, મારો થોર, મારું લોહી તથા પરૂ, અને મારા અઝાબ તથા સજાના માધ્યમો ખૂબ જ પ્રમાણમાં થઈ ગયાં છે, મારી ઊંડાઈ ઘણી જ અધિક છે, મારી આગ ખૂબ જ તીવ્ર છે. મને એ લોકો આપ જેનો તેં મને વાયદો કર્યો છે !" અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, "દરેક મુશ્રિક તથા કાફિર, ખબીષ તથા મુન્કિર, બેઈમાન મર્દ તથા ઔરત તારા માટે છે." આ સાંભળીને જહન્નમે કહ્યું, "હું રાજી થઈ ગઈ !"

ઈમાનની નજરે ઉપરોક્ત હદીષનું વર્ણન વારંવાર વાંચીને જણાવેલ સર્વ બુરાઈઓથી તૌબા કરી લેવી એ દરેક બુધ્ધિશાળી ઈન્સાન માટે અનિવાર્ય બાબત છે. અને અંતમાં રસૂલે પાક ﷺએ વર્ણવેલ સફરે મેઅરાજનું આ વર્ણન પણ વાંચી લો.

**જન્નતની પુકાર જન્નતીઓ માટે ! :** આપ ﷺએ ફર્માવ્યું, હું એક એવી વાદી પાસેથી પસાર થયો જ્યાંથી ખૂબ જ ખુશગવાર, ઠંડી તથા ખુશ્બોદાર હવા આવી રહી હતી જેમાં મુશ્કની ખુશ્બુ હતી, અને ત્યાંથી અવાજ આવી રહ્યો હતો. આપે પૂછયું, હે જિબ્રઈલ ! આ મુશ્કની ખુશ્બુવાળી પાકીઝા હવા કેવી છે અને આ અવાજ કેવો છે ? તેમણે કહ્યું, આ જન્નતનો અવાજ છે જે કહી રહી છે કે, હે અલ્લાહ ! મારાથી તેં કરેલો વાયદો પૂરો કર અને મને મારા લોકો અતા કર ! કેમ કે મારી ખુશ્બુ, મારું રેશમ, મારાં સુન્દુસ તથા ઈસ્તબરક (જન્નતી લિબાસ), મારાં મોતીઓ, મારાં મરજાન, મારાં મોંગે (કિંમતી મોતી), મારું સોનુ તથા ચાંદી, મારા કૂજા તથા કટોરા, મારું મધ, મારું દૂધ, અને મારી (પાકીઝા) શરાબ, ખૂબ જ પ્રમાણમાં થઈ ગયાં છે, તો તું તારા વાયદા પ્રમાણે મને જન્નતીઓ અર્પણ કર !"

અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, "તારા માટે દરેક મુસ્લિમ તથા મુસ્લિમા છે અને દરેક મો'મિન તથા મોમિના

છે જે મારા પર તથા મારા રસૂલો પર **ઈમાન લાવે** અને નેક **અમલો કરે** અને મારી સાથે તદ્દન **શિર્ક ન કરે** અને મારા સિવાય કોઈને શરીક ન બનાવે. અને **જેઓ મારાથી ડરશે તેમને હું અમાન આપીશ,** અને જે મારાથી સવાલ કરશે તેમને અતા કરીશ, અને જે મને ક઼ર્ઝ આપશે હું તેમને બદલો આપીશ, અને જેઓ મારા પર તવક્કુલ (ભરોસો) કરશે તેમને માટે હું પૂરતો છું. અને હું અલ્લાહ છું, મારા સિવાય કોઈ ઈબાદતને લાયક નથી, વાયદાની વિરૂધ્ધ નથી કરતો." જન્નતે કહ્યું, "હું રાજી થઈ ગઈ." *(શરહે સહીહ મુસ્લિમ, અઝ : સઈદી, કિતાબુલ ઈમાન, પેજ, ૭૧૮ થી ૭૨૧)*

**મુસલમાનોએ મુસીબતમાં શું કરવું જોઈએ ? :** આજે મુસલમાનો પોતાની પડતીની તથા મુસીબતની સ્થિતિના ઈલાજ માટે પોતાના દિમાગ વડે ઈલાજો તલાશ કરે છે, મીટિંગો ભરવામાં આવે છે, ચિંતનો કરીને ઉપાયો સૂચવવામાં આવે છે, પોતાની બુધ્ધિથી મુસીબતમાંથી ઉગરવાના ઉપાયો શોધી રહ્યા છે, જ્યારે કે અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ એ કુર્આન હદીષમાં જાહેર કરેલ ઉપાયોથી વિમુખ રહીને મથામણ કરી રહ્યા છે તેથી જ એ નાકામી તથા નિષ્ફળતાની ગર્તામાં અધિકથી અધિક ઉતરતા જઈ રહ્યા છે. જો હજી પણ મુસલમાન અલ્લાહ વ રસૂલના સૂચવેલા માર્ગે ચાલે તો કામયાબી તેનાં કદમો ચૂમશે અને સર્વ મુસીબતના વાદળો વિખેરાઈ જશે. ઈન્શાઅલ્લાહ ! કેમ કે રબ ફર્માવે છે : وَاللّٰہُ یُحِبُّ الصّٰبِرِیْنَ "અને સબ્રવાળા અલ્લાહને મહબૂબ છે." *(સૂ. આલે ઈમરાન, આ. ૧૪૬)* તેમજ ફર્માવ્યું : وَاللّٰہُ یُحِبُّ الْمُحْسِنِیْنَ "અને નેકીવાળા અલ્લાહને પસંદ છે." *(આ. ૧૪૮)* તેમજ ફર્માવ્યું, وَاللّٰہُ ذُوْ فَضْلٍ عَلَی الْمُؤْمِنِیْنَ "અને અલ્લાહ મુસલમાનો પર ફઝ્લ કરે છે." *(આ. ૧૫૨)* તથા ફર્માવ્યું : وَاللّٰہُ ذُوْ فَضْلٍ عَظِیْمٍ "અલ્લાહ મહાન ફઝ્લવાળો છે." *(આ. ૧૭૪)* જેથી અલ્લાહ પર ભરોસો કરી મુસલમાનો અલ્લાહ વ રસૂલની સૂચવેલી નેક રાહ પકડે અને જે ગૈર કૌમોની જેમ, યહૂદ તથા ઈસાઈઓની જેમ જીવન પધ્ધતિ બનાવી છે તેને ત્યજી દે તો રબની રઝા તથા તેના રસૂલની રઝા હાંસલ થશે અને આ સર્વ બશારતો તેના માટે જ છે.

મુસલમાનોને સંબોધીને રબ તરફથી જે બશારત છે કે, "તમે જ કામયાબ થશો ! ન ડરો ! ન ગભરાવ !" *(આલે ઈમરાન, આ. ૧૩૯)* તો એ હક્ક જ છે. પણ ખામી કહેવાતા મુસલમાનોની છે, જેવી રીતે મોંઘામાં મોંઘી ગોળી કે ઈન્જેકશન લો પણ તે જો ડુપ્લિકેટ નીકળે તો બીમારને કાંઈ ફાયદો નથી થતો. જેમ ઉડેલો બલ્બ પ્રકાશ નથી આપતો, ડુપ્લિકેટ દવા ફાયદો નથી કરતી, તેમ નાફર્માન નામના ડુપ્લિકેટ મુસલમાન પાવર વિનાના પુરવાર છે. આપણે મુસલમાન તો કહેવાઈએ છીએ પણ અસલમાં ઈસ્લામના હુકમોથી દૂર છીએ, અને અલ્લાહ વ રસૂલના ફર્માનો વિરુદ્ધ ચાલીએ છીએ, જેથી નિષ્ફળતા તથા નિરાશાઓ આપણુ મુક઼દર બની ચૂકી છે. આપણે ખુદ આપણા દિલને પૂછીએ કે હું તથા મારાં ઘરવાળાં તથા ઔલાદ શું ઈસ્લામ પર ચાલે છે ખરી ? જો જવાબ "ના"માં હોય તો આજથી જ પોતાની તથા સર્વની સુધારણાની કોશિશ કરો.

આ શબે મેઅરાજનો એ જ સંદેશ દરેક માનવીના માટે છે કે ઈમાન પર રહે, ખુદાથી ડરે, નેક અમલો કરે તો દુનિયામાં પણ ઈજ્જત તથા કામયાબી પામશે અને આખેરતમાં સર્વ અઝાબોથી બચીને જન્નત પામશે, અને જો દુનિયાની રંગરેલીઓમાં રહી ઈમાનની પરવા ન કરે, ખુદાથી ન ડરે અને બુરાં કામો કર્યા કરે તો દુનિયા ઉપરાંત ક઼બ્રના, આલમે બરઝખના, ક઼યામતના અને છેવટે હમેશાંની જહન્નમના અઝાબો વેઠવા તૈયાર રહે. રબ્બે કરીમ તેના હબીબે પાક صَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَ ના સદક઼ામાં આપણને સૌને જન્નતીઓની રાહ અપનાવવાની તૌફીક઼ આપે અને જહન્નમીઓ જેવાં કારનામાં કરવાથી બચાવે. (આમીન).



# કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન


:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ


**સૂરએ બક્રહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.**

لَيۡسَ
عَلَيۡكَ هُدٰىهُمۡ وَلٰكِنَّ اللّٰهَ يَهۡدِىۡ مَنۡ يَّشَآءُ ؕ
وَمَا تُنۡفِقُوۡا مِنۡ خَيۡرٍ فَلِاَنۡفُسِكُمۡ ؕ وَمَا تُنۡفِقُوۡنَ
اِلَّا ابۡتِغَآءَ وَجۡهِ اللّٰهِ ؕ وَمَا تُنۡفِقُوۡا مِنۡ خَيۡرٍ
يُّوَفَّ اِلَيۡكُمۡ وَاَنۡتُمۡ لَا تُظۡلَمُوۡنَ ﴿۲۷۲﴾ لِلۡفُقَرَآءِ
الَّذِيۡنَ اُحۡصِرُوۡا فِىۡ سَبِيۡلِ اللّٰهِ لَا يَسۡتَطِيۡعُوۡنَ
ضَرۡبًا فِى الۡاَرۡضِ يَحۡسَبُهُمُ الۡجَاهِلُ اَغۡنِيَآءَ مِنَ
التَّعَفُّفِۚ تَعۡرِفُهُمۡ بِسِيۡمٰهُمۡۚ لَا يَسۡـَٔلُوۡنَ النَّاسَ
اِلۡحَافًا ؕ وَمَا تُنۡفِقُوۡا مِنۡ خَيۡرٍ فَاِنَّ اللّٰهَ بِهٖ عَلِيۡمٌ ﴿۲۷۳﴾
اَلَّذِيۡنَ يُنۡفِقُوۡنَ اَمۡوَالَهُمۡ بِالَّيۡلِ وَالنَّهَارِ سِرًّا
وَّعَلَانِيَةً فَلَهُمۡ اَجۡرُهُمۡ عِنۡدَ رَبِّهِمۡۚ وَلَا خَوۡفٌ
عَلَيۡهِمۡ وَلَا هُمۡ يَحۡزَنُوۡنَ ﴿۲۷۴﴾ اَلَّذِيۡنَ يَاۡكُلُوۡنَ
الرِّبٰوا لَا يَقُوۡمُوۡنَ اِلَّا كَمَا يَقُوۡمُ الَّذِىۡ يَتَخَبَّطُهُ
الشَّيۡطٰنُ مِنَ الۡمَسِّ ؕ ذٰلِكَ بِاَنَّهُمۡ قَالُوۡۤا اِنَّمَا
الۡبَيۡعُ مِثۡلُ الرِّبٰوا ۘ وَاَحَلَّ اللّٰهُ الۡبَيۡعَ وَحَرَّمَ الرِّبٰوا ؕ
فَمَنۡ جَآءَهٗ مَوۡعِظَةٌ مِّنۡ رَّبِّهٖ فَانۡتَهٰى فَلَهٗ مَا

## સૂરએ બક્રહની તફસીર

તેઓને માર્ગ આપવો તમારા માટે જરૂરી નથી[૬૫] હા ! અલ્લાહ જેને ઈચ્છે તેને માર્ગ આપે છે, અને જો તમે ઉત્તમ વસ્તુ આપો તો તમારું જ ભલું છે[૬૬] અને તમારા માટે ખર્ચ કરવું યોગ્ય નથી પણ અલ્લાહની મરજી મેળવવા માટે જ (ખર્ચ કરે તો યોગ્ય છે), અને જે માલ આપો તમને પૂરો મળશે અને (તમને) નુકસાન કરવામાં નહીં આવે (૨૭૨) તે ફકીરો માટે જે અલ્લાહના માર્ગમાં રોકી રાખવામાં આવ્યા[૬૭] જમીનમાં ચાલી શકતા નથી[૬૮], નાદાન તેઓને તવંગર સમજ્યા (તેમના માગવાથી) બચવાના કારણે[૬૯], તું તેઓને તેમની શિકલ પરથી ઓળખી લઈશ[૭૦] લોકો પાસે સવાલ નથી કરતા કે કરગરવું પડે, અને તમે જે ખૈરાત કરો અલ્લાહ તેને જાણે છે (૨૭૩) તેઓ જે પોતાનો માલ ખૈરાત કરે છે રાત્રે અને દિવસે, છુપી રીતે અને જાહેરમાં[૭૧]. તેઓ માટે પોતાનો બદલો છે પોતાના રબ પાસે, તેઓને ન કોઈ ચિંતા ન કોઈ ફિકર. (૨૭૪) તેઓ જે **વ્યાજ** ખાય છે[૭૨] કયામતના દિવસે ઉભા નહીં રહે પણ તેના જેમ ઉભા રહેશે જેને ભૂત પ્રેતે પકડીને ગાંડો બનાવી દીધો હોય[૭૩] આ એટલા માટે કે તેઓએ કહ્યું, વેપાર પણ તો વ્યાજની જેમ

سَلَفَ ؕ وَ اَمْرُهٗۤ اِلَى اللّٰهِ ؕ وَ مَنْ عَادَ فَاُولٰٓئِكَ
اَصْحٰبُ النَّارِ ۚ هُمْ فِيْهَا خٰلِدُوْنَ ﴿۲۷۵﴾ يَمْحَقُ اللّٰهُ الرِّبٰوا
وَ يُرْبِى الصَّدَقٰتِ ؕ وَ اللّٰهُ لَا يُحِبُّ كُلَّ كَفَّارٍ اَثِيْمٍ ﴿۲۷۶﴾
اِنَّ الَّذِيْنَ اٰمَنُوْا وَ عَمِلُوا الصّٰلِحٰتِ وَ اَقَامُوا الصَّلٰوةَ
وَ اٰتَوُا الزَّكٰوةَ لَهُمْ اَجْرُهُمْ عِنْدَ رَبِّهِمْ ۚ وَ لَا خَوْفٌ
عَلَيْهِمْ وَ لَا هُمْ يَحْزَنُوْنَ ﴿۲۷۷﴾ يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا
اتَّقُوا اللّٰهَ وَ ذَرُوْا مَا بَقِيَ مِنَ الرِّبٰۤوا اِنْ كُنْتُمْ
مُّؤْمِنِيْنَ ﴿۲۷۸﴾ فَاِنْ لَّمْ تَفْعَلُوْا فَاْذَنُوْا بِحَرْبٍ مِّنَ
اللّٰهِ وَ رَسُوْلِهٖ ۚ وَ اِنْ تُبْتُمْ فَلَكُمْ رُءُوْسُ اَمْوَالِكُمْ ۚ
لَا تَظْلِمُوْنَ وَ لَا تُظْلَمُوْنَ ﴿۲۷۹﴾

*જ છે. અને અલ્લાહે હલાલ કર્યો વેપાર અને હરામ કર્યું વ્યાજ, તો જેને પોતાના રબ પાસેથી નસીહત મળી અને તે રોકાયો તો તેને હલાલ છે જે પહેલાં લઈ ચૂક્યો[૭૪] અને તેનું કામ અલ્લાહના હવાલે છે[૭૫] અને જે હવે આવું કામ કરશે તે દોઝખી છે, તેઓ એમાં કેટલીએ મુદ્દત રહેશે[૭૬] અલ્લાહ વ્યાજને નાશ કરે છે[૭૭] અને ખૈરાતને વૃદ્ધિ આપે છે[૭૮] અને અલ્લાહને પસંદ નથી પડતો કોઈ આભાર ન માનનાર મોટો ગુનેહગાર (૨૭૬) બેશક ! તેઓ જે ઈમાન લાવ્યા અને સદકર્મો કર્યા અને નમાઝ કાયમ કરી અને ઝકાત આપી તેઓનો બદલો એમના પરવરદિગાર પાસે છે, અને ન તેઓને કંઈ ચિંતા હશે ન ફિકર (૨૭૭) હે ઈમાનવાળાઓ ! જો મુસલમાન હોઉ તો અલ્લાહથી ડરો અને બાકી પડતું વ્યાજ છોડી આપો[૭૯] (૨૭૮) પછી જો આવું ન કરો તો અલ્લાહ અને અલ્લાહના રસૂલ સાથે લડાઈનું યકીન કરી લો[૮૦] અને જો તમે તવબહ કરો તો પોતાની મૂડી લઈ લો, ન તમે કોઈને નુકસાન પહોંચાડો[૮૧] ન તમને નુકશાન થાય[૮૨] (૨૭૯)*

**સમજૂતી : ૬૫.** આપને ખુશખબર આપનાર તેમજ ડરાવનાર અને અલ્લાહના માર્ગ તરફ બોલાવનાર બનાવીને મોકલવામાં આવ્યા છે. એમને ઈસ્લામનું આમંત્રણ આપવાથી આપનો ફર્ઝ પૂરો થઈ જાય છે, એનાથી વધારે પ્રયત્ન આપના માટે જરૂરી નથી.

**શાને નુઝૂલ :** ઈસ્લામ પહેલાં યહૂદીઓ સાથે મુસલમાનોના સગાઈ સંબંધો હતા જેથી તેઓ યહૂદીઓ સાથે સદવર્તન કરતા રહ્યા હતા. ઈસ્લામ પછી મુસલમાનોને યહૂદીઓ સાથે આપવા લેવાનો સંબંધ અયોગ્ય લાગ્યો અને તેઓને જે કંઈ આપતા હતા તે એટલા ખાતર બંધ કર્યું કે એનાથી યહૂદીઓ ઈસ્લામ તરફ આકર્ષાય, ત્યારે આ આયત ઉતરી.

**૬૬.** માટે બીજાને તમારો ઉપકાર કહી ન સંભળાવો.

**૬૭.** એટલે કે وَمَا تُنْفِقُوْا مِنْ خَيْرٍ વાળી આયતમાં જે સદકા ખૈરાતનું બયાન છે તેના બેહતરીન હકદાર તે ગરીબો છે જેઓએ પોતાની જાતને જેહાદ અને અલ્લાહની તાબેદારી માટે રોકી રાખી છે.

**શાને નુઝૂલ :** આ આયત 'એહલે સુફફા' માટે ઉતરી. એ લોકો લગભગ ૪૦૦ની સંખ્યામાં હતા, એ લોકો હિજરત કરીને મદીના શરીફ પધાર્યા હતા, અહીં એ લોકોનાં ન તો ઘરબાર હતાં, ન કુટુંબ

કબીલા, અને ન તો એ લોકોએ શાદી કરી હતી, આ લોકોનો બધો સમય ઈબાદતમાં પસાર થતો હતો. રાત્રે કુર્આન મજીદ શીખવું અને દિવસમાં જેહાદના કાર્યમાં પરોવાએલા રહેવું. આયતમાં એમના અમુક ગુણોનું બયાન આવે છે.

**૬૮** : કારણ કે તેઓને દીની કાર્યોમાંથી એટલી ફુરસદ નથી મળતી કે હરી ફરીને રોજી રળી શકે,

**૬૯.** એટલે કે તેઓ કોઈની પાસે સવાલ કરતા નથી એટલે અજાણ્યા લોકો તેને માલદાર સમજી બેસે છે.

**૭૦.** કે સ્વભાવમાં નર્મી અને મોઢા પર અશક્તિ દેખાય આવે છે, અને દરેક હાલતમાં ખર્ચ કરતા રહે છે.

**૭૧.** એટલે કે અલ્લાહના માર્ગમાં ખર્ચ કરવાનો ઘણો જ શોખ ધરાવે છે, અને દરેક હાલતમાં ખર્ચ કરતા રહે છે.

**શાને નુઝૂલ** : આ આયત હઝરત અબૂ બક્ર સિદ્દીક़ رضی اللہ عنہ વિશે ઉતરી, જ્યારે કે આપે અલ્લાહના માર્ગમાં ચાલીસ હજાર દીનાર ખર્ચી કાઢયા હતા, દસ હજાર રાત્રે, દસ હજાર દિવસે, દસ હજાર છુપી રીતે અને દસ હજાર જાહેરમાં.

એક મંતવ્ય એવું છે કે આ આયત હઝરત અલી رضی اللہ عنہ વિશે ઉતરી, જ્યારે કે આપની પાસે માત્ર ચાર દિરહમ હતા, બીજુ કશું ન હતું, અને આપે એ ચારેવ ખૈરાત કરી દીધા, એક રાત્રે એક દિવસે એક છુપી રીતે અને એક જાહેરમાં.

**ફાયદો** : આયતમાં રાત્રીની ખૈરાતને દિવસની ખૈરાત કરતાં અને છુપી રીતે આપવાને જાહેર રીતે આપવા કરતાં પહેલાં બયાન કર્યું છે. એનાથી ફલિત થાય છે કે છુપી રીતે આપવું જાહેરમાં કરતાં બેહતર છે.

**૭૨.** આ આયતમાં વ્યાજ હરામ હોવાનું અને વ્યાજખાઉંની કમ્બખ્તીનું બયાન છે. વ્યાજને હરામ કરવામાં ઘણા રહસ્યો છે, એનું ટૂંકુ બયાન આ મુજબ છે કે વ્યાજમાં જે (મુદ્દલ રકમ ઉપરાંત) વધારાની અમુક રકમ લેવાય છે તે, કોઈ પણ વસ્તુનો બદલો (હક઼) ન હોવાથી એ ચોખ્ખો અન્યાય છે. બીજુ એ કે વ્યાજનો રિવાજ વેપાર ધંધા માટે નુકસાનકારક છે. કારણ કે વ્યાજખાઉં જાણે છે બીજા વેપારની મુસીબત અને મેહનતમાં પડવા કરતાં આ ઘણુ સરળ છે, અને આ રીતે એ બીજી વસ્તુઓનો વેપાર કરતાં ખચકાય છે, જે સમાજ માટે મોટી મુસીબત ઉભી કરે છે. ત્રીજુ વ્યાજનો રિવાજ અંદરોઅંદરની મહોબ્બતને હાનિ પહોંચાડે છે, કારણ કે જ્યારે માણસને વ્યાજ લેવાની ટેવ પડી જાય છે ત્યારે તે વ્યાજ વગરનું કરજ આપતો નથી. ચોથુ **વ્યાજ ખાવાથી માણસના સ્વભાવમાં માનવભક્ષી પ્રાણીઓ કરતાં પણ વધારે નિર્દયતા વસી જાય છે**, કારણ કે વ્યાજખાઉ પોતાના કરજદારની બરબાદી ઈચ્છતો હોય છે. આના સિવાય પણ વ્યાજમાં બીજાં મોટાં નુકસાનો છે, શરીઅતની મનાઈ ખાસ ઈચ્છનીય અને વ્યાજબી છે. મુસ્લિમ શરીફની હદીષમાં છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ વ્યાજખાઉં, તેના મદદગારો અને વ્યાજનું લખાણ લખનાર તેમજ તેના સાક્ષીઓ પર **લઅનત** કરી છે અને ફર્માવ્યું કે આ બધા જ **ગુનાહમાં સરખા** જ છે.

**૭૩.** અર્થ એ છે કે જે રીતે ભૂત પ્રેતની અસરવાળો સીધો ઉભો રહી શકતો નથી અને પડતો ગબડતો ચાલે છે. ક઼યામતના દિવસે વ્યાજખાઉંની હાલત એવી જ થશે કે વ્યાજના કારણે તેનું પેટ ઘણુ ભારે અને મોટુ થઈ જશે, તે એના વજનથી થોડી થોડીવારે ગબડી પડશે. હઝરત જુબેર رضی اللہ عنہ એ ફર્માવ્યું, આ નિશાની તે વ્યાજખાઉંની છે જે વ્યાજને હલાલ સમજતો હશે.

વધુ પેજ નં. 32 પર

## દર્સે હદીષે પાક એટલે

## મિર્અતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

**કાર્યાલય**

**હદીષ :** *હઝરત હમ્ના બિન્તે જહશ[૧] رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે મને ઘણો જ સખત ઈસ્તેહાઝા આવતો હતો[૨] હું નબી ﷺની ખિદમતમાં મસ્અલો પૂછવા અને આ ખબર આપવા હાજર થઈ. મેં હુઝૂરને મારી બહેન ઝીનત બિન્તે જહશના ઘરે પામ્યા[3]. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મને ખૂબ જ સખત ઈસ્તેહાઝા આવે છે, આપ એના બારામાં મને શું હુકમ આપો છો, મને તો એણે રોજ નમાઝથી રોકી દીધી છે[૪]. ફર્માવ્યું, હું તમારા માટે ગાદી તજવીઝ કરું છું જે લોહી ચૂંસી લેશે. અર્ઝ કરી, એ તો એના કરતાં વધુ છે ! ફર્માવ્યું, તો લંગોટ બાંધો[૫]. અર્ઝ કરી, એ એના કરતાં પણ વધારે છે ! ફર્માવ્યું, તો કપડુ રાખી લો[૬]. અર્ઝ કરી, એ લોહી એના કરતાં પણ વધારે છે, હું તો નાખુ વહાવું છું[૭] ત્યારે નબી ﷺએ ફર્માવ્યું, હું તમને બે વાતોનો હુકમ આપુ છું, એમાં જે કરી લેશો તે બીજાથી કિફાયત કરશે. જો બંનેવ કરી શકો તો તમે જાણો[૮]. ફર્માવ્યું, આ બીમારી શૈતાની હરકતોમાંથી એક હરકત છે[૯]. તમે છ કે સાત દિવસ હૈઝના ગણો રબના ઈલ્મમાં[૧૦] પછી નહાય લીધા કરો. પછી જ્યારે એવું સમજો કે તમે ખૂબ જ પાક અને સાફ થઈ ગયાં તો ત્રેવીસ કે ચોવીસ દિવસ રાત નમાઝ પઢો, રોઝા રાખો [૧૧] કે એ તમને પૂરતુ થશે. દર મહિને એવું કરી લીધા કરો. જેમ કે સામાન્યઃ સ્ત્રીઓ પોતાના હૈઝ તથા પાકીના સમયોમાં નાપાક તથા પાક રહે છે[૧૨]. અને જો તમે એના માટે શક્તિ ધરાવો છો કે ઝોહર તથા અસર જલ્દી પઢો તો એક ગુસ્લ કરો અને બે નમાઝો ભેગી કરી લો, તો એવું કરો. અને ફજરની સાથે ગુસ્લ કરો, તો એવું કરી લીધા કરો[૧૩]. અને રોઝા રાખો જો એના માટે શક્તિમાન હોવ. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે બંનેવ કામોમાં મને એ અધિક પસંદ છે[૧૪]. (અહમદ, અબૂ દાઊદ,તિર્મિઝી)*

**સમજૂતી :** **૧.** આપ હઝરત ઉમ્મુલ મો'મિનીન ઝયનબ બિન્તે જહશનાં બહેન અને હુઝૂર ﷺનાં સાળી છે. પ્રથમ હઝરત મુસ્અબ ઈબ્ને ઉઝૈરના નિકાહમાં હતાં. તેમની શહાદત બાદ તલ્હા ઈબ્ને અબ્દુલ્લાહના નિકાહમાં આવ્યાં. رضی اللہ عنہا

**૨.** એટલે કે મને ઈસ્તહાઝાનું લોહી ખૂબ આવતુ હતું અને ઘણા અરસા સુધી રહ્યું, ''કષીરા'' અને ''શદીદા''માં એ બંનેના તરફ નિર્દેશ છે. અને ઈસ્તેહાઝાને મજાઝન હૈઝ બોલવામાં આવ્યું.

**૩.** એટલે કે એ દિવસે હુઝૂર ﷺના રોકાણની વારી મારી બહેન ઝયનબ બિન્તે જહશના ઘરે હતી, એનાથી મને પૂછવામાં અધિક સરળતા થઈ ગઈ.

**૪.** કેમ કે હઝરત હમ્ના સમજ્યાં હતાં કે હૈઝની જેમ ઈસ્તેહાઝામાં પણ નમાઝ રોઝા મના છે. આ રજૂઆત પોતાના ઈલ્મના મુજબ છે.

**૫.** એટલા માટે કે ગાદી વગેરેનો મશ્વરો એટલા માટે છે કે લોહી કપડાંને ન લાગે અને કપડાં ખરાબ ન થાય, જેથી આ સલાહ છે, હુકમ નથી.

**૬.** એ રીતે કરો કે નીચે ગાદી રાખો જે ગુપ્તાંગથી લાગીને હોય, એના પર કપડાનો લંગોટ કસીને

બાંધેલો હોય કે લોહી ન ટપકે.

**૭.** એ રીતે કે નીચે રૂની ગાદી હોય અને ઉપર લંગોટ અને લંગોટ પર ત્રીજુ કપડુ જે લોહી ચૂંસવામાં મદદ આપે.

**૮.** ثَجَّ વહેનારી વર્ષાને કહે છે. રબ ફર્માવે છે : مَآءً ثَجَّاجًا *(સૂ. નબા, પા. ૩૦, આ. ૧૪)* એટલે મને લોહી એવું આવે છે જાણે વહેતા વરસાદનું પાણી જે કોઈ તદબીરથી નથી રોકાતુ ન કોઈ ચીજમાં શોષાય છે.

**૯.** એટલે કે જો અમારાં દર્શાવેલાં બંનેવ કામ કરી લો તો બેહતર, નહીં તો એક જ અમલ પૂરતો છે. એટલે કે એક પર અમલ રુખસત છે, બંને પર અમલ અઝીમત.

**૧૦.** એટલે કે આ લોહીની અધિકતા શૈતાનની અસરોથી છે કે તેણે તારા ગર્ભની રગમાં આંગળી મારી જેનાથી આ બીમારી પેદા થઈ ગઈ. જાણવા મળ્યું કે જેવી રીતે ઈન્સાનના મારથી બીમારીઓ પેદા થઈ જાય છે, માથાં ફાટી જાય છે. એવી જ રીતે શૈતાનની અસરથી અમુક બીમારીઓ પેદા થઈ જાય છે. કુર્આને કરીમમાં છે : يَتَخَبَّطُهُ الشَّيْطٰنُ مِنَ الْمَسِّ જાણવા મળ્યું કે શૈતાન માણસને અડીને દીવાનો કરી આપે છે. ફર્માવે છે : وَمَآ اَنْسَانِيْهُ اِلَّا الشَّيْطٰنُ જાણવા મળ્યું કે શૈતાનની અસરથી ભૂલી જવાની બીમારી પેદા થઈ જાય છે. અથવા મતલબ એ છે કે એ વહેમ કે મારા પર નમાઝ ફર્ઝ ન રહી, અથવા ઈસ્તેહાઝા નમાઝથી રોકે છે, એ શૈતાનની તરફથી છે અથવા હૈઝ તથા નિફાસનું ભેળસેળ થઈ જવું, એમાં ફરક ન કરી શકવું એ શૈતાનની તરફથી છે.

**૧૧.** ઈલ્મુલ્લાહથી મુરાદ અલ્લાહનો હુકમ છે. એટલે કે એ બીમારીથી પહેલાં તમારા વિશે જે અલ્લાહનો હુકમ હતો કે મહિનામાં આટલા દિવસ હૈઝ જેમાં નમાઝો માફ, આટલા દિવસોની પાકી જેમાં નમાઝ ફર્ઝ થાય. અથવા ઈલ્મુલ્લાહથી મુરાદ અલ્લાહનું બતાવવું છે. એટલે કે જે કાંઈ તમને આ બીમારીથી પહેલાં પોતાના હૈઝના દિવસો તથા પાકીના સમયના વિશે ઈલ્મ બખ્શયો હતો એનો લેહાઝ રાખો. એ જ હિસાબ હવે પણ થશે.

**૧૨.** એટલે કે જો તમને આ બીમારીથી પહેલાં મહિનામાં છ દિવસ હૈઝ આવતુ હતુ અને જે વીસ દિવસ પાકી રહેતી હતી, તો અત્યારે પણ એ જ હિસાબ રાખો. અને હૈઝના દિવસો પસાર થવા પર કેવળ એકવાર ગુસ્લ કરી દીધા કરો, બાકી દિવસોમાં દરેક નમાઝના સમયે વૂઝુ કરીને નમાઝ પઢતી રહો

**૧૩.** એટલે કે આ મસ્અલામાં ઈસ્તેહાઝાની બીમારીવાળીનો હાલ તંદુરસ્ત સ્ત્રીઓની જેમ જ રહેશે.

**૧૪.** આ અમલ ખૂબ જ પાકી તથા સફાઈનો ઝરીયો પણ છે, અને આ બીમારીનો ઈલાજ પણ. હુઝૂર ﷺ જાન તથા ઈમાનના હકીમ પણ છે અને શરીરોના હકીમ પણ છે. આ અમલનો ખુલાસો એ છે કે ઈસ્તેહાઝાવાળી સ્ત્રી દરરોજ ત્રણવાર ગુસ્લ કરે, એક તો ફજરની નમાઝના માટે, બીજુ ઝોહરના અંતિમ સમયે કે નહાતાં જ ઝોહર પઢતાં જ અસરનો સમય આવી જાય તેને પણ પઢે. ઝોહર અંતિમ સમયમાં અદા કરે અને અસર શરૂ સમયમાં. ત્રીજુ ગુસ્લ મગરિબના અંતિમ સમયે જે ગુસ્લથી મગરિબ તથા ઈશા બંનેવ અદા થઈ જાય, મગરિબ અંતિમ સમયમાં અને ઈશા શરૂ સમયમાં, જેવી રીતે મુસાફિર સફરની હાલતમાં નમાઝો ભેગી કરે છે. આ નમાઝોને ભેગી કરવું શરીઅતના હુકમમાં લાઝિમ નથી, જો સ્ત્રી પાંચેવ નમાઝના માટે પાંચ ગુસલ કરે તો ઘણુ જ સારુ. સારાંશ કે આ તો મશ્વરો છે, લાઝમી હુકમ નથી. ફકીરની (લેખકની) આ શરહ બફઝ્‌લિહી તઆલા આ હદીષને હલ કરી આપશે, અને હનફી મઝહબની વિરૂધ્ધ ન થશે. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ આ સ્ત્રીને એનો અધિકાર આપે છે. આ જ કૌલ હઝરત અલી ઈબ્ને મસ્ઊદ, ઈબ્ને ઝુબૈર તથા મોટાભાગના તાબઈનનો છે. رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَ.

# હદાઈકે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન કાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**વુસ્અતેં દી હૈં ખુદાને દામને મહબૂબ કો–જુર્મ ખુલતે જાએંગે ઔર વો છુપાતે જાએંગે**

*(વુસ્અતેં = વિશાળતા)*

**અર્થાત :** સરકારે મદીના ﷺના દામને કરમને અલ્લાહે એટલો વિશાળ કરી આપ્યો છે કે આપણા જેટલા પણ જુર્મો મેહશરના મેદાનમાં રજૂ થશે સર્વ આ રહમતના દામનમાં છુપાય જશે. અને...

*ઢુંઢા હી કરેં સદ્રે કયામતકે સિપાહી – વો કિસકો મિલે જો તેરે દામનમેં છુપા હો*

**લો વો આયે મુસ્કુરાતે હમ અસીરોંકી તરફ–ખિર્મને ઈસ્યાંપે અબ બિજલી ગિરાતે જાએંગે**

*(અસીરોં = કેદીઓ, ખિર્મને ઈસ્યાં = ગુનાહોનો ઢગલો)*

**અર્થાત :** ભાઈઓ ! એક જરૂરી એલાન સાંભળો ! ધ્યાન કરો ! હે મેહશરવાળાઓ ! સર્વ ઉભા થઈ જાવ અને દુરૂદો સલામનાં નઝરાણાં પેશ કરવાનું શરૂ કરી દો. એ જુઓ ! મારા આકાની સવારી આવી ગઈ છે અને હુઝૂર ﷺ પોતાના ગુનેહગાર ઉમ્મતીઓની તરફ જોઈને મુસ્કુરાઈ રહ્યા છે. અને હા ! તમને તમારા ગુનાહોના ઢગલા નજર આવી રહ્યા છે એટલે પરેશાન છો ! તો પછી ખુશ થઈ જાવ ! જુઓ, મારા આકા કેવી રીતે તમારા ગુનાહો પર પોતાના જમાલની વીજળીઓ ફેંકીને તેમને સળગાવીને રાખ કરી રહ્યા છે.

*દોઝખમેં મૈં તો કયા, મેરા સાયા ન જાએગા – ક્યું કે રસૂલે પાક ﷺસે દેખા ન જાએગા*

**આંખ ખોલો ગમઝદો દેખો વો ગિર્યાં આયે હૈં–લોહ દિલસે નક્શ ગમકે અબ મિટાતે જાએંગે**

*(ગિર્યાં = રડતા રડતા, લોહ દિલ = દિલની સ્લેટ)*

**અર્થાત :** હે મુજરિમો ! હોશમાં આવો ! જુઓ ! તમારા આકા ﷺ અલ્લાહની બારગાહમાં રડી રડીને તમારા ગુનાહોનાં નિશાન સુધ્ધાં તમારા દિલની તખ્તીથી મિટાવી રહ્યા છે.

**સોખ્તા જાનોં પે વો પુરજોશ રહમત આયે હૈં–આબે કૌષર સે લગી દિલકી બુઝાતે જાએંગે**

*(સોખ્તા = સળગેલ)*

**અર્થાત :** હે ગુનેહગારો ! તમારાં દિલોને જો ગુનાહોની આગે જલાવી રાખેલ છે, તો જોતા નથી કે તમારા આકા ﷺની રહમતનો દરિયો પણ જોશમાં આવેલો છે ?! તે હૌઝે કૌષરના છાંટાઓ વડે તમારાં દિલોમાં લાગેલી આગ બુઝાવી આપે. (અને ફાયર બ્રિગેડ જેમ સમય પસાર કરીને નહીં, બલ્કે પળવારમાં !)

*દિખાઈ જાએગી મેહશરમેં શાને મહ઼બૂબી – કે આપ હી કી ખુશી આપકા કહા હોગા*

*ખુદાએ પાક કી ચાહેંગે અગલે પિછલે ખુશી – ખુદાએ પાક ખુશી ઉન્કી ચાહતા હોગા*

**આફતાબ ઉન્કા હી ચમકેગા જબ ઔરોંકે ચિરાગ–સ઼રસ઼રે જોશે બલાસે ઝિલ મિલાતે જાએંગે**

*(સરસર = આંધી, ઝિલમિલાવું = થોડી રોશની આવવું)*

**અર્થાત :** અન્ય અંબિયાએ કિરામના ચિરાગોની પણ રોશની હશે, પણ મેહશરની તોફાની પીડાઓ તથા મુસીબતોની આંધીઓના કારણે ચમકતા સળગતા બુઝાતા હશે. (ત્યારે જ તો દરેક નબી ફર્માવશે : **اذهبوا الی غیری** જાવ ! કોઈ અન્યની તરફ !) પરંતું આપણા આક઼ા ﷺનો સૂરજ તે સમયે જોબન પર હશે. (અને ફર્માવી રહ્યા હશે : **انا لها انا لها** "લઈ આવો ! કોઈ અન્ય પણ જો છે, હું તેની શફાઅત કરીશ.)

**પાએ કૂબાં પુલસે ગુઝરેંગે તેરી આવાઝ પર–રબ્બિ સલ્લિમ કી સદા પર વજ્દ લાતે જાએંગે**

**અર્થાત :** હે મારા પ્યારા આક઼ા ! ﷺ જ્યારે તમારી શફાઅત ક઼બૂલ થઈ જશે તો પછી આપના ગુનેહગાર ઉમ્મતી (જે હવે ગુનેહગાર નથી રહ્યા !) પુલસિરાત પર જોર જોરથી પગો મારતા (ટોક ટોક કરતા) પસાર થઈ જશે, અને વજ્દ તથા મસ્તીમાં જહન્નમને કહેશે કે જન્નત જો કે દરેકને અલ્લાહે જ આપી છે, પરંતું ભાઈ ! અમને મુસ્તફા ﷺએ લઈને આપી છે ! (તેમના વસીલાથી જ મળી છે !) આપણા આક઼ા ﷺ તો "રબ્બિ સલ્લિમ" કહી રહ્યા હશે, અને ઉમ્મતી "મુસ્તફા જાને રહમતપેં લાખોં સલામ" તથા "યા નબી સલામ અલૈક" વગેરે પઢતા હશે, અને જહન્નમ પોકારી રહી હશે કે જલ્દી પસાર થઈ જાવ ! તમે તો મને પણ ઠંડી કરી દીધી છે ! અને જહન્નમનો દરવાન કહેશે, હે મુહમ્મદ ! ﷺ આપે તો પોતાની ઉમ્મતમાંથી જહન્નમના માટે કાંઈ છોડયું જ નથી ! *(કમાફિલ્હદીષ)*

*યહ ઈકરામ હૈ મુસ્તફા પર ખુદાકા – કે સબ કુછ ખુદાકા હુવા મુસ્તફા કા ﷺ*

**સરવરે દીં લીજિયે અપને ના તવાનોંકી ખબર–નફસો શૈતાન સયદા કબ તક દબાતે જાએંગે**

**અર્થાત :** હે મહબૂબે ખુદા ! ﷺ મહેરબાની કરો અને અમને નફસ તથા શૈતાનની બુરાઈથી બચાવી લો ! આપના કમજોર ઉમ્મતીઓને છેવટે આ જાલિમ ક્યાં સુધી પોતાના તાબેદાર બનાવીને એમના પર હુકમ ચલાવતા રહેશે ?! નફસ તથા શૈતાનની શરારતોથી બચવાનો એક જ તરીક઼ો છે કે કોઈ કામિલ વલીના હાથમાં હાથ આપવામાં આવે. કેમ કે **الا عبادك منهم المخلصين**ના પ્રમાણે એમના પર શૈતાનનો વશ નથી ચાલી શકતો, તો એની બરકતથી એમની સાથે રહેવાવાળા પણ શૈતાનની બુરાઈથી મેહફૂઝ થઈ જશે. જેમ કે કોઈ ખાસ હસ્તીના માટે પંખો ચલાવવામાં આવે તો સાથેવાળાઓને પણ હવા પહોંચી જાય છે, એ જ પ્રમાણે જો કોઈ નફસ તથા શૈતાનની બુરાઈથી મેહફૂઝ હોય તો એની પાસે બેસવાવાળાઓ પર પણ તે જાલિમોનો દાવ નહીં ચાલી શકે.

**હશ્ર તક ડાલેંગે હમ પૈદાઈશે મૌલાકી ધૂમ–મિષ્લે ફારસ નજદ કે ક઼ીલ્એ઼ ગિરાતે જાએંગે**

**અર્થાત :** અમે અમારા આક઼ા તથા મૌલા, મહબૂબે ખુદા ﷺના મીલાદે પાકનો ચર્ચો કરતા રહીશું અને આ ક્રમ ક઼યામત સુધી ચાલુ રહેશે. જો નજદી એને પસંદ નથી કરતો તો જાય જહન્નમમાં ! જેમ કે વધુ પેજ નં. 19 પર




❑ લેખક ❑
મૌલાના અખ્તરહુસૈન ફૈઝી મિસ્બાહી
❑ અનુવાદક ❑
હાફિઝ અબ્દુર્રહમાન દાઊદ નક્શબંદી પારખેતી
*(મુતઅલ્લિમ : જામિઆ અશ્રફિયા–મુબારકપુર)*

**(પ્રકરણ : ૧૦)**

## હિરા અને વહી

નબીએ અકરમ ﷺનું જ્યારે ચાલીસમું વર્ષ શરૂ થયું તો એકદમ આપની હાલત બદલાઈ ગઈ. આપ એકાંતમાં રહેવા લાગ્યા. વધુ પડતો સમય ઈબાદતમાં ગુજારતા. અરબના બગડેલા માહોલ વિશે વિચાર તથા ફિક્ર કરતા અને તેને સુધારવાનો ઉપાય વિચારતા રહેતા. આપ જ્યાં ઈબાદત કરતા તે જગ્યાને "ગારે હિરા" કહે છે. મક્કાથી મિનાની તરફ લગભગ ત્રણ માઈલની દૂરી પર એક પહાડ છે જેને "જબલે નૂર" કહેવામાં આવે છે. તે પહાડમાં એક બખોલ છે જેનું નામ "હિરા" છે. અહીંયાં જ સરકારે મદીના ﷺ પર પહેલી વહી નાઝિલ થઈ. વહી તે કલામને કહે છે જે કોઈ નબી પર અલ્લાહ તઆલાની તરફથી નાઝિલ થાય.

હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ પર વહીની શરૂઆત સારા ખ્વાબોથી થઈ. જે પણ ખ્વાબ આપ જોતા તેની તાબીર ચમકતા સૂરજની જેમ જાહેર થઈ જતી. પછી અલ્લાહ તઆલાએ આપના દિલમાં એકલતાથી મહોબ્બત પેદા કરી દીધી અને આપ ગારે હિરામાં વધુ સમય એકલા રહેવા લાગ્યા, ત્યાં વધુ સમય ઈબાદતમાં લાગેલા રહેતા, ખાવા પીવાનો સામાન સાથે લઈ જતા. જ્યારે સામાન પૂરો થઈ જતો તો ઘરે આવતા અને ફરી સામાન લઈ જતા. ક્યારેક આપનાં નેક પત્ની ખદીજતુલ કુબ્રા જાતે ખાવા પહોંચાડી દેતાં. એક દિવસ આપ તે જ ગારમાં હતા કે હઝરત જિબ્રઈલે અમીન علیہ السلام હાજર થયા અને હુઝૂર ﷺથી અર્ઝ કરી, "પળ્હો"! નબીએ અકરમ ﷺએ ફર્માવ્યું, "હું નહીં પઢું !" જિબ્રઈલે અમીન علیہ السلامએ આપને શરીરથી લગાડી તાકત પ્રમાણે દબાવ્યા અને અર્ઝ કરી, પળ્હો ! આપે આ વખતે પણ ફર્માવ્યું કે, "હું નહીં પઢું !" આ સાંભળી હઝરત જિબ્રઈલ અમીન علیہ السلامએ ફરીથી શરીર સાથે લગાડી તાકત પ્રમાણે દબાવ્યા અને જુદા કર્યા બાદ અઝ કરી, "પળ્હો !" આપે કહ્યું, "હું નહીં પઢું !"

ત્યાર બાદ હઝરત જિબ્રઈલે અમીન علیہ السلامએ સીનાથી લગાડી ફરીથી તાકત પ્રમાણે દબાવ્યા અને અલગ કરી કહ્યું :–

اِقْرَاْ بِاسْمِ رَبِّكَ الَّذِیْ خَلَقَۚ خَلَقَ الْاِنْسَانَ مِنْ عَلَقٍۚ اِقْرَاْ وَ رَبُّكَ الْاَكْرَمُۙ الَّذِیْ عَلَّمَ بِالْقَلَمِۙ عَلَّمَ الْاِنْسَانَ مَا لَمْ یَعْلَمْؕ

**(તર્જુમો)** : "પઢો પોતાના રબના નામથી જેણે પેદા કર્યા, માણસને લોહીની ફટકથી બનાવ્યો. પઢો, અને તમારો રબ જ બધાથી મોટો કરીમ, જેણે કલમથી લખતાં શિખવ્યું, આદમીને શિખવ્યું જે જાણતો ન હતો." *(સૂરએ અલક, આ. ૧ થી ૫)*

હવે હુઝૂર ﷺએ પઢયું, ત્યાર પછી હઝરત

જિબ્રઈલ અમીન علیہ السلام પાછા ફરી ગયા. આ બનાવ સોમવારના દિવસે ૧૭ રમઝાનુલ મુબારકે બન્યો. તે વખતે આપની ઉમર ૪૦ વર્ષની થઈ હતી.

આ આયતોને યાદ કરીને આપ ઘરે તશરીફ લાવ્યા. આ બનાવના લીધે આપ ધ્રુજી રહ્યા હતા. આપે સૈયદા ખદીજા رضی اللہ عنہاથી કહ્યું, મને કંબલ ઓઢાડો ! મને કંબલ ઓઢાડો ! આપને કંબલ ઓઢાડી દેવામાં આવ્યો. જ્યારે કાંઈક રાહત થઈ તો આપે ગારમાં બનેલો બનાવ હઝરત ખદીજા رضی اللہ عنہاને કહ્યો અને કહ્યું કે મને મારા જીવનો ડર છે. હઝરત બીબી ખદીજાએ કહ્યું, હરગિઝ નહીં ! ખુદાની ક઼સમ ! અલ્લાહ આપને રૂસ્વા નહીં કરે. આપ સગા સંબંધીઓ સાથે સારો વર્તાવ કરો છો, બેસહારાઓને સહારો આપો છો, પોતાની કમાઈમાંથી મોહતાજોને આપો છો, મહેમાનોને ખાવા ખવડાવો છો અને લોકોની મુસીબતોમાં કામ આવો છો.

પછી તે આપને પોતાના પિત્રાઈ ભાઈ વર્ક઼ા બિન નવફીલ પાસે લઈ ગયાં. વર્ક઼ા તૌરાત અને ઈન્જીલના જબરદસ્ત આલિમ હતા, અને હવે તે વૃદ્ધ અને આંધળા થઈ ગયા હતા. બીબી ખદીજા رضی اللہ عنہاએ કહ્યું, ભાઈ જાન ! જરા પોતાના ભત્રીજાની વાત સાંભળો. વર્કાએ કહ્યું, હે ભત્રીજા ! સંભળાવો ! શું વાત છે ? રસૂલે કરીમ صلی اللہ علیہ وسلمએ ગારે હિરાનો પૂરો બનાવ કહી સંભળાવ્યો. વર્કાએ કહ્યું, અરે ! આ તો તે જ ફરિશ્તો છે જે હઝરત મૂસા علیہ السلام પાસે આવ્યા કરતો હતો. ત્યાર પછી કહ્યું કે, હે કાશ ! હું તે વખતે જીવતો રહેતો જ્યારે આપની ક઼ૌમ આપને મક્કાથી બહાર કાઢશે, તો હું તમારી ભરપુર મદદ કરતો. આ સાંભળી રસૂલે કરીમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, શું આવું પણ થશે ?! વર્ક઼ાએ કહ્યું કે, હા ! આ વર્તાવ ફક્ત તમારી સાથે જ નહીં બલ્કે દરેક નબી સાથે થયો છે કે લોકો તેમની સાથે દુશ્મની કરવા લાગ્યા.

***(પ્રકરણ : ૧૧)***

## ઈસ્લામની તબ્લીગ

પ્રથમ વહીના નાઝિલ થયા બાદ થોડા સમય માટે વહી રોકાઈ રહી. તે દરમિયાન રસૂલે કરીમ صلی اللہ علیہ وسلمનો શોખ અને ઈન્તેઝાર વધતો રહ્યો. ત્યાર બાદ આ આયતો નાઝિલ થઈ :–

يَاۤاَيُّهَا الْمُدَّثِّرُ ۝ قُمْ فَاَنْذِرْ ۝ وَ رَبَّكَ فَكَبِّرْ ۝ وَ ثِيَابَكَ فَطَهِّرْ ۝ وَالرُّجْزَ فَاهْجُرْ ۝

**(તર્જુમો)** :"અય કંબલ ઓઢવાવાળા ! ઊભા થઈ જાવ, પછી ડર સંભળાવો અને પોતાના રબની જ બડાઈ બોલો અને પોતાનાં કપડાં પાક રાખો, અને મૂર્તિઓથી દૂર રહો." *(સૂરએ મુદ્દષ્ષિર, પા : ૨૯, આ. ૧ થી ૫ )*

અરબ જો કે મૂર્તિપૂજાથી ઘેરાયેલા હતા એટલા માટે તેમની વચ્ચે ખુલ્લે આમ ઈસ્લામની તબ્લીગ કરવું બહુ મુશ્કેલ હતું. આ માહોલને જોતાં આક઼ાએ નામદાર صلی اللہ علیہ وسلمએ પહેલાં છુપી રીતે તબ્લીગ અને દા'વતનું કામ શરૂ કર્યું. આ દરમિયાન ઘણા લોકોએ ઈસ્લામ ક઼બૂલ કર્યો. મર્દોમાં સૌ પ્રથમ હઝરત અબૂબક્ર સિદીક઼ رضی اللہ عنہ ઈમાનની દૌલતથી માલામાલ થયા. ઔરતોમાં હઝરત ખદીજતુલ કુબ્રા رضی اللہ عنہا (રસૂલે કરીમ صلی اللہ علیہ وسلمનાં પત્ની), બાળકોમાં હઝરત અલી رضی اللہ عنہ અને ગુલામોમાં હઝરત હારિષા رضی اللہ عنہ ઈમાન લાવ્યા. એ જ વખતમાં હઝરત બિલાલ رضی اللہ عنہ અને હઝરત ઉમ્મે અયમન رضی اللہ عنہاએ પણ ઈસ્લામ ક઼બૂલ કર્યો. ધીરે ધીરે ઈસ્લામનો અવાજ લોકોના કાનોમાં પડવા લાગ્યો. જે લોકો અરબની જહાલત અને મૂર્તિપૂજાથી અલિપ્ત રહીને પહેલેથી જ દીને હક઼્ની શોધમાં

હતા તે લોકોએ આ હક્કની અવાજ પર તરત જ "લબ્બૈક" કહ્યું. અને જેમના દિલોમાં મૂર્તિઓની મહોબ્બત વસી ગઈ હતી તે આ વાતો તરફ બિલકુલ ધ્યાન ન આપતા.

છુપી રીતે તબ્લીગનો સિલસિલો બરાબર ત્રણ વર્ષ સુધી ચાલતો રહ્યો. લોકો ધીરે ધીરે ઈસ્લામના વર્તુળમાં દાખલ થવા લાગ્યા. આ રીતે મુસલમાનોની એક જમાઅત તૈયાર થઈ ગઈ. ત્યાર બાદ અલ્લાહ તઆલાએ પોતાના હબીબ ﷺને હુકમ આપ્યો કે જાહેરમાં અલ્લાહનું નામ બુલંદ કરો. ઈસ્લામની દા'વત આપો, મૂર્તિપૂજાથી રોકો, મુશ્રિકોનો જરા પણ ડર ન અનુભવો અને મારા બંદાઓને નસીહતની વાતો બતાવો.

મક્કાવાળાઓનો રિવાજ હતો કે જ્યારે કોઈ મહત્વપૂર્ણ કામ સંબંધે લોકોને ભેગા કરવા માટે "સફા" પહાડ પર ચઢીને પુકારતા હતા અને લોકો ભેગા થઈ જતા. આ જ રિવાજ પ્રમાણે સરવરે કાઈનાત ﷺએ પણ એક દિવસે સફા પહાડ પર ચઢી મક્કાવાળાઓને અવાજ આપ્યો તો લોકો ભેગા થઈ ગયા. આપે ફર્માવ્યું : હે લોકો ! જો હું એમ કહું કે આ પહાડની પાછળ એક જબરદસ્ત સેના છે જે તમારા પર હુમ્લો કરવા ઈચ્છે છે, તો શું તમે લોકો મારી વાત માની લેશો ?! બધાએ એક સાથે કહ્યું કે બેશક ! માની લઈશું. એટલા માટે કે અમારા સમક્ષ આપનું પૂરુ જીવન છે. અમે તમને ક્યારેય જૂઠુ બોલતા નથી જોયા. આપ યક઼ીનન ! "અમીન" અને "સાદિક઼" છો. જે કાંઈ કહેશો સાચુ અને બરાબર કહેશો. ત્યાર બાદ આપ علیہ الصلوٰۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો, હે લોકો ! હું સાચો નબી છું, મારા પર ઈમાન લાવો, અને જો તમે ઈમાન નહીં લાવો તો અલ્લાહના અઝાબથી બચી નથી શક્તા. આ વાત સાંભળી મક્કાના કાફિરો ગુસ્સે ભરાયા અને કહેવા લાગ્યા, તમે આટલા માટે જ અમને બોલાવ્યા છે ! જે લોકો એ આ પહેલાં આપને અમીન તથા સાદિક઼ કહ્યા કરતા હતા, હવે તે જ આપને પાગલ, જાદૂગર અને શાયર કહેવા લાગ્યા ! ત્યાં સુધી કે આપના કાકા અબૂ લહબ ભાન ભૂલી ગયો અને તે આપને બહુ ઊંધુ સીધુ બકવા માંડયો. આપણા નબી ﷺએ તો કંઈ ન કહ્યું, પરંતુ અલ્લાહ તઆલાને પોતાના મહબૂબની તૌહીન ગવારા ન હતી અને આ આયતે કરીમા નાઝિલ થઈ :–

تَبَّتْ یَدَاۤ اَبِیْ لَهَبٍ وَّ تَبَّؕ مَاۤ اَغْنٰى عَنْهُ مَالُهٗ وَ مَا كَسَبَؕ سَیَصْلٰى نَارًا ذَاتَ لَهَبٍۚ

**(તર્જુમો)** : "તબાહ થઈ જાય અબૂ લહબના બંને હાથ અને તે તબાહ થઈ જ ગયો." *(સૂરએ લહબ, સૂરત : ૧૧૧, આ. )*

પરંતુ રસૂલે કરીમ ﷺ પર કાફિરોની આ નારાજગીનો કોઈ અસર ન થયો. આપ બરાબર લોકોને ઈસ્લામની તરફ બોલાવતા રહ્યા. જ્યારે કુરૈશે જોયું કે આપ علیہ الصلوٰۃ والسلام પોતાના કામને છોડી નથી રહ્યા તો તે લોકોએ આપના કૃપાળુ કાકા અબૂ તાલિબથી કહ્યું, હે કુરૈશના સરદાર ! આખર તમે શું ઈચ્છો છો ? નથી જોતા કે તમારો ભત્રીજો અમારી મૂર્તિઓને બુરુ ભલુ કહે છે અને લોકોને તેમના જૂના ધર્મથી દૂર કરી રહ્યો છે ?! તમે એને સમજાવી દો અથવા અમારા હવાલે કરી દો, અમે પોતે જ તેનો ફેંસલો કરી દઈશું. અબૂ તાલિબે રસૂલે આલી વક઼ાર ﷺને બોલાવ્યા અને કહ્યું, હે મારા વહાલા ભત્રીજા ! મારા ઘડપણનો ખ્યાલ કરો, હવે તો મારા પર રહમ કરો, વધુ ભાર ન આપો, બુતો (મૂર્તિ)ને બુરુ કહેવાથી રોકાય જાવ. કાકાની વાત સાંભળી આપે ઈર્શાદ ફર્માવ્યો, હે કાકા ! આ લોકો મારા એક હાથમાં ચાંદ અને બીજા હાથમાં સૂરજ લાવીને મૂકી દે તો પણ હું ઈસ્લામની દા'વતથી રોકાઈશ

નહીં ! ભલે આ કામમાં મારો જીવ જતો રહે. ભત્રીજાની આ દર્દભરી અવાજ સાંભળી કાકાનું દિલ શરમાઈ ઉઠયું અને કહ્યું, ઠીક છે ! તમે આઝાદીથી જે કરી રહ્યા છે તે કરો, મારા જીવતાં તમને કોઈ આંખ દેખાડી નથી શકતું. કાકાના આ મહોબ્બતભર્યા બોલ સાંભળી આપ ﷺએ પોતાનામાં એક બળ અનુભવ્યું અને કામમાં વધુ ઝડપ પેદા કરી દીધી. આ દરમિયાન કુરૈશે આપને જાત જાતની લાલચ આપી પરંતુ આપ તેના લોભમાં ન આવ્યા અને ઈસ્લામની દા'વતમાં લાગેલા રહ્યા. હવે તો હાલત એવી થઈ ગઈ કે દરરોજ કોઈને કોઈ ઈસ્લામ કબૂલ કરતુ. કુરૈશ જ્યારે આપને રોકવામાં કામયાબ ન થઈ શક્યા તો આપ પર જુલ્મ કરવાનું શરૂ કરી દીધું.

**(પ્રકરણ : ૧૨)**

## કુરૈશનો જુલ્મ

ઈસ્લામ દિવસે દિવસે ફેલાતો જઈ રહ્યો હતો. ઈસ્લામની આ પ્રગતિ કાફિરોને જરાય પસંદ ન આવી. તેમણે રસૂલે કરીમ ﷺ પર જુલ્મો સિતમ કરવાનું શરૂ કરી દીધું. તેઓ બદ્‌માશ છોકરાઓને આપની પાછળ કરી દેતા તે આપ ﷺ પર કાંકરીઓ નાખતા અને ગુસ્તાખીભર્યાં વાક્યો બોલતા. મક્કાના કાફિરો ક્યારેક આપના રસ્તામાં કાંટા પાંથરી દેતા અને ક્યારેક શરીર પર કચરો ફેંકતા.

એક વખત આપ કા'બા શરીફમાં નમાઝ પઢી રહ્યા હતા અને કાફિરો પોતાની મેહફિલ ગોઠવી બેઠેલા હતા. તેમાં અબૂ જહલ પણ હતો. તેણે કહ્યું કે; કોઈ છે જે ફલાણાના ઝબહ કરેલ ઊંટની હોજરી લાવી તેમના ગળા પર મૂકી દે ?! ઉકબા બિન અબી મુઈત કાફિર ઉઠયો અને હોજરી લાવી રસૂલે કાઈનાત ﷺના ગળા પર મૂકી દીધી. હુઝૂરે અક્દસ ﷺ સજદાની હાલતમાં હતા અને હોજરી ઘણીવાર સુધી આપની ગરદન પર રહી. કાફિરો આ જોઈને મસ્તીમાં હસી રહ્યા હતા, ત્યાં સુધી કે એકબીજા પર પડી જતા. એટલામાં કોઈએ આપની પુત્રી હઝરત ફાતિમા رضی اللہ عنہا (જે તે વખતે નાનાં હતાં)ને ખબર આપી, તેમણે જલ્દીથી આવી રસૂલે બાવકાર ﷺની ગરદન પરથી હોજરી હટાવી અને કાફિરોને ભલુ બુરુ કહી પરત થઈ ગયાં.

એવી જ રીતે એક વખત તે જ ઉકબા બિન અબી મુઈતે નમાઝની હાલતમાં આપના ગળામાં ચાદરનો ફંદો નાખી આપનુ ગળુ ઘોંટવા ઈચ્છયું. આ હાલત જોઈ આપના મિત્ર હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ દોડી આવ્યા અને તે કાફિરને ધક્કો મારી દૂર કર્યો. અને કહ્યું; તું એવા વ્યક્તિને મારી નાખવા ઈચ્છે છે જે કહે છે કે મારો રબ અલ્લાહ છે ?!

રસૂલે અરબી ﷺને કાફિરો જાત જાતની તકલીફો આપતા રહ્યા. પરંતુ આપણા નબી ﷺ દીનના માટે આ બધી તકલીફો વેઠી લેતા. આપની સાથે સાથે ગરીબ મુસલમાનોને પણ કાફિરો સતાવતા, તકલીફો પહોંચાડતા અને તેમને અંગારાઓ પર સૂવડાવતા, ગરમ જમીન પર સૂવડાવી છાતી પર પથ્થર મૂકી દેતા, ચટાઈમાં લપેટીને ધુમાડા આપતા કે તેનાથી શ્વાસ ઘુંટવા લાગે, લોખંડ ગરમ કરી તેનાથી ડામ આપતા. આ તે સજાઓ હતી જે એવા ગુલામોને આપવામાં આવતી જેમણે ઈસ્લામ કબૂલ કરી લીધો હતો.

હઝરત બિલાલ رضی اللہ عنہ જે ઉમૈયા બિન ખલ્ફ કાફિરના ગુલામ હતા. તે તેમના ગળામાં દોરડુ બાંધી છોકરાઓને સોંપી દેતો જેઓ આપને ગલીઓ અને બજારોમાં ઘસેડતા, તેમને લાકડીઓથી મારતા, ભર બપોરે તડકામાં ગરમ રેતી પર સૂવડાવી છાતી પર ભારે પથ્થર મૂકી દેતા. પરંતુ આપ તે હાલતમાં પણ 'અહદ ! અહદ !'નો

નારો લગાડતા રહેતા. એટલે કે અલ્લાહ એક છે ! અલ્લાહ એક છે !

અમ્માર બિન યાસિર رضی اللہ عنہને પણ ગરમ રેતી પર સૂવડાવી એટલા પ્રમાણમાં મારતા કે આપ બેહોશ થઈ જતા. તેમનાં માતા હઝરત સુમૈયા رضی اللہ عنہاને ઈસ્લામ કૃબૂલ કરવાના કારણે અબૂ જહલે ભાલો મારીને શહીદ કરી દીધાં.

હઝરત અબૂ ફુકૈહા رضی اللہ عنہ સફવાન બિન ઉમય્યાના ગુલામ હતા. તે હઝરત બિલાલ رضی اللہ عنہની સાથે જ મુસલમાન થયા હતા. જ્યારે સફવાનને તેમના ઈમાન લાવવાની ખબર પડી તો તેણે પણ આપના ગળામાં દોરડુ નાખી ઘસેડવાનું શરૂ કરી દીધું, અને ગરમ રેતી પર સૂવડાવી ઉપરથી પથ્થર મૂકી દીધો. એક દિવસ તે આપને ઘસેડીને લઈ જઈ રહ્યો હતો, રસ્તામાં એક પતંગિયું દેખાયું. તેણે કહ્યું, આ જ તારો રબ છે ! અબૂ ફુકૈહાએ ગુસ્સે થઈ ફર્માવ્યું, હે ! કાફિર ચૂપ રહે ! મારો અને તારો ખુદા અલ્લાહ છે ! આ સાંભળી સફવાને એટલા જોરથી આપનુ ગળુ ઘોંટયું કે તે બેહોશ થઈ ગયા અને લોકોને તેમના મરી જવાનો ડર થઈ ગયો.

જે બાંદીઓ ઈમાનથી મુશર્રફ થતી તેમને પણ બહુ જ તકલીફો પહોંચાડાતી. હઝરત બીબી લબીના, હઝરત ઝીન્નીરહ, હઝરત બીબી નહ્દિય્યહ અને હઝરત ઉમ્મે ઉનૈસ رضی اللہ عنہن આ તે બાંદીઓ હતી જેમના માલિકો તેઓને ઘણી તકલીફો આપતા અને તેમના પર જાત જાતના જુલ્મ કરતા.

આ તો ગુલામો અને બાંદીઓ સાથેનો વર્તાવ હતો. માલદાર મુસલમાનોને પણ સુકૂન ન હતું. તેઓ પણ બહુ સખ્તીઓમાં હતા. તેમનાં ઘરવાળાં અને સગા સંબંધીઓ તેમના પર બહુ જુલ્મ કરતાં. હઝરત ઉષ્માનગની رضی اللہ عنہ જ્યારે મુસલમાન થયા તો તેમના કાકાએ આપને ખૂબ માર્યા અને જુલ્મની હદ કરી દીધી. પરંતુ આપ દીને ઈસ્લામ પર કાયમ રહ્યા. આવી જ રીતે બધા મુસલમાનો પર જુલ્મો સિતમના પહાડ તોડવામાં આવતા. મુસલમાનો દરેક જુલ્મ અને મુસીબત વેઠતા અને જ્યારે થાકી જતા તો રસૂલે અકરમ ﷺને શિકાયત કરતા અને દુઆની માગ કરતા. રસૂલે કરીમ ﷺ તેમને તસલ્લી આપતા કે લોકોએ દરેક નબીની ઉમ્મત સાથે આવું જ કર્યું છે, તમારાથી વધુ તકલીફો તેમને વેઠવી પડી છે. કોઈને આરીથી ચીરવામાં આવ્યા, કોઈના માથા પર લોખંડનો કાંસકો ફેરવવામાં આવ્યો અને કોઈને સૂડી પર લટકાવવામાં આવ્યા, પરંતુ તેઓ દીને હક્ક પર કાયમ રહ્યા. ઈન્શાઅલ્લાહ ! એક દિવસ તે પણ આવશે કે તમારો રબ جل جلالہ તમને એમના પર બળવાન કરશે.

પેજ નં. 14 નું ચાલુ...

હુઝૂર ﷺ પેદા થયા તો ઈરાનના મહેલોમાં ધરતીકંપ આવી ગયો, એ જ પ્રમાણે મીલાદે રસૂલ કરતા રહીશું અને નજદીઓના કિલ્લાઓને ગબડાવતા રહીશું અને મૌલૂદ શરીફના મુન્કિરોના અકીદાઓ પર કયામત વરસાવતા રહીશું.

**ખાક હો જાએં અદૂ જલકર મગર હમ તો 'રઝા'-દમ મેં જબ તક દમ હૈ, ઝિક્ર ઉન્કા સુનાતે જાએંગે**

**અર્થાત** : હે ઝિક્રે મુસ્તફા ﷺના દુશ્મનો ! (موتوابغيظكم "પોતાના ગુસ્સામાં બળીને મરી જાવ!) તમો બળીને ખાખ થઈ જાવ ! અમારા શરીરમાં જ્યાં સુધી જાન મૌજૂદ છે, અમે અમારા આકા ﷺનો ઝિક્ર કરતા જ રહીશું.

*હૈ જબ તક અહલે સુન્નતકા કોઈ ઈક ફર્દ ભી બાકી—ફિઝાઓંમેં સદા ગુંજેગા ના'રા યા રસૂલલ્લાહ ! ﷺ*

# રાહતુલ કુલૂબ



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** —*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

---

**મલ્ફૂઝાતે હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજ શકર** رحمۃ اللہ علیہ

---

**સંપાદક : મહબૂબે ઈલાહી**

**હઝરત નિઝામુદ્દીન અવલિયા** رحمۃ اللہ علیہ

---

### નદીનું સર્વ પાણી છાસ બની ગયું !

ત્યારબાદ કશ્ફો કરામતના બારામાં ચર્ચા શરૂ થઈ તો ઝબાન મુબારકથી ફર્માવ્યું કે એકવાર હું અને શયખ જમાલુદ્દીન رحمۃ اللہ علیہ ઓચના રહેવાસી એક જ જગાએ હતા. તે સાહિબે કુવ્વતો નેઅમત દુરવેશ હતા. અમે બંનેવ બેઠા હતા એટલામાં કેટલાક કલંદર દુરવેશો લોખંડી કડીઓ કમરમાં લટકાવીને આવી પહોંચ્યા. અને સલામ કરીને શયખ સાહબની પાસે બેસી ગયા. દરેક કલંદર સખત વાતો કરતો હતો. એ વખતે શયખ સાહબના જમાઅતખાનામાં છાસ મૌજૂદ ન હતી. તે કલંદરોએ છાસ માગી. શયખ સાહબ મારું મોં જોતા હતા અને હું એમનું મોં જોતો હતો. પૂછયું, શું કરું ? મેં કહ્યું, તમારા જમાઅતખાનાની સામે પાણી વહે છે, હું તેમને ત્યાં પહોંચાડી આવુ છું જેથી છાસ પી લે. શયખ સાહબે એ દુરવેશોને કહ્યું કે આ નદી પર જઈને છાસ પી લો. ખૈર, અનાયાસે ઉઠીને નદી કિનારે પહોંચ્યા તો શું જુએ છે કે સર્વ પાણી છાસ બનેલુ છે. એમનાથી જેટલી બની શકે એટલી છાસ પી લીધી. શયખ સાહબે તે દુરવેશોને કહ્યું, અંદર જઈને બેસો અને આરામ કરો.

પછી શયખ સાહબની બુઝુર્ગીના બારામાં આપે આ હિકાયત વર્ણવી કે એક માણસે હજથી આવીને સલામ કરી અને કહ્યું કે મેં હજ કરી છે, આપ તવાફમાં મારી સાથે હતા. શયખ સાહબે લલકાર્યું કે હે નાદાન ! શું તું મર્દોની વાત જાહેર કરે છે ? ચૂપ રહે કે મર્દાને ખુદા ગોદડી નીચે હોય છે. આ તો કોઈ મોટી વાત નથી, કા'બા ખુદ અમારી પાસે છે ! જો મર્દ ચાહે તો પૂર્વથી પશ્ચિમ સુધીની સર્વ ચીજો દેખાડી શકે છે અને પછી પોતાના ઠેકાણે આવી જાય છે. એક ઘડી પસાર થવા પામી ન હતી એવામાં તે માણસનો હાથ પકડીને કહ્યું કે આંખ બંધ કર ! આંખ બંધ કરી તો પોતાને શયખ સાથે કોહે કાફ પર એ ફરિશ્તાની પાસે પામ્યો જે આ પહાડનો મુવક્કિલ છે, અને પછી એ જ પળે પોતાના સ્થાને પણ આવી ગયા. પછી સ્વીકાર કર્યો અને કહ્યું કે ખરેખર સાચુ છે કે મર્દાને ખુદાને અલ્લાહ તઆલા સિવાય કોઈ નથી જાણતુ. શૈખુલ ઈસ્લામે ફર્માવ્યું કે નમાઝના સમયે કોઈ શખ્સ શયખ જમાલુદ્દીન رحمۃ اللہ علیہને જોતો. જયારે નમાઝનો સમય થતો તો નજરથી ગાયબ થઈ જતા, છેવટે જાણવા મળ્યું કે ખાનએ કા'બામાં નમાઝ અદા કરે છે, અને એ જ વખતે ખાનએ કા'બામાં મૌજૂદ હોય છે.

### હવામાં ઉડતો જાગી ઈમાન લાવ્યો !

શૈખુલ ઈસ્લામ એ જ ફર્માવી રહ્યા હતા કે એક જોગી દૂરથી આપની ખિદમતમાં હાજર થયો અને

આદાબ બજાવી લાવ્યો. આપના રોઅબના કારણે માથુ જમીન પરથી ન ઉઠાવી શક્યો. જ્યારે આપની નજર પડી તો રોઅબથી કહ્યું કે માથુ ઉઠાવ ! પછી આપે પૂછયું, ક્યાંથી આવ્યો છે ? અને કેવી રીતે ? જોગી ડરનો માર્યો કાંઈ ન કહી શક્યો. બે ત્રણ વાર પૂછયું તો ધીમેથી અર્ઝ કરી કે આપના પ્રભાવે મારા પર એવી અસર કરી છે કે મોઢાથી વાત નથી નીકળતી !

ત્યારબાદ શૈખુલ ઈસ્લામે મને સંબોધીને ફર્માવ્યું કે એ જોગી દાવા સાથે મારી પાસે આવ્યો હતો. જ્યારે તેણે માથુ જમીન પર રાખ્યું તો દિલમાં ખયાલ આવ્યો કે એનો ચહેરો જમીન પર જ રહે, જેથી એવું જ થયું. તે ખૂબ જ ચાહતો હતો કે માથુ જમીન પરથી ઉઠાવે પણ ઉઠાવી ન શક્યો. જો એ જોગીને બખ્શવામાં ન આવત તો કયામત સુધી એ જ હાલતમાં રહેત. ત્યારબાદ શૈખુલ ઈસ્લામે જોગીને પૂછયું કે તારા કામમાં ક્યાં સુધી પ્રગતિ કરી છે ? અર્ઝ કરી કે જોગી જ્યારે કમાલિયત પર પહોંચે છે તો હવામાં ઉડવા લાગે છે. ફર્માવ્યું, જલ્દી કર જેથી અમે જોઈએ. તો જોગી ઉડયો. આપે પોતાની નાલૈન મુબારક એની પાછળ ફેંકી. અલ્લાહ તઆલાના હુકમથી નાલૈન જોગીના માથા પર પડવા લાગી. જેમ જેમ જોગી ઉડતો તેમ તેમ નાલૈન માથા પર પડતી. તે તરત નીચે ઉતર્યો. માની ગયો અને કહેવા લાગ્યો કે જે શખ્સની નાલૈનમાં આ બરકત છે તો તે ખુદ કેવો હશે ! અને તરત જ મુસલમાન થઈ ગયો. અને આરિફ બિલ્લાહ બની ગયો.

ત્યારબાદ એ જ મૌકા પર એક દુરવેશ કેટલાક શણધારી દુરવેશો સાથે બયતુલ મુકદ્દસથી ખિદમતમાં હાજર થયો. આદાબ બજાવી લાવ્યો. હુકમ થયો કે બેસી જા ! બેસી ગયો. જે વખતે એ બુઝુર્ગ શયખુલ ઈસ્લામના ચહેરા મુબારકને જોતો તો માથુ નીચુ કરી લેતો. જ્યારે તેનામાં સબ્ર તથા ચૈન ન રહ્યું તો અર્ઝ કરી, હે ફરીદ અજોધનીના ફરઝંદ ! જે આપે ફર્માવ્યું એવું જ છે. પરંતું શું તારો વાયદો ભૂલી ગયો ? આ સાંભળીને તે શર્મિંદા થયો કે મેં આ શું કર્યું ?! જ્યારે શર્મિંદા થયો તો શૈખુલ ઈસ્લામે ફર્માવ્યું, હે અઝીઝ ! નૂરના મર્દ જ્યાં બેસે છે ત્યાં જ ખાનએ કા'બા હોય છે ! ત્યાં જ અર્શ તથા કુર્સી તથા તમામ મખ્લૂકાત તેમની સામે મૌજૂદ રહે છે. એ દુરવેશને ફર્માવ્યું કે આંખ બંધ કર ! જ્યારે બંધ કરી તો હુકમ થયો કે ખોલ ! જ્યારે ખોલી તો બરાબર એવું જ થયું જેવું કે શૈખુલ ઈસ્લામે ફર્માવ્યું હતું. તે દુરવેશ નારો મારીને બેહોશ થઈ ગયો. મોડેથી જ્યારે હોશમાં આવ્યો તો સ્વીકાર કર્યો, અને આપનાથી કુલાહ (ટોપી) મેળવી, અને તેને સીવિસ્તાનની ખિલાફત એનાયત કરી ત્યાં ચાલ્યો ગયો. ત્યારબાદ જમીનના તથા પાણીના મુસાફરોથી માલૂમ પડયું કે શૈખુલ ઈસ્લામ દરરોજ એકવાર બયતુલ મુકદ્દસ જયા કરતા હતા અને ઝાડુ આપ્યા કરતા હતા, અને પછી એ જ સમયે પરત આવી જતા.

ત્યારબાદ પોતાના હાલની હિકાયત આ પ્રમાણે વર્ણન કરી કે હું ૨૦–૨૦ વરસ સુક્રની હાલતમાં રહ્યો, એ વીસ વરસના અરસામાં હમેશાં ઉભો રહ્યો, જેથી સર્વ લોહી પગોના રસ્તે વહી ગયું. અને વીસ વરસમાં એ અહદ કરી લીધો કે કદી નફસને ઠંડુ પાણી અને ખાવાનો લુકમો આપીશ નહીં.

શૈખુલ ઈસ્લામ એ જ વાતમાં હતા કે એવામાં આપનો એક મુરીદ શહાબુદ્દીન ગઝનવી આવીને આદાબ બજાવી લાવ્યો. હુકમ થયો બેસી જા ! એ દરવેશને લાહોરના વાલીએ લગભગ સો દીનાર આપીને શૈખુલ ઈસ્લામની ખિદમતમાં મોકલ્યો. ફર્માવ્યું, લાવ ! એણે પચાસ દીનાર આપ્યા. અને બાકી પોતાની પાસે રાખ્યા. મુસ્કુરાઈને ફર્માવ્યું કે શહાબ ! તેં સારી વહેંચણી કરી ! દુરવેશો માટે આવું કરવું સારુ નથી. તે સખત શર્મિંદો થયો. અને બાકીના દીનાર પણ ખિદમતમાં હાજર કર્યા. ફર્માવ્યું, જો હું આ કામમાં તારું ધ્યાન ન દોરત તો તું આ કામમાં શર્મિંદો ન થાત, અને તું ભાવિમાં મર્દાને ખુદાના મકસદને ન પહોંચી શકત. ફર્માવ્યું, નવેસરથી બયઅત કર, કેમ કે આ બયઅતમાં ખલેલ પડી ગઈ. જાવ જેને કુલાહ (ટોપી) આપવી હોય આપો ! હવે તમારું કામ પૂર્ણ થઈ ગયું. اَلْحَمْدُ لِلّٰہِ عَلٰی ذٰلِکَ

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદીન જોનપૂરી** رحمۃ اللہ علیہ

**અનુવાદક : જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી**

## વલી (સરપરસ્ત–મુહાફિઝ)નું બયાન

વલી તે છે જેનો હુકમ (આદેશ) બીજાઓ પર લાગુ પડશે. ભલે બીજા એને માને કે ન માને. વલીનું આકિલ તથા બાલિગ હોવું શર્ત છે. મજનુ કે પાગલ વલી (સરપરસ્ત) બની શકતો નથી. મુસલમાનનો વલી મુસલમાન હોવો પણ શર્ત છે. એટલા માટે કે કાફિરને મુસલમાન પર અખત્યાર નથી. પરહેઝગાર હોવું શર્ત નથી. ફાસિક પણ વલી (સરપરસ્ત) હોઈ શકે છે. વિલાયતના ચાર અસ્બાબ છે : **(૧)** રિશ્તેદારી–નઝદીકી **(૨)** માલિકીપણું **(૩)** મહોબ્બત–દોસ્તી **(૪)** ઈમામત. *(દુર્રે મુખ્તાર, બહાર વગેરે)*

**મસ્અલા** : રિશ્તેદારીને કારણે સરપરસ્તી (વાલીપણું) ખાસ મર્દ માટે છે એટલે કે તે મર્દ જેને કોઈ ઓરતની સગાઈના કારણે રિશ્તેદારી ન હોય અથવા એમ સમજો કે બાપનો વારસદાર તે છે કે **દેવું ભરપાઈ થયા બાદ** જે કંઈ બચે તે તમામ લઈ લે. અમે જો ફરજ ન હોય તો સઘળો માલ એ લઈ લે. એવી રિસ્તેદારીવાળો સરપરસ્ત (વલી) છે. નિકાહમાં પણ એ જ ક્રમ છે જે વારસદાર માટે છે. એટલે કે સૌ પ્રથમ પુત્ર, પછી પૌત્ર, પછી પ્રપૌત્ર ભલે અનેક પેઢીઓ પછીનો હોય. એ ન હોય તો બાપ, પછી દાદા, પછી પરદાદા વગેરે ભલે પછી અનેક પેઢીઓ પછીના (દૂરના) હોય. ત્યાર બાદ સગા ભાઈ, પછી મત્રાઈ ભાઈ, પછી સગા ભાઈનો પુત્ર, પછી મત્રાઈ ભાઈનો પુત્ર. ત્યાર બાદ સગા કાકા, પછીથી મત્રાઈ કાકા, પછી સગા કાકાના પુત્ર, પછી મત્રાઈ કાકાના પુત્ર, ત્યાર પછી બાપના સગા કાકાના પુત્ર, ત્યાર પછી દાદાના સગા કાકા, પછી દાદાના મત્રાઈ કાકા, ત્યાર પછી દાદાના સગા કાકાના છોકરા, સારાંશ એ છે કે ખાનદાનમાં જે સૌથી નજીકનો રિશ્તેદાર જે મર્દ હોય તે વલી (સરપરસ્ત) ગણાશે. જો છોકરો ન હોય તો જે હુકમ બેટા માટે છે તે પૌત્રને લાગુ પડશે. પૌત્ર ન હોય તો પ્રપૌત્રને લાગુ પડશે. વારસદારના વલી (સરપરસ્ત) હોવામાં તે આઝાદ હોવો શર્ત છે. જો તે ગુલામ હોય તો તેને (નજીકની) મળે નહીં. બલ્કે આવી હાલતમાં સરપરસ્તી (નજીકની) મળે નહીં. બલ્કે આવી હાલતમાં સરપરસ્ત તે બનશે જે એના પછીના ક્રમે ક્રમે સરપરસ્ત બનતો હોય *(હિંદીયા, બહાર, દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલા** : જો બાપના તરફના કોઈ વારસદાર ન હોય તો મા સરપરસ્ત ગણાશે. ત્યાર બાદ દાદી, પછી નાની, પછી બેટી, પછી પૌત્રી પછીથી નવાસી, પછી પ્રપૌત્રી, ત્યાર પછી નવાસીની પુત્રી, પછી નાના, પછીથી સગી બહેન, પછી મત્રાઈ બહેન, પછી અખ્યાની (બાપ અલગ અલગ હોય, માં એક હોય તેવાં) ભાઈ બહેન તે બન્ને એક દરજાના ગણાશે. એના પછી બહેન વગેરેની ઓલાદ અને એ ક્રમ પ્રમાણે એમની ઔલાદ. *(ખાનિયા, બહાર વગેરે)*

**મસ્અલા** : જો રિશ્તેદાર મૌજૂદ ન હોય તો જેના હાથ પર એનો બાપ ઈસ્લામમાં દાખલ થયા હોય અને એવું નક્કી કર્યું હોય કે એના પછી એનો વારસદાર ગણાશે અથવા બન્નેએ એક બીજાના વારસદાર બનવાનું નક્કી કર્યું હોય. *(ખાનિયા, રદ્દુલ્ મુખ્તાર)*

**મસ્અલા** : આ બધા પછી (છેલ્લે) ઈસ્લામી

બાદશાહ સરપરસ્ત ગણાશે. ત્યાર બાદ મઝકૂર શરતોને આધિન જેને અખ્ત્યાર આપવામાં આવ્યો હોય તે કાઝી.

**મસ્અલા** : જે માણસને વસિયત કરવામાં આવી હોય તેને યતીમનો નિકાહ કરી દેવાનો કોઈ હક્ક નથી, ભલે એ યતીમના બાપ દાદાએ એવી વસિયત પણ હોય કે અમારા પછી તમે એનો નિકાહ કરી દેશો. અલબત્ત જો એ નજીકનો સગો અથવા હાકિમ હોય તો કરી શકે છે કેમ કે તે વલી (સરપરસ્ત) પણ છે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : નાબાલિગ બાળકની કોઈએ પરવરિશ કરી, દા.ત. એને પાલક પુત્ર અથવા કોઈ લાવારિસ બાળક એને કોઈ જગ્યાએથી મળ્યું તેની પરવરિશ કરી મોટુ કર્યું તો એ પરવરિશ કરનાર તે બાળકના સરપરસ્ત ગણાશે નહીં. *(હિંદીયા, બહાર)*

**મસ્અલા** : લોંડી, ગુલામના નિકાહના વાલી એના માલિક ગણાશે. એના સિવાય બીજો કોઈ એનો સરપરસ્ત કોઈ ન થશે. ભલે બાલિગ હોય કે નાબાલિગ. જો બીજા કોઈએ અથવા લોંડી કે ગુલામે પોતે નિકાહ કરી લીધો તો માલિકની ઈજાઝત પર એનો આધાર રહેશે. જો તે જાઈઝ કરી આપશે તો જાઈઝ થઈ જશે અને જો તે રદ બાતલ કરશે તો રદ બાતલ થઈ જશે અને ભાગીદારીવાળા ગુલામની હાજરી બાબત સાથીદારની ઈજાઝત પર આધાર રહેશે. *(ખાનિયહ્)*

**મસ્અલા** : અસલી કાફિરનો વાલી અસલી કાફિર રહેશે. મુર્તદ કોઈનો પણ વાલી નહીં ગણાય. મુસ્લિમનો પણ નહીં અને કાફિરનો પણ નહીં. એટલે સુધી કે મુર્તદ મુર્તદનો પણ વલી થઈ શકતો નથી. *(હિંદીયા, બહાર)*

**મસ્અલા** : વાલી જો પાગલ થઈ જાય તો એનું વાલીપણું (સરપરસ્તી) પૂરું થયું, પરંતુ એવો પાગલ થઈ ગયો કે કોઈ વખત પાગલ થઈ જાય અને કોઈ વખત હોશમાં રહે છે તો સરપરસ્તી કાયમ રહેશે. હોશની હાલતમાં જે કંઈ કરશે તે ચાલુ રહેશે (કબૂલ રહેશે). *(હિંદીયા, બહાર)*

**મસ્અલા** : ખૂબ નજીકનો રિશ્તેદાર વાલીપણા માટે લાયક ન હોય (જેમ કે બાળક છે કે પાગલ) તો દૂરનો રિશ્તેદાર નિકાહ માટેનો વાલી ગણાશે. *(હિંદીયા, બહાર)*

**મસ્અલા** : બે બરાબરના વલી (સરપરસ્તો) એ નિકાહ કરી દીધા. જેમ કે એના બે સગા ભાઈઓ છે. બન્નેએ નિકાહ કરી દીધા તો જેણે પહેલો કર્યો તે સહીહ ગણાશે.

**મસ્અલા** : નજીકનો સગો વાલી હાજર નથી તે વખતે દૂરના સગા વલીએ નિકાહ કરી આપ્યા તે સહીહ છે. અને જો એની હાજરીમાં કર્યો તો એની રજા વગર થશે નહીં. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુખ્તાર)*

**મસ્અલા** : સરપરસ્ત (વાલી) ગાયબ હોવાનો અર્થ એ છે કે જો તેની રાહ જોવામાં આવે તો જેણે નિકાહનો પયગામ આપ્યો અને કુફૂ (જાત, માલ વગેરેમાં સમાન) પણ છે તે હાથથી જતો રહેશે. નજીકના વાલી લાપતા હોય અથવા કયાંક મુસાફરીમાં હોય કે જેનું ઠેકાણું ન હોય અથવા તો તે શહેરમાં છુપાયેલો હોય પરંતુ લોકોને એની ખબર ન હોય તેવામાં ત્યાર પછીના સરપરસ્તે નિકાહ કરી દીધો અને ત્યાર પછી (નજીકનો વાલી) જાહેર થયો તો નિકાહ સહી થઈ જશે. *(ખાનિયા વગેરે)*

**મસ્અલા** : કુફૂએ વ્યક્તિએ પયગામ (નિકાહનો) આપ્યો અને તે મહેર પણ આપવા તૈયાર છે પરંતુ છોકરીના નજીકના વાલી એનાથી નિકાહ નથી કરતો બલ્કે કારણ વગર ના પાડે તો તેવા સંજોગોમાં ત્યાર પછીના સરપરસ્ત નિકાહ કરાવી શકે છે. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : નાબાલિગ, પાગલ તેમજ લોંડી, ગુલામના નિકાહ માટે વાલી જરૂરી છે. વાલી (સરપરસ્ત) વગર એના નિકાહ થઈ શકતા નથી. પણ આઝાદ બાલિગ, આકિલાએ વાલી વગર કુફૂ સાથે નિકાહ કરી લીધા તો નિકાહ થઈ જશે. પણ જો ગૈર કુફૂથી નિકાહ કર્યા તો નિકાહ થશે નહીં, ભલે પાછળથી તે રાજી થઈ જાય. અલબત્ત, જો વાલી ખામોશ રહ્યો, કોઈ જવાબ ન આપ્યો અને ઓરતને બાળક પણ પેદા થયું તો હવે નિકાહ સહીહ માનવામાં આવશે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુખ્તાર)*

**મસ્અલા** : જે ઓરતના પોતાના બાપના તરફનો કોઈ પણ મર્દ ન હોય તે (વ્યક્તિ) પોતાનો નિકાહ જાણી બુઝીને કોઈ પરાયી જાતમાં (ખાનદાનમાં) કરી લે તો નિકાહ થઈ જશે. *(રદ્દુલ્ મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : આકિલ બાલિગ ઓરતનો નિકાહ તેની રજા વગર કોઈ કરી શકતું નથી. ન એનો બાપ ન ઈસ્લામી બાદશાહ, તે કુંવારી હોય કે ન હોય (તેની રજા વગર કોઈ કરી શકશે નહીં) એ જ રીતે બાલિગ મર્દ, આઝાદ તેમજ મકાતબ તથા મકાતબાનો નિકાહ એમની મરજી વગર કોઈ કરી શકશે નહીં. *(હિંદીયા, દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : કુંવારી ઓરતના વાલીએ (નજીકના) અથવા વાલીના વકીલે કે કાસિદે (નિકાહ માટે) રજા માંગી અને ઓરત ચૂપ રહી અથવા મુસ્કુરાઈ યા હંસી અથવા કંઈ પણ બોલ્યા વગર રડી તો આ સર્વ રજા આપેલી ગણાશે. *(હિંદીયા, દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : નજીકના વાલીએ ઈજાઝત લીધા વગર નિકાહ કરાવી દીધો તેની ખબર કોઈ કાસિદે અથવા કોઈ ફુઝૂલી આદિલે ખબર આપી, તેવામાં ઓરત જો ચૂપ રહી અથવા હસી★–મુસ્કુરાઈ યા કંઈ પણ બોલ્યા વગર રડી તો આ બધી હાલતમાં રજા આપેલી સમજવામાં આવશે એટલે કે નિકાહ મંજૂર છે એમ સમજવામાં આવશે. *(હિંદીયા, દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : દૂરના વાલી અથવા કોઈ અજનબીએ નિકાહની રજા માંગી તો ચૂપ રહેવાને (ઓરત ચૂપ રહેશે તો) રજા આપેલી ગણાશે નહીં. બલ્કે જો ઓરત કુંવારી હોય તો રજા આપ્યાનું બોલવું પડશે અથવા કોઈ એવું કામ કરે જેનાથી કહેવા બરાબર સમજવામાં આવે. જેમ કે મહેર સ્વીકારે યા ભરણપોષણ માંગે કે કબૂલ કરે, ભરણપોષણ માંગે કે કબૂલ કરે, એકાંત માટે રાજી થઈ જાય, વગેરે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : રજા માંગવામાં પણ જરૂરી છે કે જેની સાથે નિકાહ કરવાનો ઈરાદો હોય તેનું નામ એવી રીતે લેવામાં આવે કે ઓરત જાણી શકે. જો એમ કહેવામાં આવ્યું કે એક મર્દ સાથે તારો નિકાહ કરવામાં આવે અથવા એમ કહેવામાં આવે કે ફલાણી કોમના એક આદમી સાથે તારા નિકાહ કરવામાં આવે તો એ રજા માંગણી ગણાશે નહીં. રજા માંગવામાં મહેરની વાત કરવી જોઈએ. જો મહેરની વાતનો ઉલ્લેખ કરવામાં ન આવે તો મહેર નક્કી કરવામાં આવે તે હરેક રીતે ઓછી ન હોય અને જો ઓછી હશે તો ઓરતની રજા વગર નિકાહ સહીહ થશે નહીં. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : નાબાલિગ છોકરો, છોકરી તેમજ મજનૂ અને ગાંડા અને મઅ્તવાના (જેની બુધ્ધિ જતી રહે) નિકાહ માટે વાલીને અખત્યાર છે. એટલે કે એ લોકો ન ઈચ્છે અને વાલી (સરપરસ્ત) એ જ્યારે નિકાહ કરી જ દીધો તો નિકાહ થઈ જશે. જો બાપ, દાદા અથવા પુત્રએ નિકાહ કરી દીધો તો નિકાહ લાઝિમ થઈ જશે. બાલિગ થયા પછી કે મજનૂના હોશમાં આવ્યા બાદ એ નિકાહને તોડવાનો

★*પણ આ હસવું મઝાકમાં ન હોય કેમ કે મઝાકમાં હસવું ઈન્કાર માટે દલીલ બને છે. એ જ પ્રમાણે મોટેથી રડવું પણ છે.*

અખત્યાર નથી. હા ! જો બાપ, દાદા તેમજ છોકરાએ મઅ્તવા (દા.ત. આથી પહેલાં એણે પોતાની છોકરીનો કોઈ ગેર બિરાદરીમાં, ફાસિક સાથે નિકાહ કરી દીધો અને હવે આ બીજા નિકાહ ગેર બિરાદરીમાં કરશે) તો એ નિકાહ સહીહ થશે નહીં. એ જ રીતે જો નશાની હાલતમાં ગેર બિરાદરીમાં અથવા તો મહરે મિષ્લમાં વધુ ઘટાડા સાથે નિકાહ કર્યા તો એ સહીહ થશે નહીં અને જો બાપ, દાદા યા પુત્ર સિવાય બીજા કોઈએ ગેર બિરાદરીમાં કે મહેર મિષ્લમાં અધિક ઘટાડા સાથે નિકાહ કર્યો તો બિલ્કુલ સહીહ ગણાશે નહીં (બિલ્કુલ નિકાહ થયો ગણાશે નહીં) અને જો બિરાદરીમાં જરૂરી મહેર નક્કી કરી કર્યો હશે તો એ (નિકાહ) સહીહ ગણાશે. પરંતુ બાલિગ થયા પછી તેમજ મજનૂના હોશમાં આવ્યા બાદ તથા મઅ્તવા આકિલ થયા બાદ નિકાહને તોડવાનો રદ કરવાનો અધિકાર રહેશે ભલે સંભોગ થઈ ચૂક્યો હોય. એટલે કે નિકાહ થવાની જાણ પહેલેથી થયેલી હોય તો બાલિગ થતાં તાત્કાલિક (તરત જ) નિકાહ તોડી શકે છે અને જો પહેલેથી જાણકારી ન હતી તો જે સમયે જાણકારી મળી તે વખતે તાત્કાલિક તોડી શકે છે. જો થોડું પણ મોડું થશે તો નિકાહને તોડવાનો અધિકાર જતો રહેશે. એવું, થશે નહીં કે આખરી (છેવટ) મજલિસ સુધી અખત્યાર બાકી રહે, પરંતુ નિકાહ રદ ત્યારે થશે જ્યારે કાજી નિકાહ રદ થવાનો હુકમ આપે જેથી કાજી હુકમ આપે તે દરમિયાન જો એકનું મૃત્યું થાય તો બીજો વારિસ થશે અને પૂરી મહેર લાઝિમ થશે. *(દુર્રે મુખ્તાર, ખાનિયા, જોહરા, બહાર વગેરે)*

**મસ્અલા** : ઔરત જે વખતે બાલિગ થાય તે વખતે કોઈને ગવાહ બનાવીને એમ કહે કે હું હમણા બાલિગ થઈ છું અને મારા નફ્સનો અખત્યાર જાહેર કરું છું અને જો રાતના સમયે એને હૈઝ આવ્યું તો તે વખતે જ પોતાના નફ્સનો અખત્યાર કરે અને સવારમાં ગવાહોની હાજરીમાં પોતાના બાલિગ હોવાની તેમજ અખત્યાર જાહેર કરે પરંતુ એવું ન બોલે (કહે) કે રાતમાં હું બાલિગ થઈ પરંતુ એમ કહે કે હું હમણાં જ બાલિગ થઈ છું અને મારા નફ્સનો અખત્યાર જાહેર કરું છું. હું હમણાં જ બાલિગ થઈ છું એમ કહેવાથી જૂઠ ગણાશે નહીં. *(બઝારિયા, બહાર વગેરે)*

**મસ્અલા** : ઔરતને પોતાના બાલિગ હોવાના અખત્યાર બાબતની જાણકારી ન હતી અને તેથી એણે એના સંજોગોમાં આવી બાબતમાં કોઈ અમલ ન કર્યો. પછીથી એને આ મસ્અલાની જાણકારી પ્રાપ્ત થઈ તો હવે એ કંઈ કરી શકશે નહીં, કેમ કે જહાલત બહાનું ગણાશે નહીં. કેમ કે શીખવું નહીં એ પોતાની ભૂલ છે એટલે એ મજબૂરી ચાલશે નહીં. *(હિદાયા, દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલા** : છોકરો યા પરણિત છોકરો કે છોકરી બાલિગ થયા તો ચૂપ રહેવાથી ખિયારે બુલૂગ (બાલિગ થયા પછીનો ઈખ્તિયાર) બાતિલ નહીં થાય, જ્યાં સુધી સ્પષ્ટ રીતે પોતાની રજા (જાહેર ન કરે) યા એવું કોઈ કામ ન કરે જે પોતાની રજાની દલીલ ન બને. (જેમ કે બોસો લેવું, શરીરને સ્પર્શવું, મહેર લેવી દેવી, સંભોગ માટે રાજી થવું) અહીં મજલિસથી ઊઠી જવું **ખિયાર**ને બાતિલ નહીં કરે એટલા માટે કે **ખિયાર**નો વખત તો આખી ઉંમર સુધીનો છે. રહી વાત એ કે આ નિકાહ તોડવાથી મહેર લાઝિમ થશે કે નહીં ? તો જો સંભોગ થઈ ચૂકયો હોય તો મહેર લાઝિમ થશે. નહીં તો નહીં (સંભોગ ન થયો હોય તો નહીં). *(ખાનિયા, જોહરા વગેરે)*

અને જો સંભોગ કરવામાં આવ્યો હશે તો નિકાહ તોડયા પછી ઓરત માટે ઈદ્દત પણ લાગુ રહેશે અને એ ઈદ્દતના સમય દરમિયાન જો શોહર એને તલાક આપે તો તે થશે નહીં. પરિણામે તેઓ બન્ને ફરીથી એક બીજા સાથે નિકાહ કરશે તો મર્દ ત્રણ તલાકનો માલિક ગણાશે. *(રદ્દુલ્ મુખ્તાર, બહાર વગેરે)*

# તઝકેરતુલ અવલિયા

## હઝરત ઉવૈસ કરની رضی اللہ عنہ ના હાલાત તથા ખૂબીઓ (હપ્તો : ૦૨)

*અઝ : હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ // **અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

**ઓળખ** : આપ જલીલુલ કદર તાબઈન અને મુકતદાએ અર્બઈનમાંથી થાય છે. હુઝૂરે અકરમ ﷺ ફર્માયા કરતા હતા કે ઉવૈસ એહસાન તથા મહેરબાનીના એતબારથી બેહતરીન તાબઈનમાંથી છે. અને જેની પ્રશંસા સરકારે દો આલમ ﷺ ફર્માવી દે તેની પ્રશંસા કોઈ અન્ય શું કરી શકે છે ?! કેટલીક વાર યમનની તરફ ચહેરો મુબારક કરીને હુઝૂર ﷺ ફર્માવ્યા કરતા હતા કે હું યમનની તરફથી રહમતની હવા આવતી જોઉં છું.

**પ્રશંસા** : હુઝૂરે અકરમ ﷺ ફર્માવે છે કે કયામતના દિવસે સિત્તેર હજાર ફરિશ્તાઓના જુલૂસમાં જેઓ ઉવૈસ કરની رضی اللہ عنہ ના દેખાવ જેવા હશે, ઉવૈસને જન્નતમાં દાખલ કરવામાં આવશે જેથી મખ્લૂક એમને ઓળખી ન શકે, એ શખ્સના સિવાય જેને અલ્લાહ તેમના દીદારથી મુશર્રફ કરવા ચાહે. એટલા માટે કે આપે એકાંત અપનાવીને અને મખ્લૂકથી છુપાયને કેવળ એટલા માટે ઈબાદત તથા રિયાઝત કરી કે દુનિયા આપને બરગુઝીદા ખયાલ ન કરે. અને એ જ મસ્લેહતને લક્ષમાં રાખીને કયામતના દિવસે આપની ગુપ્તતાને કાયમ રાખવામાં આવશે. હુઝૂરે અકરમ ﷺ એ ફર્માવ્યું કે, "મારી ઉમ્મતમાં એક એવો શખ્સ છે જેની શફાઅતથી કબીલા રબિઆ તથા મુઝરના ઘેટાંઓના વાળોના બરાબર ગુનેહગારોને બખ્શી દેવામાં આવશે." રબિઆ તથા મુઝર બે કબીલાઓ છે જેમાં ખૂબ જ અધિક પ્રમાણમાં ઘેટાંઓ જોવા મળે છે. અને જ્યારે સહાબાએ કિરામે હુઝૂર ﷺ ને પૂછયું કે, એ કોણ શખ્સ છે અને કયાં વસે છે ? તો આપે ફર્માવ્યું કે તે ઉવૈસ કરની છે.

**બાતિનની આંખ વડે ઝિયારત થઈ** : જ્યારે સહાબાએ કિરામે પૂછયું કે શું તે કદી આપની ખિદમતમાં હાજર થયા છે ? આપે ફર્માવ્યું, કદી નહીં ! પરંતુ જાહેરી આંખોને બદલે બાતિની આંખ વડે તેને મારા દીદારની સઆદત હાંસલ છે. અને મારા સુધી ન પહોંચવાનાં બે કારણો છે : એક હાલનો ગલ્બો અને બીજુ શરીઅતની તાઝીમ. કેમ કે તેમનાં મા મોમિના પણ છે અને ઝઈફ તથા નાબીના પણ છે અને ઉવૈસ ઊંટો ચરાવવાના ધંધા થકી તેમના માટે રોજી હાંસલ કરે છે. પછી જ્યારે સહાબીઓએ પૂછયું કે શું અમે એમનાથી મુલાકાતનો શરફ હાંસલ કરી શકીએ છીએ ? તો હુઝૂરે ફર્માવ્યું કે, નહીં ! અલ્બત ઉમર તથા અલી સાથે એમની મુલાકાત થશે. અને એમની શાન એ છે કે પૂરા શરીર પર વાળ છે, અને હથેળીના ડાબા પાસા પર એક વરમના જેવો સફેદ રંગનો દાગ છે, પરંતુ તે કોઢનો દાગ નથી. જેથી જ્યારે એમની સાથે મુલાકાત થાય તો મારા સલામ પહોંચાડયા બાદ મારી ઉમ્મતના માટે દુઆ કરવાનો પૈગામ પણ આપજો. પછી જ્યારે સહાબાએ અર્ઝ કરી કે આપના પહેરણ મુબારકનો હકદાર કોણ છે ? તો ફર્માવ્યું કે, ઉવૈસ કરની !

**તાબઈનો મકામ અને સહાબાનુ કુતૂહલ** : ખિલાફતે રાશિદાના દૌરમાં જ્યારે હઝરત ઉમર તથા હઝરત અલી رضی اللہ عنہما કૂફા પહોંચ્યા અને યમનવાળાઓથી એમનો પતો પૂછયો તો કોઈએ કહ્યું કે હું એમનાથી સંપૂર્ણપણે વાકિફ તો નથી, અલ્બત્ત ! એક દીવાનો

આબાદીથી દૂર અરફાની વાદીમાં ઊંટ ચરાવ્યા કરે છે અને સૂકી રોટી એનો ખોરાક છે, લોકોને હસતા જોઈને ખુદ રડે છે, અને રડતા લોકોને જોઈને ખુદ હસે છે. જેથી હઝરત ઉમર તથા હઝરત અલી જ્યારે ત્યાં પહોંચ્યા તો જોયું કે હઝરત ઉવૈસ رضی اللہ عنہ નમાઝમાં વ્યસ્ત છે અને ફરિશ્તાઓ એમનાં ઊંટ ચરાવી રહ્યા છે. નમાઝથી ફરાઅત બાદ જ્યારે એમનું નામ પૂછયું તો જવાબ આપ્યો કે અબ્દુલ્લાહ, એટલે અલ્લાહનો બંદો. હઝરત ઉમરે ફર્માવ્યું કે તમારું અસલી નામ બતાવો ! આપે જવાબ આપ્યો કે ઉવૈસ છે. પછી હઝરત ઉમરે ફર્માવ્યું કે તમારો હાથ બતાવો ! તેમણે જ્યારે હાથ બતાવ્યો તો હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلمની વર્ણવેલી તે નિશાની જોઈને હઝરત ઉમરે દસ્તબોસી કરી અને હુઝૂર صلی اللہ علیہ وسلمનો લિબાસ મુબારક પેશ કરતાં સલામ પહોંચાડીને ઉમ્મતે મુહમ્મદીના માટે દુઆ કરવાનો પૈગામ પણ આપ્યો. આ સાંભળીને ઉવૈસ કરનીએ અર્ઝ કરી, આપ સારી રીતે દેખભાળ કરી લો ! કદાચ ! તે કોઈ અન્ય શખ્સ હોય જેના વિશે હુઝૂર صلی اللہ علیہ وسلمએ નિર્દેશ કર્યો છે. હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું કે, જે નિશાની હુઝૂર صلی اللہ علیہ وسلمએ અમને દર્શાવી છે તે આપનામાં મૌજૂદ છે. આ સાંભળીને ઉવૈસ કરનીએ અર્ઝ કરી, હે ઉમર ! તમારી દુઆ મારા કરતાં વધુ લાભદાયી પુરવાર થઈ શકે છે. આપે ફર્માવ્યું, હું તો દુઆ કરતો જ રહું છું, અલ્બત્ત આપે હુઝૂર صلی اللہ علیہ وسلمની વસિયત પૂરી કરવી જોઈએ. જેથી હઝરત ઉવૈસ رضی اللہ عنہએ હુઝૂર صلی اللہ علیہ وسلمનો લિબાસ મુબારક થોડાક દૂર લઈ જઈને અલ્લાહ તઆલાથી દુઆ કરી કે યા રબ ! જ્યાં સુધી તું મારી સિફારિશ પર ઉમ્મતે મુહમ્મદીની મગફેરત કરીશ નહીં ત્યાં સુધી હું સરકારે દો આલમ صلی اللہ علیہ وسلمનો લિબાસ હરગિઝ પહેરીશ નહીં, કેમ કે તારા નબીએ પોતાની ઉમ્મતને મારા હવાલે કરી છે. જેથી ગયબી નિદા આવી કે અમે તારી સિફારિશ પર (અમુક) વ્યક્તિઓની મગફિરત આપી. પરંતુ આપે ફરી અર્ઝ કરી કે પૂરી ઉમ્મતની મગફિરત ફર્માવી આપ ! જવાબ મળ્યો કે અમે એક હજાર વ્યક્તિઓની મગફિરત કરી આપી. એ જ પ્રમાણે આપ દુઆમાં મશગૂલ હતા, એવામાં હઝરત ઉમર તથા હઝરત અલી رضی اللہ عنہما આપની સમક્ષ પહોંચી ગયા અને જ્યારે આપે સવાલ કર્યો કે આપ બંનેવ હઝરાત શા માટે આવી ગયા ?! હું તો જ્યાં સુધી પૂરી ઉમ્મતી મગફિરત ન કરાવી લેતો ત્યાં સુધી આ લિબાસ કદી ન પહેરતો.

**વિલાયતનો મક઼ામ ખિલાફ઼તથી બેહતર :** હઝરત ઉમર رحمۃ اللہ علیہએ આપને એવા કંબલના લિબાસમાં જોયા જેની નીચે તવંગરીના હજારો આલમ છુપા હતા. એ જોઈને આપના દિલમાં ખિલાફતથી દસ્તબરદારીની ખ્વાહિશ જાગી અને ફર્માવ્યું કે શું કોઈ એવો શખ્સ છે જે રોટીના એક ટુકડાના બદલામાં મારાથી ખિલાફત ખરીદે ? આ સાંભળીને હઝરત ઉવૈસ رضی اللہ عنہએ કહ્યું કે કોઈ મૂર્ખ શખ્સ જ ખરીદી શકે છે ! આપે તો વેચવાને બદલે ઉઠાવીને ફેંકી દેવી જોઈએ, પછી જેનો જીવ ચાહશે ઉઠાવી લેશે. આવું કહીને આપે હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلمનો મોકલાવેલ લિબાસ પહેરી લીધો અને ફર્માવ્યું કે મારી સિફારિશ પર બનૂ રબિઆ તથા બનૂ મુઝરનાં ઘેટાંઓના વાળોની જેટલા લોકોની અલ્લાહ તઆલાએ મગફિરત ફર્માવી આપી. અને જ્યારે હઝરત ઉમર رضی اللہ عنہએ આપનાથી હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلمની ઝિયારત ન કરવા વિશે સવાલ કર્યો, તો આપે તેમને પૂછયું કે જો તમો દીદારે નબી صلی اللہ علیہ وسلمથી મુશર્રફ થયા છો તો બતાવો કે હુઝૂર صلی اللہ علیہ وسلمનાં ભવાં ફેલાયેલ હતાં કે ગાઢ ? પરંતુ બંને સહાબીઓ જવાબથી લાચાર રહ્યા.

**નબી صلی اللہ علیہ وسلمના અનુસરણમાં દાંત મુબારકને તોડવું :** હઝરત ઉવૈસ કરની رضی اللہ عنہએ કહ્યું કે જો આપ નબી صلی اللہ علیہ وسلمના સાથીઓમાંથી છો તો એ બતાવો કે જંગે ઓહદમાં હુઝૂર صلی اللہ علیہ وسلمનો કયો દાંત

મુબારક શહીદ થયો હતો ? અને આપે નબી ﷺના અનુસરણમાં તમારા સર્વ દાંતો કેમ ન તોડી નાખ્યા ? આવું કહીને પોતાના સર્વ તૂટેલા દાંતો દેખાડીને કહ્યું કે જ્યારે દાંત મુબારક શહીદ થયો તો મેં મારો એક દાંત તોડી નાખ્યો, પછી ખયાલ આવ્યો કે કદાચ કોઈ બીજો દાંત શહીદ થયો હોય, એવી રીતે એક એક કરીને જ્યારે સર્વ દાંત તોડી નાખ્યા ત્યારે મને સંતોષ થયો. આ જોઈને બંનેવ સહાબીઓ પર રિક્કત છવાઈ ગઈ અને એ અંદાઝો થઈ ગયો કે અદબના લેહાઝનો હક્ક આ જ હોય છે. જો કે હઝરત ઉવૈસ દીદારે નબી ﷺથી મુશર્રફ ન થઈ શક્યા, પરંતુ રસૂલ ﷺની પયરવીનો સંપૂર્ણ હક્ક અદા કરીને દુનિયાને અદબનો દર્સ આપતાં રવાના થઈ ગયા.

**મો'મિનના માટે ઈમાનની સલામતી જરૂરી છે** : જ્યારે હઝરત ઉમર رضی اللہ عنہએ પોતાના માટે દુઆની દરખાસ્ત કરી તો આપે કહ્યું કે નમાઝમાં તશહહુદ બાદ આ દુઆ કર્યા કરું છું : اَللّٰھُمَّ اغْفِرْ لِلْمُؤمِنِیْنَ وَ الْمُؤمِنَاتِ "હે અલ્લાહ ! તમામ મો'મિન પુરૂષો તથા મો'મિના સ્ત્રીઓની મગફિરત ફર્માવ." અને તમે ઈમાનની સાથે દુનિયાથી વિદાય થયા તો તમને ખુશી નસીબ થશે, નહીં તો મારી દુઆ નિરર્થક થઈને રહી જશે.

**વસિયત** : હઝરત ઉમર رضی اللہ عنہએ જ્યારે વસિયત કરવા માટે કહ્યું તો આપે કહ્યું કે હે ઉમર ! જો ખુદાને જાણો છો તો એનાથી અફઝલ અન્ય કોઈ વસિયત નથી કે તમે ખુદા સિવાય કોઈ અન્યને ન ઓળખો. પછી પૂછયું કે હે ઉમર ! શું અલ્લાહ તઆલા તમને પહેચાને છે ? આપે ફર્માવ્યું, હા ! હઝરત ઉવૈસ رضی اللہ عنہએ કહ્યું કે બસ ! ખુદા સિવાય તમને કોઈ ન ઓળખે એ જ તમારા માટે અફઝલ છે.

**બેનિયાઝી** : હઝરત ઉમર رضی اللہ عنہએ વિનંતિ કરી કે આપ થોડીવાર માટે આ જ જગાએ રહો, હું આપના માટે કાંઈક લઈને આવુ છું. આપે ખિસ્સામાંથી બે દિરહમ કાઢીને દેખાડતાં કહ્યું કે આ ઊંટ ચરાવવાની મજૂરી છે. અને જો તમે એ બાંહેધરી આપો કે આ દિરહમ ખર્ચ થતા પહેલાં મારુ મૌત નહીં આવે, તો યકીનન ! આપનો જીવ જે ચાહે એનાયત કરી આપો, નહીં તો આ બે દિરહમ મારા માટે પૂરતા છે. પછી ફર્માવ્યું કે અહીં સુધી પહોંચવામાં આપ હઝરાતને જે તકલીફ પહોંચી છે એના માટે હું માફી ચાહું છું. અને હવે આપ બંનેવ પરત થઈ જાવ, કેમ કે કયામતનો દિવસ નજીક છે અને હું આખેરતના ભાથાની ફિકરમાં લાગેલો છું. પછી તે બંનેવ સહાબીઓના પરત થયા બાદ જ્યારે લોકોના દિલોમાં હઝરત ઉવૈસ કરની رضی اللہ عنہની અઝમત બેસી ગઈ અને ભીડ થવા માંડી તો આપ ગભરાયને કૂફામાં સ્થાયી થઈ ગયા અને ત્યાં પહોંચ્યા બાદ પણ કેવળ હરમ બિન હબ્બાન સિવાય કોઈ અન્ય શખ્સે આપને નથી જોયા. કેમ કે જ્યારથી હરમ બિન હબ્બાન رضی اللہ عنہએ આપની શફાઅતનો બનાવ સાંભળ્યો હતો તો ઝિયારતની આતુરતામાં તલાશ કરતાં કૂફા પહોંચ્યા.

પેજ નં. 02 નું ચાલુ...

ઉષ્મા આપણને સાચા અર્થમાં મુસલમાન બનાવે છે. જો આપણને આપણા આકા વ મૌલા ﷺ થી ઈશ્ક નથી તો પછી આપણે આપણા મુસલમાનીના દાવા પર પણ ફેર દૃષ્ટિ કરવી જોઈએ, કેમ કે ઈશ્ક વિના કાંઈ હાંસલ થશે નહીં, ઈશ્ક જૌહર છે, ઈશ્ક પાયો છે. જ્યારે પાયો જ ખરાબ હોય તો ઈમારતની સ્થિરતાની જિમ્મેદારી કોણ લઈ શકે છે ?! આવો ! આપણે સૌ દુઆ કરીએ કે હે અલ્લાહ ! عزوجل તું અમને તારા પ્યારા મહબૂબ ﷺના પ્યારા સાથી હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہના ઈશ્ક તથા ઈખ્લાસનો સદકો અતા ફર્માવ, અમારું નામ એ ગુલામોમાં લખી લે, અને અમને હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہના સદકામાં ઈશ્કમાં સાચા બનાવી દે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.

*–(સુન્ની દા'વતે ઈસ્લામી, મંથલી, એપ્રિલ–૨૦૧૭)*

# મહબ્બતે રસૂલ ﷺ નું
## મહત્વ, સબબો, દષ્ટાંતો, નિશાનીઓ

હપ્તો : ૦૨

**અઝ** : અલ્લામા ગુલામ રસૂલ સઈદી عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ ★ **અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી

ઈમામ બયહક્રીએ ઉરવાથી રિવાયત કરી છે કે જ્યારે મક્કાવાસીઓ હઝરત ઝયદ બિન દષનહ رضی اللہ عنہ ને ક્રત્લ કરવાના માટે હરમથી બહાર લઈ જવા લાગ્યા તો અબૂ સુફયાને કહ્યું, હે અબૂ ઝયદ ! હું તમને અલ્લાહની ક્રસમ આપીને પૂછુ છું, એ બતાવો કે શું તમે એ પસંદ કરો છો કે અત્યારે અમારી પાસે તમારી જગાએ મુહમ્મદ (ﷺ) હોતા અને તમારા બદલે એમની ગરદન મારી દેવામાં આવતી ? હઝરત ઝયદે કહ્યું, ખુદાની ક્રસમ ! મને તો એ પણ માન્ય નથી કે હું મારાં ઘરવાળાંઓમાં આરામથી રહું અને રસૂલુલ્લાહ ﷺના પગમાં કાંટો ભોંકાય જાય !

અબૂ સુફયાને કહ્યું, **ખુદાની ક્રસમ ! મેં કોઈ શખ્સને કોઈની સાથે આટલી મહોબ્બત કરતાં નથી જોયો, જેટલી મુહમ્મદ ﷺના સહાબીઓને મુહમ્મદ ﷺ સાથે મહોબ્બત કરતા જોયા છે.** *(શિફા શરીફ–ક્રાઝી અયાઝ, ૨/૧૭–૧૯, મુલ્તાન)*

અને ઈમામ બુખારી રિવાયત કરે છે : સુલહે હુદૈબિયાના મોક્રા પર ઉરવાએ ત્રાંસી નજરે હુઝૂર ﷺને જોયા. તેણે કહ્યું, ખુદાની ક્રસમ ! રસૂલુલ્લાહ ﷺ જ્યારે પણ થૂકતા તો સહાબીઓમાંથી કોઈ ન કોઈ આપના લુઆબે દહનને પોતાના હાથો પર લઈ લેતો અને તેને ચહેરા તથા શરીર પર ઘસતો, અને જ્યારે આપ તેમને કોઈ વાતનો હુકમ આપતા તો તેના પર અમલ કરવા માટે સૌ ઝપટી પડતા. અને જ્યારે આપ વુઝૂ કરતા તો આપના શરીરને સ્પર્શીને પડવાવાળા પાણીને લેવા માટે તેઓ તૂટી પડતા અને એવું લાગતુ હતું કે આ પાણીને મેળવવા માટે તેઓ એકબીજાને ક્રત્લ કરી આપશે. જ્યારે આપ વાતચીત કરતા તો તેઓ સૌ ખામોશ થઈ જતા અને તાઝીમના કારણે આપની તરફ નજર ઉઠાવતા ન હતા. જ્યારે ઉરવા પોતાના સાથીઓ (મક્કાના કાફિરો)ની તરફ પરત થયો તો તેણે કહ્યું, **ખુદાની ક્રસમ ! હું મહાન બાદશાહોના દરબારોમાં ગયો છું, હું કૈસર, કિસ્રા તથા નજ્જાશીના ત્યાં ગયો છું, ખુદાની ક્રસમ ! મેં કોઈ બાદશાહના દરબારીઓને એ બાદશાહની એટલા પ્રમાણમાં તાઝીમ કરતા નથી જોયા જેટલા પ્રમાણમાં મુહમ્મદ ﷺના સહાબીઓને મુહમ્મદ ﷺની તાઝીમ કરતા જોયા છે.** *(બુખારી શરીફ)*

### રસૂલુલ્લાહ ﷺથી મહોબ્બતની નિશાનીઓ

રસૂલુલ્લાહ ﷺથી મહોબ્બતની ઘણી નિશાનીઓ છે. અમો અહીં એમાંથી દસ નિશાનીઓ વર્ણવીએ છીએ.

**૧. રસૂલ ﷺનું આજ્ઞાપાલન** : જે વ્યક્તિ સાથે મહોબ્બત હોય છે માણસ તેનુ આજ્ઞાપાલન તથા અનુસરણ કરે છે. જેથી **રસૂલુલ્લાહ ﷺથી મહોબ્બતની નિશાની એ છે કે આપના હુકમો પર અમલ કરવામાં આવે અને આપના નક્શે ક્રદમ પર ચાલવામાં આવે.**

કુર્આન મજીદમાં છે :–

وَ مَآ اٰتٰىكُمُ الرَّسُوْلُ فَخُذُوْهُ ۗ وَ مَا نَهٰىكُمْ عَنْهُ فَانْتَهُوْا ۚ

"અને રસૂલુલ્લાહ ﷺ તમને જે (હુકમ) આપે એને લઈ લો અને જે ચીજથી મના કરે એનાથી રોકાઈ જાવ." *(સૂ. હશ્ર, આ–૭)*

બીજી આયતમાં છે :–

قُلْ اِنْ كُنْتُمْ تُحِبُّوْنَ اللّٰهَ فَاتَّبِعُوْنِيْ يُحْبِبْكُمُ اللّٰهُ وَ يَغْفِرْ لَكُمْ ذُنُوْبَكُمْ ؕ

"આપ ફર્માવી દો, જો તમો અલ્લાહથી મહોબ્બત ધરાવો છો તો મારી પયરવી કરો, અલ્લાહ તમને પોતાનો મહબૂબ બનાવી લેશે, અને તમારા ગુનાહ બખ્શી આપશે." *(સૂ. આલે ઈમરાન, આ–૩૧)*

તેમજ ફર્માવ્યું :–

قُلْ اَطِيْعُوا اللّٰهَ وَ الرَّسُوْلَ ۚ فَاِنْ تَوَلَّوْا فَاِنَّ اللّٰهَ لَا يُحِبُّ الْكٰفِرِيْنَ ۝٣٢

"આપ ફર્માવી દો, અલ્લાહ અને તેના રસૂલનું આજ્ઞાપાલન કરો, પછી જો તેઓ વિમુખ થાય તો બેશક ! અલ્લાહ કાફિરોને પસંદ નથી કરતો." *(સૂ. આલે ઈમરાન, આ–૩૨)*

એટલા માટે આપનાથી મહોબ્બતનો તક઼ાઝો એ છે કે આપના હુકમો પર અમલ કરવામાં આવે અને જે કામોથી મના કર્યું છે એનાથી દૂર રહેવામાં આવે, ચાહે તકલીફ હોય કે રાહત, ખુશી હોય કે રંજ, દરેક હાલતમાં આપના કાર્યોનું અનુસરણ તથા આપની સુન્નતોને અનુસરવામાં આવે અને પોતાના નફસની ઈચ્છાઓ અને ડિમાન્ડો પર આપની સુન્નતને અગ્રતા આપવામાં આવે.

હાફિઝ ઈબ્ને અસાકિર રિવાયત કરે છે : "જેણે મારી સુન્નત સાથે મહોબ્બત કરી તેણે મારી સાથે મહોબ્બત કરી." *(ઈબ્ને અસાકિર, તહઝીબે તારીખે દમિશ્ક઼, ૩/૧૪૫, બૈરૂત)*

ઈમામ તિર્મિઝી રિવાયત કરે છે : "હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ વર્ણન કરે છે કે મને રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હે બેટા ! જો તમે એના પર શક્તિમાન હોવ કે એ હાલમાં સવાર તથા સાંજ કરો કે **તમારા દિલમાં કોઈના વિરૂધ્ધ ખોટ (કીનો) ન હોય, તો એવું કરી લો.** પછી ફર્માવ્યું, હે બેટા ! **આ મારી સુન્નત છે.** જેણે મારી સુન્નતને જીવંત કરી એણે મને જીવંત કર્યો, અને જેણે મને ઝિંદા કર્યો **તે મારી સાથે જન્નતમાં હશે."**

ક઼ાઝી અયાઝે આ હદીષને આ શબ્દોમાં વર્ણન કરી છે : "જેણે મારી સુન્નતથી મહોબ્બત કરી તેણે મારાથી મહોબ્બત કરી, અને જેણે મારાથી મહોબ્બત કરી એ મારી સાથે જન્નતમાં હશે." *(શિફા શરીફ, ૨/૨૦)*

સારાંશ એ કે જે શખ્સ રસૂલુલ્લાહ ﷺનું પૂર્ણપણે આજ્ઞાપાલન તથા અનુસરણ કરે છે અને આપનાથી કામિલ મહોબ્બત ધરાવે છે, અને જેના આજ્ઞાપાલન તથા અનુસરણ (ઈતાઅત તથા ઈત્તેબાઅ)માં કમી છે તેની મહોબ્બતમાં કમી છે. પરંતુ તે મહોબ્બતથી ખાલી નથી. એની દલીલ આ હદીષ છે. ઈમામ બુખારી રિવાયત કરે છે :

હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ વર્ણવે છે કે રસૂલુલ્લાહ ﷺના (જાહેરી) સમયમાં અબ્દુલ્લાહ નામનો એક શખ્સ હતો એને હેમારનો લક઼બ આપવામાં આવ્યો હતો. તે રસૂલુલ્લાહ ﷺને હસાવ્યા કરતો હતો. રસૂલુલ્લાહ ﷺએ તેને શરાબ પીવા પર કોરડા ફટકાર્યા હતા. તેને એક દિવસે ફરી લાવવામાં આવ્યો અને આપે તેને કોરડા મારવાનો હુકમ આપ્યો. લોકોમાંથી એક શખ્સે કહ્યું, હે અલ્લાહ ! આના પર લઅનત કર ! એને કેટલીવાર કોરડા મારવામાં આવ્યા છે ! નબી કરીમ ﷺએ ફર્માવ્યું, એને લઅનત ન કરો ! બખુદા ! તમને ખબર નથી, આ શખ્સ અલ્લાહ તથા તેના રસૂલથી મહોબ્બત કરે છે." *(જામેઅ તિર્મિઝી, પેજ–૩૮૨)*

## સુન્નતના અનુસરણની મીઠાશ

રસૂલુલ્લાહ ﷺની મહોબ્બતની ચાસણી અને આપની ઈત્તેબાઅ (અનુસરણ)ની મીઠાશ એ છે કે આપ ﷺની મુત્લક્ન ઈત્તેબાઅ કરવામાં આવે, ચાહે કોઈ કામની હિકમત બુદ્ધિમાં આવે કે ન આવે, અને કોઈ કામનો ફાયદો સમજમાં આવે કે ન આવે. **જે કામ આપ ﷺએ કર્યું હોય તે કામને કેવળ એ નિય્યતથી કરવામાં આવે કે એને આપ ﷺએ કર્યું છે એટલે કરીએ છીએ.**

ઈમામ બુખારી રિવાયત કરે છે : "ઝયદ બિન અસ્લમ رضی اللہ عنہ પોતાના પિતાથી રિવાયત કરે છે કે મેં જોયું કે હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہએ હજરે અસ્વદને બોસો આપ્યો અને કહ્યું, જો મેં એ ન જોયું હોત કે રસૂલુલ્લાહ ﷺએ તને બોસો આપ્યો છે તો હું તને બોસો ન આપત." *(બુખારી શરીફ)*

ઈમામ ઈબ્ને માજહ રિવાયત કરે છે : "ઉમૈયા બિન અબ્દુલ્લાહ બિન ખાલિદ કહે છે, તેમણે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہને પૂછયું કે વતનમાં તથા જંગની હાલતમાં નમાઝ પઢવાનો તરીકો તો કુર્આનમાં વર્ણન થયેલો છે, પરંતું સફરમાં નમાઝ પઢવાનો તરીકો (એટલે કસર કરવાનો) અમને કુર્આનમાં નથી મળતો ! હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہએ જવાબ આપ્યો કે અલ્લાહ તઆલાએ મુહમ્મદ ﷺને અમારી તરફ મોકલ્યા. અમને કોઈ ચીજનો ઈલ્મ નથી. અમે તે જ કરીએ છીએ જે અમે મુહમ્મદ ﷺને કરતાં જોયા છે. *(સુનને ઈબ્ને માજહ, પેજ—૭૪, કરાચી)*

અલ્લામા ખફફાજી મુસ્નદે બઝ્ઝાર તથા મુસ્નદે અહમદના હવાલાથી વર્ણન કરે છે : "હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما એક જગાએ ઊંટણી પર સવાર થઈને વર્તુળ બનાવી રહ્યા હતા. (ગોળ ચક્કર કાપી રહ્યા હતા) અમને પૂછવામાં આવ્યું, આ રીતે ગોળ ચક્કર મારવાની શું હિકમત છે ? તેમણે કહ્યું, મને કાંઈ ખબર નથી ! મેં આ સ્થળે રસૂલુલ્લાહ ﷺને ચક્કર કાપતા જોયા હતા, જેથી હું આ પ્રમાણે ચક્કર કાપી રહ્યો છું." *(નસીમુર્રિયાઝ, ૩/૩૩૭)*

ઔબેદ ઈબ્ને જુરૈજ કહે છે કે તેમણે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماને પૂછયું, હે અબૂ અબ્દુર્રહમાન ! મેં તમને ચાર એવાં કામો કરતા જોયા છે જે આપના સાથીઓમાંથી કોઈ નથી કરતું. હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہએ પૂછયું, એ કયાં કામો છે ?! તેમણે કહ્યું, મેં જોયું છે કે આપ કા'બાના ચાર ખૂણાઓમાંથી કેવળ બે ખૂણાઓ (હજરે અસ્વદ તથા રુકને યમાની) પર સ્પર્શ કરો છો. અને મેં તમને વાળો વિનાના ચામડાના જોડા પહેરતા જોયા છે. અને મેં તમને પીળા રંગનો ખિઝાબ લગાડતા જોયા. અને મેં જોયું કે આપ મક્કામાં હતા, લોકોએ ચાંદ જોતાં જ એહરામ બાંધી લીધો જ્યારે આપ યૌમે તરવિય્યહ (આઠ ઝીલ હજ્જ)થી પહેલાં એહરામ નથી બાંધતા. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماએ કહ્યું, અરકાનનું કારણ એ છે કે મેં રસૂલુલ્લાહ ﷺને કેવળ બે રુકનો (ખૂણાઓ) હજરે અસ્વદ તથા રુકને યમાનીને સ્પર્શતા જોયા છે. અને રહ્યું વાળો વિનાના જોડા પહેરવું, તો મેં જોયું કે રસૂલુલ્લાહ ﷺ એવા ચામડાના જોડા પહેરતા હતા જેમાં વાળ ન હોતા, અને એમાં વુઝૂ કરતા હતા. તો હું પણ એવા ચામડાના જોડા પહેરવાનુ પસંદ કરું છું. અને રહ્યો પીળા રંગનો ખિઝાબ, તો તેનુ કારણ એ છે કે મેં રસૂલુલ્લાહ ﷺને પીળા રંગનો ખિઝાબ લગાડતા જોયા છે, જેથી મને પણ પીળા રંગનો ખિઝાબ લગાડવાથી મહોબ્બત છે. અને રહ્યું આઠ ઝીલ હજ્જના રોજ એહરામ બાંધવું, તો મેં આપને એ જ દિવસે એહરામ બાંધતા જોયા છે, જ્યારે આપની ઊંટણી આપને લઈને રવાના થઈ." *(સહીહ બુખારી, ૧/૨૮)*

આમ તો આ હદીષમાં વર્ણવેલ ચારેવ બાબતો હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماના રસૂલે પાક ﷺના અનુસરણની દલીલ પૂરી પાડે છે, પરંતુ ખાસ કરીને પ્રથમ બાબત વિચારવા જેવી છે, કેમ કે

પેજ નં. 10 નું ચાલુ...

કા'બાના ચારેવ ખૂણાઓ બૌધ્ધિક દ્રષ્ટિએ તાઝીમ કરવાની બાબતે સમાનતા ધરાવે છે, અને રુકને યમાનીવાળા ખૂણાની બૌધ્ધિક રીતે કોઈ અગ્રતા નથી. પરંતુ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہماએ રસૂલુલ્લાહ ﷺને કેવળ રુકને યમાનીને જ સ્પર્શ કરતાં જોયા હતા, એટલા માટે તે કેવળ એને જ સ્પર્શતા હતા.

એ જ પ્રમાણે જ્યારે રસૂલુલ્લાહ ﷺની સાથે સહાબાએ કિરામ ઉમરાએ હુદૈબિયહ કરવા ગયા તો મક્કાના કાફિરોએ સહાબાએ કિરામને જોઈને કહ્યું, યષરબના તાવે એમને કમજોર કરી દીધા છે. રસૂલુલ્લાહ ﷺએ આ સાંભળીને સહાબાએ કિરામને ફર્માવ્યું કે તવાફમાં 'રમલ' કરો. એટલે પહેલવાનની જેમ અકડાઈ અકડાઈને તવાફ કરો જેથી મક્કાના કાફિરોને જણાય કે એઓ કમજોર નથી પણ શક્તિમાન છે. પરંતુ જ્યારે મક્કા ફતહ થઈ ગયું અને સર્વ અરબની ભૂમિમાં ઈસ્લામ ફેલાય ગયો તો હવે બૌધ્ધિક રીતે તવાફમાં 'રમલ'નું કોઈ કારણ ન હતું, છતાં રસૂલુલ્લાહ ﷺએ તવાફમાં રમલ કર્યો હતો એટલા માટે રસૂલે પાક ﷺના સહાબીઓ બાદમાં પણ રમલ કરતા રહ્યા અને આજ સુધી એના પર અમલ થઈ રહ્યો છે.

ઈમામ બુખારી રિવાયત કરે છે : ઝયદ બિન અસ્લમ પોતાના પિતાથી રિવાયત કરે છે કે હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہએ હજરે અસ્વદને સંબોધીને કહ્યું, ખુદાની ક઼સમ ! મને યક઼ીનન ! ઈલ્મ છે કે તું કેવળ એક પથ્થર છે, ન નફો આપે છે ન નુકસાન. અને જો મેં એ ન જોયું હોત કે રસૂલુલ્લાહ ﷺએ તને બોસો આપ્યો છે તો હું તને બોસો ન આપત. પછી હઝરત ઉમરે હજરે અસ્વદને બોસો આપ્યો. પછી ફર્માવ્યું, આપણે રમલ કરવાની શું જરૂરત છે, આપણે મુશ્રિકોને (પોતાની શક્તિ) દેખાડવા રમલ કરતા હતા અને હવે અલ્લાહ તઆલાએ મુશ્રિકોને ખત્મ કરી આપ્યા છે ! પછી ફર્માવ્યું, રમલ તે કામ છે જેને રસૂલુલ્લાહ ﷺએ કર્યું છે. અને જે કામને આપ ﷺએ કર્યું હોય એને ત્યજવાનું પસંદ નથી કરતા." *(બુખારી શરીફ)* ........*(ક્રમશઃ)*

**૭૪.** અર્થાત હરામ થતા પહેલાં જે લીધું તેના પર પકડ નથી.

**૭૫.** જેવો ઈચ્છો તેવો હુકમ કરે, જેને ચાહે મના તથા હરામ ઠરાવે, બન્દા માટે તેની તાબેદારી અનિવાર્ય છે.

**૭૬. મસ્અલો : જે વ્યાજને હલાલ જાણે તે કાફિર છે,** હમેશાં દોઝખમાં રહેશે કારણ કે હરામે કતઈને હલાલ સમજનાર કાફિર થઈ જાય છે.

**૭૭.** અને તેમાં બરકત આપતો નથી, હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલા ન એનાથી સદક઼ો ક઼બૂલ કરે છે ન હજ, ન જેહાદનો સવાબ મળે છે ન સગાસંબંધીઓ સાથે વર્તણૂંક કરવાનો.

**૭૮.** એમાં વધારો કરે છે અને બરકત આપે છે, દુનિયા અને આખિરતમાં એનો સવાબ વધારે છે.

**૭૯.** આ આયત તે લોકો માટે ઉતરી જે હરામ થતાં પહેલાં વ્યાજનું લેણ દેણ કરતા હતા, અને તેઓની વ્યાજની મોટી મોટી રકમો બીજાઓ પાસે બાકી હતી. આ આયતમાં હુકમ કરવામાં આવ્યો છે, હરામનો હુકમ નાઝિલ થયા પછી પહેલાનું લેણુ પણ છોડી દો અને પહેલાં નક્કી કરેલું વ્યાજ પણ લેવું જાઈઝ નથી.

**૮૦.** આ વ્યાજની બુરાઈ છોડાવવા ખાતર સજાની ખબર અને ધમકી રૂપે કહેવાયું છે, નહીં તો કોની હિમ્મત છે કે અલ્લાહ અને રસૂલ સાથે લડાઈની કલ્પના પણ કરી શકે ! જેમ કે લોકોએ પોતાનાં વ્યાજનાં લેણાં છોડી દીધાં, અને કહ્યું કે અલ્લાહ રસૂલ સાથે લડાઈની અમારી હિંમત નથી, અમે તૌબા કરીએ છીએ.

**૮૧.** વધારે લઈને.

**૮૨.** મૂડી કરતાં ઓછુ લઈને.

# જિમ્મેદારીના એહસાસનો અભાવ... એક કૌમી રોગ !

રજૂકર્તા
**મૌલાના મુહમ્મદ રઉફ રઝવી-પાલેજ**
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ ફયઝાને નૂરી-ડભોઈ)*

ફિકહે ઈસ્લામીના તલબા શમ્સુલ અઈમ્મા ઈમામ શમ્સુદીન અલ સરખસી عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانۡના નામ અને કામથી વાકેફ હશે. ઈતિહાસકારોએ લખ્યું છે કે ફિકહે હનફીના તે નામાંકિત ફકીહથી સમયનો ગવર્નર કોઈ બાબતે ક્રોધિત થઈ ગયો અને તેણે આપને સજારૂપે અંધાર્યા કૂવામાં કેદ કરાવી દીધા. આ પરિસ્થિતિમાં જ્યારે કે આપની પાસે કલમ હતી ન કિતાબ અને ન કાગળનો ટુકડો, એકાંત કારાવાસ અને અંધારા કૂવામાં ખૂબ જ તકલીફો અને દુ:ખ સહન કરી રહ્યા હતા. આપે આ સૌથી ખરાબ પરિસ્થિતિમાં દીન અને મિલ્લતની ખિદમત અને ફિકહ તથા ઈલ્મના પ્રચારનો જઝબો ઠંડો ન થવા દીધો અને તે સમયને મોટા લક્ષ્યાંકો માટે ઉપયોગ કરાવી અનોખી રીતે શોધ કરી. આપના વિદ્યાર્થીઓ કૂવાના કિનારે કલમ અને કાગળ લઈને હાજર થઈ જતા અને આપ તેઓને ફિકહે હનફીના મસાઈલ તથા ચર્ચાઓ (બહષો) લખાવતા રહેતા. એ રીતે હજારો પેજ પર આધારિત મહાન કિતાબ المبسوط (અલ મબ્સૂત) તૈયાર થઈ ગઈ, જે પોતાની આગવી લાક્ષણિકતાઓને આધારે ફિકહે હનફીમાં પ્રાથમિક શ્રોત માનવામાં આવે છે.

### ★ આરામ તલબી, આળસ તથા ગફલતનાં પરિણામો ★

સમયનું મહત્વ અને મૂલ્ય તથા જીવન જેવી મહાન નેઅમતની લાજ હોય, દીન અને મિલ્લતની ખિદમતનો જઝબો અને જવાબદારીઓ નિભાવવાની સમજ હોય, તો ઈન્સાન ખરાબ પરિસ્થિતિઓમાં પણ એવાં જ ઉપયોગી અને રચનાત્મક કાર્યો હાથ ધરે છે, જેમ કે શમ્સુલ અઈમ્માએ પ્રતિકૂળ અને કઠણ પરિસ્થિતિમાં રહીને પણ આદર્શ અને ઐતિહાસિક કારનામુ હાથ ધર્યું. તેનાથી વિપરિત જે લોકો જવાબદારીની લાજ નથી રાખતા અને જીવનને સસ્તુ ખયાલ કરે છે, ભલે તે કેટલાય અનુકૂળ સમયથી માલામાલ હોય, જીવનભર કોઈ ઉપયોગી અને ફાયદાકારક કામ નથી કરી શકતા. આરામ તથા ચિંતા વિનાનું સરળ વૈભવી જીવન જીવવાની તથા આળસ અને ફર્ઝો જતા કરવાની અને વ્યર્થ તથા બેકાર કામોમાં રુચિ રાખવાની વૃત્તિ તે લોકોના પગની બેડી બની જાય છે, તેમનું અસ્તિત્વ દેશ તથા મિલ્લત (કૌમ) પર બોજથી ઓછું નથી. આવા લોકો હમેશાં હતાશા (Depression) અને કાયરતાના શિકાર રહે છે, તેમના ચિંતન તથા મનનમાં છીછરાપણુ અને નૈતિકતા તથા ભૂમિકામાં પડતી આવી જાય છે. પોતાની લાયકાત અને ક્ષમતા પર તેઓને શંકા થવા લાગે છે, મોટા અને મહત્વનાં કામોનો વિચાર કરીને હચમચી જાય છે. દર વખતે પોતાની કમનસીબી, નિષ્ફળતા અને દુ:ખ તથા મુશ્કેલીઓની દાસ્તાનો સંભળાવતા ફરવું તેમની આદત બની જાય છે. થાક ખાય છે અને કહે છે કે ફલાણું કામ પૂરુ થઈ જાય અથવા ફલાણા કામથી ફરાગત મેળવી લઉં તો કોઈ મહત્વના કામને હાથ ધરું. ફલાણી રૂકાવટ દૂર થઈ જાય તો આ અને તે જવાબદારી પૂરી પાડવા યોગ્ય થઈ શકું. પરંતુ જ્યારે ફરાગત મળી જાય છે, કુદરતી રૂકાવટો દૂર થઈ જાય છે અને સમય અનુકૂળ બને છે તો આરામ, સુસ્તી અને ગફલતના કારણે દરેક યોજનાઓ જેમની તેમ રહી જાય છે.

### ★ હિંમતવાળા તકલીફોમાં પણ પ્રગતિ કરે છે ★

જ્યારે કે કામ કરવાવાળાઓએ મહાન મહાન કામો મુસીબતોના હોવા છતાં પૂરાં કર્યાં છે, કેટલાય

હિમ્મતવાળા નવયુવાનોએ ગરીબીમાં સૂકી રોટલી ખાઈને ઈલ્મ હાંસલ કર્યું, કુવ્વત અને તાક઼ત ન હોવા છતાં દેશ અને રાષ્ટ્ર માટે જીવ પર ખેલી ગયા, શારીરિક રોગો, આર્થિક અસમાનતા અને હજારો સમસ્યાઓ હોવા છતાં જે કામનું બીડુ ઝડપ્યું તેને કિનારે પહોંચાડીને દમ લીધો. કેટલાક બુઝુર્ગોના વિશે સાંભળવામાં આવ્યું કે તેમને ઈલ્મ હાંસલ કરવા માટે દીવો પણ ઉપલબ્ધ ન હતો પણ રાત્રે કોઈ દુકાનદારની રોશની (પ્રકાશ)થી ફાયદો ઉઠાવીને પઢતા રહ્યા અને અંતે મહાન હોદ્દાઓ સંભાળ્યા.

અમારા શૈખ અને મુર્શિદ હઝરત ફક઼ીહે આ'ઝમ મૌલાના મુહમ્મદ નૂરુલ્લાહ નઈમી قدس سرہનું ઉદાહરણ જુઓ કે તેમણે બસીરપૂર જેવા દૂરના ઈલાક઼ામાં પચાસ વર્ષ પહેલાં નિઃસહાયતાની હાલતમાં "દારુલ ઉલૂમ હનફિયા ફરીદિયા"ની બુનિયાદ રાખી, એક એવો ઈલાકો જેના રહેવાવાળા અને આજુબાજુના ગામોને ઈલ્મો ફુનૂનથી ભૌતિક નફરત અને દુશ્મની હતી, જે ચોરો અને ડાકૂઓનું ઘર અને ઠેકાણુ હતું. હઝરત ફક઼ીહે આ'ઝમ رحمۃ اللہ علیہની સતત મહેનત અને રાત દિવસની કોશિશોનું ફળ કે આજે દારુલ ઉલૂમ હનફિયા ફરીદિયા એક મોટી યુનિવર્સિટીની શક્લમાં ઉપસ્થિત છે અને એક દુનિયા છે જે તે ફૈઝ અને હિકમતના ઝરણાથી સૈરાબ થઈ રહી છે.

### ★ ઈસ્લામી દેશોની અધોગતિનો સબબ ★

ઈસ્લામી મુલ્કોનું અન્ય મુલ્કોથી તરક્કીની દોડમાં પાછળ રહી જવું જે પરિબળોના કારણે છે, તેમાં સૌથી મોટો સબબ એ જ ક઼ૌમી રોગ છે યા'ની સમયનો બગાડ, જવાબદારી ન લેવી અને જીવનને બિનજરૂરી પ્રવૃત્તિઓમાં અને નકામાં કાર્યોમાં વ્યસ્ત કરી દેવું. આપણે જોઈએ છીએ કે તલ્બાની બહુમતિમાં તા'લીમી રૂચી અને શોખ ઓછો અને ગૈર તા'લીમી કાર્યોમાં વધારે ઉત્સાહ ધરાવે છે. ઓફિસના અધિકારીઓ, શિક્ષકો તથા નાના મોટા દરેક કાર્યકર્તાઓ રાષ્ટ્રીય જવાબદારીઓની લાગણીથી ગાફેલ, જાતિવાદ, જુથ વાદ જેવી છીછરી પ્રવૃત્તિઓમાં સમય બર્બાદ કરી રહ્યા છે. ઓલમાની મોટી સંખ્યા પોતાની ફરજોની વિશાળતા તથા ક્ષેત્રોથી બેખબર છે અને રાષ્ટ્રીય તથા કૌમી, દીની મઝહબી જવાબદારીઓથી સંપૂર્ણપણે માહિતગાર નથી, માતા પિતા ઔલાદની તા'લીમ અને તર્બિયતના સંદર્ભમાં ઉણપ વર્તે છે, બુદ્ધિજીવીઓની બહુમતિ વિચાર અને મનનથી કામ લેવાની જગાએ લખેલી વાતોને દોહરાવી રહી છે અને વૈજ્ઞાનિકોને લેબોરેટરીઓમાં સમય પસાર કરવું ભારે પડી રહ્યું છે, અને ટેકનોલોજી તથા એંજિનિયરિંગના વર્કશોપ અથવા ફિલ્ડમાં ક઼દમ રાખવું મુશ્કેલ નજર આવે છે. આ સર્વ એ વાતનું પરિણામ છે કે પ્રથમ તો કોઈને પોતાની ફરજોની યોગ્ય રીતે માહિતી છે જ નથી, જો જવાબદારીઓનું જ્ઞાન છે તો તે જવાબદારી નિભાવવાનો એહસાસ જીવંત નથી અને માનસિક, બૌદ્ધિક તથા શારીરિક તકલીફો સહન ન કરવાની કુટેવે એક ક઼ૌમી રોગની જગા લઈ લીધી છે. તેમ છતાં ગર્વ એ છે કે અમે ૨૧મી સદીમાં મોટી પ્રતિષ્ઠા અને સન્માન સાથે દાખલ થઈશું لاحول ولا قوۃ الا باللہ!

આશ્ચર્ય અને અજબની વાત એ છે કે ફરજોથી ઉદાસીનતા અને જવાબદારીઓની અવગણનાનો માદ્દો મુસલમાનોમાં જ વધારે કેમ જોવા મળે છે ? જ્યારે કે તેઓ એવા દીનના માનવાવાળા છે જેણે સતત પ્રયત્ન અને કામ કરવા પ્રોત્સાહન મળ્યું છે. કુર્આનનું એલાન છે : لَيْسَ لِلْإِنسَانِ إِلَّا مَا سَعَىٰ "ઈન્સાન માટે એ જ કાંઈ છે જેના માટે તેણે કોશિશ કરી." *(અન્નજમ : ૩૯)*

પોતાની ખામીઓ, ઉણપો અને કમજોરીઓને બીજાના ખાતામાં નાખવાની પરવાનગી નથી, એના સંદર્ભમાં ખુદાનું ફર્માન છે :

لَهَا مَا كَسَبَتْ وَعَلَيْهَا مَا اكْتَسَبَتْ "કોઈ જાને જો સારૂં કર્યું તેનો ફાયદો પણ તેને જ થશે અને જો બુરૂં કર્યું તો તેની વબાલ (સજા) પણ તેના પર જ થશે." *(અલ બકરહ–૨૮૬)*

તેમજ ફર્માવ્યું કે : لَنَآ اَعْمَالُنَا وَلَكُمْ اَعْمَالُكُمْ "અમારા કર્મો અમારી સાથે, તમારા કર્મો તમારી સાથે." *(અલ–ક઼સસ.૫૫)*

આ દુનિયામાં તો ખૈર, આપણે પોતાની ખામીઓ અને લાપરવાહીઓનો બોજ બીજાના માથે લાદીને પોતાના ગુમાનમાં જવાબદારીઓથી મુક્ત થઈ જઈએ છીએ, પરંતુ ક઼યામતના દિવસે પોતાની ભૂલો અને ફરજોથી ઉદાસીનતાનો બોજ કોઈ બીજા પર લાદવાની બિલ્કુલ અનૂમતિ આપવામાં નહીં આવે. જેથી સ્પષ્ટ કરી દેવામાં આવ્યું છે : لَا تَزِرُ وَازِرَةٌ وِّزْرَ اُخْرٰى

**તર્જુમો** : "કોઈ અન્ય કોઈના બોજને ઉઠાવશે નહીં." *(સૂરએ અલ્ અન્આમ, આ. ૧૬૪)*

### ★ માનવી સિવાય કોઈ પોતાની ફરજ પ્રતિ સુસ્ત નથી ! ★

અલ્લાહ તઆલાએ જવાબદારીની ભાવનાને ઝંઝોળીને અને ઈન્સાનને સાવચેત કરવા માટે ભાતભાતની ઘટનાઓ અને દલીલો કાઈનાતમાં ફેલાવી રાખી છે. દા.ત. સૂરજની ગરમીએ ખેતી પકવવા અને દુનિયાને પ્રકાશિત કરવામાં ક્યારેય ઉણપ નથી કરી. ચાંદ, ફળો અને ફૂલોને મીઠાશ આપે છે, અને તેણે ક્યારેય પોતાની ફરજની અદાયગીમાં ઉણપ નથી કરી. રાત દિવસની અદલા બદલી, છોડનું ઉગવું, ફૂલોનું ખીલવું અને ફળોનું પાકવું, આ દરેકમાં સુસ્તી અને સમયની હેરાફેરીનો કોઈ ચક્કર નથી. કુદરતના કારખાનાની દરેક ચીજ નિયત સમય પર પોતપોતાની ડ્યૂટી નિભાવવામાં સક્રિય છે. પછી હઝરતે ઈન્સાનને એ કઈ રીતે હક્ક઼ મળી ગયો કે તે અશ્રફુલ મખ્લૂક઼ાત હોવા છતાં પણ હાથ પર હાથ ધરીને બેઠો રહે ! પોતાના સ્થાનની જવાબદારીઓ (ફર્ઝો)ને પૂરી પાડવાની શક્તિને બેકાર કરીને રાખે અને ક઼ૌમી તથા મિલ્લી ફર્ઝોને જતી કરીને પોતાની શારીરિક તથા માનસિક શક્તિઓમાં ખયાનતનો દોષી બનતો રહે, ચાહે તો અમુક સમય માટે ચોક્કસ થઈને બેસી જાય અને પછી ગાફેલ થઈને ઊંઘવા લાગે !

### ★ ઈબાદતોના સમયની નિશ્ચિતતાનો સબબ ★

થોડુ વિચારો તો જાણવા મળશે કે ઈસ્લામે ઈબાદતોને એટલે પાંચ ટાઈમની નમાઝ, રોઝા, ઝકાત અને હજ્જને મહીના અને વર્ષ, દિવસ અને સમયની સાથે જોડી રાખેલી છે. ખાસ કરીને નમાઝ દિવસમાં પાંચ વખતની જમાઅત સાથે અદા કરવામાં શાયદ એ પણ મસ્લેહત ઉપસ્થિત હોય કે એવું કરવાથી ઈન્સાનને દરેક કામ સમયસર કરીને પોતાની ફરજ પૂરી કરવા માટે નિર્દેશ અને પ્રોત્સાહન મળે. એ જ હાલ રોઝાઓનો છે કે હવે ખાવું, પીવું છોડી દો, હવે ખાવ અને પીઓ, સમય પર સૂઈ જાવ, સમય પર જાગી જાવ. હજ્જનો ફર્ઝ તો છે જ એક ટ્રેનિંગ કેમ્પ કે જ્યાં ફોજીઓની જેમ માનસિક તથા શારીરિક, અખ્લાક઼ી તથા રૂહાની રીતે સક્રિય રહેવાનું પ્રોત્સાહન આપવામાં આવે છે. ફલાણા સમયે ફલાણી જગાથી રવાના થઈ જાવ, ફલાણી જગા પર તેની મર્યાદાઓમાં રોકાણ કરો, આ પ્રકારનો લિબાસ પહેરો, આ કામોથી બચો, હવે ચાલો, હવે થોભો, થોડો સમય આરામ કરી લો અને પછી ચાલો ! જાણે હાજીને પાંચ દિવસ સતત કામમાં વ્યસ્ત રાખીને એ બતાવવામાં આવે છે કે જીવન સતત સંઘર્ષનું નામ છે, ન કે સુસ્ત અને બેકાર બનીને જીવવાનું.

જવાબદારીની ભાવનાની ઉણપના કારણ બાબતે જુઓ તો જાણવા મળશે કે તેનું મોટુ કારણ જવાબદારીની ભાવના (એહસાસ)નું ન હોવું અને આખેરતના અક઼ીદાની કમજોરી છે. રોજ રોજ હડતાલો, કચેરીઓમાં કાર્યકર્તાઓની ગેરહાજરી અને વિવિધ વિષયોના હેઠળ છૂટ્ટીઓની માગ કરવી, દરેક એ વાતનું પ્રતિબિંબ છે કે આપણને ન તો ઉચ્ચ અધિકારીના સમક્ષ જવાબ આપવાની ખટક છે અને ન પોતાના પરવરદિગારની સામે હાજર થવાની અને આ'માલ (કામો)ના જવાબ

આપવાની ફિકર છે ! રાજનૈતિક અરાજકતા, વ્યવસ્થા તંત્રની હાર અને વ્યક્તિગત તથા પક્ષપાતી ફાયદાઓની લાલચે જિમ્મેદારીના એહસાસને ખૂબ જ કમજોર કરી દીધો છે, જેનાથી દેશની પ્રગતિ અને વિકાસની ઝડપ આશ્ચર્યજનક હદ સુધી ઓછી થઈ ગઈ છે. કાશ ! નબી કરીમ ﷺનું ફર્માન મુબારક સામે રાખતા !

"કોઈ ઈન્સાન બારગાહે ઈલાહીથી ખસી નહીં શકશે જ્યાં સુધી પાંચ સવાલોના જવાબ ન આપી દે, તેઓ પૈકી એક એ છે કે તેણે પોતાના જીવનની ક્ષણો કઈ રીતે ગુજારી ?"

### ★ લક્ષ્ય વિનાનું જીવન શા કામનું ? ★

ઓલમાએ અખ્લાકનું કહેવું છે કે કોઈ પણ વ્યક્તિમાં જીવન યોગ્ય રીતે ગુજારવાની ઈચ્છા તે સમયે જાગે છે જ્યારે તેની સામે કોઈ આકર્ષક મંઝિલ ઉપસ્થિત હોય, કૌમમાં જિમ્મેદારીની ફિકર ત્યારે ઉભી થાય છે જ્યારે લક્ષ્યાંકોને હાંસલ કરવાનો ધ્યેય હોય. કમનસીબી એ છે કે અહીં તો શરૂથી જ લક્ષ્યનો અતો પતો નથી ! લક્ષ્ય જ નજરો સમક્ષ નથી અને તેને નિશ્ચિત પણ નથી કરવામાં આવ્યું.

ઊંચા લક્ષ્યાંકો અને ટાર્ગેટો માનવ જીવનના હેતુને નિશ્ચિત કરે છે, પ્રાથમિકતાઓ નક્કી થાય છે, ઈન્સાનમાં ત્યાગવૃત્તિ, કુર્બાની અને ઉચ્ચ હિમ્મતના ગુણો જન્મ લે છે અને તે મહેનત અને પરિશ્રમ તથા કામથી ભરપૂર જીવન જીવવામાં આનંદ મેળવે છે. જે વ્યક્તિ વ્યર્થ અને કોઈ કારણ વગરની જિંદગી જીવશે તે નિઃસહાય તણખલાની જેમ ભટકતો ફરશે. પછી જે વ્યક્તિ જેટલા મામૂલી કક્ષાના ધ્યેયો ધરાવતો હશે, એટલો જ ઈચ્છાઓનો ગુલામ બનીને રહી જશે, એવો વ્યક્તિ જાનવર (પશુ)ની જેમ પોતાનાં ઘાસ પાણી, આરામ અને જાતિની બહાર પગ નથી રાખી શકતો. એવા વ્યક્તિથી એ ઉમ્મીદ રાખવી કે તે કૌમી તથા મિલ્લી મકસદો માટે પોતાના અંગત ફાયદાઓ કુર્બાન કરી દે અથવા ફરજો અને જવાબદારીઓ પૂરી પાડવાનો જોશ ધરાવે, એ ખોટી કલ્પના અને વ્યર્થ સોચ છે. ઉદ્દેશ જેટલા પ્રમાણમાં ઊંચો હોય, એટલા જ પ્રમાણમાં ફરજો તથા જવાબદારીઓ માટે કુર્બાની આપવું સરળ થઈ જાય છે, નહીં તો જીવન વ્યર્થ કામો, આરામ અને સુસ્તીના હાથે ચઢી જાય છે.

### ★ સમયની કિંમતને સમજો ! ★

ઈન્સાને જાણવું જોઈએ કે તેના જીવવની એક એક ક્ષણ કિંમતી અને અણમોલ છે, એક એક શ્વાસ અણમોલ દૌલત છે, કુદરતનું મહાન નજરાણુ છે, જેનો કોઈ બદલ નથી. માલનું નુકસાન પૂરૂં કરી શકાય છે, પરંતુ વીતેલા જીવનની એક ક્ષણને પણ પરત નથી લઈ શકાતી. માલ અને દૌલતનો સંગ્રહ પણ કરી શકાય છે પરંતુ સમયનો સંગ્રહ નથી થઈ શકતો. સમય એક કાચી સામગ્રી છે, આપણે ઈચ્છીએ તો તેનાથી સારી વસ્તુ તૈયાર કરીએ, ચાહે તો અમસ્તો જ વેડફી દઈએ. રાત અને દિવસનું ચક્ર ઈન્સાનની પ્રિય ઉમરને સતત ઓછી કરી રહ્યું છે અને ઈન્સાન ગાફેલ થઈને સૂઈ રહ્યો છે ! નબી મોહતરમ ﷺનું ફર્માન જુઓ કે કઈ રીતે આપણને જીવનની દરેક ક્ષણોને કિંમતી બનાવવા સૂચન કરી રહ્યું છે. ઈર્શાદ ફર્માવ્યું :

"પાંચ ચીજોને પાંચ ચીજો આવતા પહેલાં ગનીમત સમજો : પોતાની જિંદગીને મૌતથી પહેલાં, તંદુરસ્તીને રોગથી પહેલાં, નવરાશને વ્યસ્તતાથી પહેલાં, જવાનીને ઘડપણથી પહેલાં અને માલદારીને ગરીબીથી પહેલાં ગનીમત સમજો. *(કન્ઝુલ ઉમ્માલ)*

વધુ એક હદીષ જુઓ : "નિઃશંક ! તંદુરસ્તી અને નવરાશ અલ્લાહ તઆલાની નેઅમતોમાંથી એક નેઅમત છે, કેટલાક લોકો તેમાં ખયાનત કરે છે." *(મુસ્નદે ઈમામ અહમદ, ભાગ-૪ હદીષ-૨૩૪૦)*

હઝરત હસન બસરી رضی اللہ عنہનો કૌલ છે કે સહાબાએ કિરામ رِضْوَانُ اللہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن પોતાના સમય બાબતે એના કરતાંય ખૂબ જ વધારે ઉત્સુક હતા જેટલા પ્રમાણમાં સાધારણ વ્યક્તિ રૂપિયા પૈસાનો લાલચુ તથા લોભી હોય છે. ઈબ્ને કય્યુમ લખે છે :

"માનવ જીવન વાદળની જેમ ઝડપથી પસાર થઈ જાય છે, જે વ્યક્તિએ પોતાનો સમય અલ્લાહના માટે

ખર્ચ કર્યો, એ જ તેના જીવનનો કિંમતી ભાગ છે, તેના સિવાય તો જિંદગી પશુની જેમ છે. જો ઈન્સાન સમયને ગફલત, ભૂલ અને ખોટી ઈચ્છાઓની પરિપૂર્ણતામાં ગુજારી દે, તો એવી જિંદગીથી તો મરી જવું ઉત્તમ છે !!

વધુ એક દાનિશ્વરનો કૌલ છે :–

"સમયની કિંમત અને વેલ્યુ કોઈ રીતે અણમોલ સામાનથી ઓછી નથી, બંનેની કદર અને કિંમતની કક્ષા તેના યોગ્ય સમયે ખર્ચ તથા ઉપયોગ પર આધારિત છે. તે બખીલ જે પોતાના માલને પોતાની જરૂરતોમાં પણ ખર્ચ નથી કરતો તે વાસ્તવમાં ફકીર છે, અથવા તેના જેવો છે જેની પાસે ખોટી પુંજી હોય. એવી જ રીતે જે વ્યક્તિ પોતાના સમયને પોતાના તથા પોતાની જમાઅતના ભલા તથા ઉચ્ચતા માટે ખર્ચ ન કરે તેની ઉમર પણ એક ખોટી પુંજી છે."

ઈસ્લામમાં બેકાર તથા વ્યર્થ કાર્યોથી એટલે જ પ્રોત્સાહિત નથી કરવામાં આવ્યા કે તેનાથી ફર્ઝોથી ગફલત જન્મ લે છે અને અસલ મંઝિલથી ઈન્સાન દૂર થઈ જાય છે.

## ★ બેકારી તથા ટાઈમ પાસને ઈસ્લામમાં સ્થાન નથી ! ★

કુર્આને મજીદે કહ્યું છે :–

وَالَّذِيْنَ هُمْ عَنِ اللَّغْوِ مُعْرِضُوْنَ "અને ઈમાનવાળા લોકો બેકાર વાતોથી દૂર રહે છે." *(અલ મો'મિનૂન, આ. ૩)*

હદીષમાં છે : "ઈન્સાનના ઈસ્લામની સુંદરતા એ વાતમાં છે કે તે વ્યર્થ કામોને છોડી દે." *(કન્ઝુલ ઉમ્માલ)*

વાસ્તવમાં ઈસ્લામમાં બેકારી તથા ટાઈમ પાસની કોઈ ગુંજાઈશ જ નથી, એનાથી જેવી રીતે ઈન્સાનની આર્થિક પરેશાની વધે છે, આરોગ્ય પર અસર પડે છે, ઈજ્જત અને પ્રતિષ્ઠામાં ઘટાડો થાય છે, ક્રાઈમ અને હિંસામાં વધારો થાય છે, તેવી જ રીતે કૌમી નિર્માણ અને ડેવલપમેન્ટનું કામ ઠપ થઈને રહી જાય છે, જેથી ઈસ્લામનો હેતુ એ છે કે ઈન્સાન ઊંઘમાંથી જાગી જવાની પ્રાથમિક ક્ષણોથી લઈને રાત્રે સૂતા સુધી કામમાં લાગેલો રહે. કુર્આને કરીમના પ્રમાણે ઈન્સાન પૈદા જ મશક્કત (મહેનત, તકલીફ)માં કરવામાં આવ્યો છે.

لَقَدْ خَلَقْنَا الْاِنْسَانَ فِيْ كَبَدٍ "યકીનન ! અમે ઈન્સાનને (ઘણી) મુસીબતોમાં પેદા કર્યો છે. *(અલ્ બલદ, આ.૪)*


નકામા, સુસ્ત, આળસુ અને લાપરવાહીના આદી ઈન્સાન ઈન્સાનિયતનો હક્ક અદા નથી કરતા, એટલે જ હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہનો કૌલ છે : "મને તે વ્યક્તિ પર ગુસ્સો આવે છે જે વ્યર્થ જિંદગી જીવે કે ન દુનિયા માટે કોઈ કામ કે ન આખેરત માટે !"

ઈસ્લામની નજીક કમજોર આદમી તે છે જે રચનાત્મક કામોમાં ભાગ નથી લઈ શકતો, જ્યારે કે મજબૂત વ્યક્તિ ઈસ્લામની તાકતનો સબબ છે, જેથી કમજોર કરતાં મજબૂત મો'મિન અલ્લાહ તઆલાને પસંદ છે.

હદીષે પાક છે : "હઝરત સૈયદના ઉમર رضی اللہ عنہએ એક માણસને નિર્માલ્ય સૂરત બનાવીને જતો જોયો તો ઠપકો આપ્યો અને કહ્યું કે સીધા થઈને ચાલો ! મો'મિનની ચાલ આવી નથી હોતી !"

સારાંશ કે મુસલમાનોની પડતી અને અધોગતિ તથા વર્તમાન પડતીનો ઉકેલ સતત મહેનતમાં છુપાયેલો છે, રાત દિવસ મહેનત અને કામમાં લાગેલા રહીને ગુમાવેલી મહાનતા ફરીથી મેળવી શકાય છે, પ્રગતિના કામને ફરીથી ચાલુ કરવા માટે મિલ્લતના વ્યક્તિઓમાં જવાબદારીની લાગણી (એહસાસ) જાગૃત કરવાની જરૂરત છે. આ ભાવના જ્યાં સુધી સૂતી રહેશે, કૌમની તકદીર પણ માથુ નહીં ઉઠાવી શકે, અને જ્યારે એ ભાવના જાગી ઉઠશે, ત્યારથી કૌમના મુકદ્દરનો સિતારો ચમકી ઉઠશે.

*–(મંથલી નૂરુલ હબીબ, જાન્યુ. ૧૭, બસીરપુર, પાક.)*




# ખ્વાજા સાહેબની બારગાહમાં
## "શહેનશાહો"ની અકીદત તથા હાજરી

**ખ્વાજાએ હિંદ વો દરબાર હૈ આ'લા તેરા**
**કભી મહેરૂમ નહીં માંગનેવાલા તેરા**

*-(હસન રઝા رحمۃ اللہ علیہ)*

*છઠ્ઠી સદી હિજરીના મુજદ્દિદ, સુલ્તાનુલ હિંદ હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી સંજરી અજમેરી رحمۃ اللہ علیہની શાન નિરાલી છે. આમ પ્રજા તો આપના દરની સવાલી રહી જ છે પણ મહાન મહાન બાદશાહો તથા સત્તાધારીઓને પણ અલ્લાહની અતાથી આપ ભીખ વહેંચી રહ્યા છે અને મહાન મહાન રાજાઓ આપના દરના ભીખારી રહ્યા છે. અત્રે તેની સંક્ષિપ્ત વિગત રજૂ કરીએ છીએ જેનો અભ્યાસ કરો અને તમારા ઈમાનની તાજગીમાં વધારે કરો. -તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**સુલ્તાન મહમૂદ ખિલજી :** સુલ્તાન મહમૂદ ખિલજીએ સૌથી પહેલાં હઝરત ખ્વાજા ગરીબ નવાઝની બારગાહમાં હિ.સ. ૮૫૫ માં હાજર થઈને ઈમદાદનો તાલિબ (ઈચ્છુક) થઈ અજમેર ઉપર હુમલો કર્યો. પછી હઝરત ખ્વાજા ગરીબ નવાઝની દુઆથી વિજય પ્રાપ્ત કર્યો. પછી હઝરત ખ્વાજા ગરીબ નવાઝના આસ્તાના મુબારક ઉપર બીજી વાર હાજર થયો તથા મઝારની ચારો તરફ અકીદતની સાથે ચક્કર લગાવી 'ફાતેહા ખ્વાની' કરી બાદ દરગાહ શરીફના ખાદિમો અને હક્કદારોને નઝરાણા અને બખ્શિશોથી માલામાલ કરી દીધા અને મઝારની પાસે એક મસ્જિદ જે 'મસ્જિદે સંદલખાના'ના નામે ઓળખાય છે અને બુલંદ 'દરવાજા' અને બીજી અમુક ઈમારતો પણ બાંધી આપી. તે પછી પોતાની રાજધાની 'માંડવ' પરત થયો. સુલ્તાન મહમૂદ ખીલજીના પુત્ર સુલ્તાન ગ્યાસુદ્દીન ખીલજીને ખ્વાજા સાહેબના આસ્તાના અને સજ્જાદા સાહેબોથી ખાસ અકીદત હતી તેથી તે ખ્વાજા કુત્બુદ્દીન બિન ખ્વાજા મુઈનુદ્દીન ખુર્દ (નાના) બિન શૈખ હુસ્સામુદ્દીન સોખ્તા બિન ખ્વાજા ફખ્રુદ્દીન મુહમ્મદ رحمۃ اللہ علیہને અજમેરથી માંડવ લઈ ગયો અને ખ્વાજા કુત્બુદ્દીનને યુવાનીમાં બાર હજાર સવારોનો 'અફસર' નિયુકત કર્યો અને 'ચિશતખાની' ખિતાબ અર્પણ કયો. *(મુઈનુલ અરવાહ, નાઈબે રસૂલ ફિલ હિંદ)*

**સુલ્તાન ઝફરખાંની હાજરી :** સુલ્તાન ફિરોઝશાહની વફાત બાદ તેનો જયેષ્ઠ પુત્ર સુલ્તાન મહમૂદશાહ તખ્તનશીન થયો, હિ.સ. ૭૫૨ ના સમય દરમ્યાન ગુજરાતના વિવિધ વિસ્તારોમાં તેણે રાજાઓથી યુધ્ધ કરવા નીકળવું પડયું. તેણે હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તીના મઝારેપાકની હાજરી આપી ઈમ્દાદની દરખાસ્ત કરી, અને ગુજરાત તથા અન્ય વિસ્તારોમાં તેને કામયાબીઓ ખ્વાજા સાહેબની દુઆઓના તુફૈલ પ્રાપ્ત થઈ. *(મુઈનુલ અરવાહ, પેજ નં. ૨૩૫)*

**શેરશાહ સૂરી :** શેરશાહ સૂરી રાજા ચાલદેવને પરાજીત કરી ઈ.સ. ૧૫૪૪ માં હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તીના આસ્તાના ઉપર ઝિયારત માટે હાજર થયો અને પુષ્કળ રકમ ફકીરો ગરીબોમાં વિતરણ કરી અને ખાદિમો સજ્જાદાઓને નઝરાનાં પેશ કર્યાં. મઝાર શરીફમાં 'ફાતેહા ખ્વાની' કર્યા પછી તારાગઢ ગયો, ત્યાં બુઝુર્ગોના

મઝારોની ઝિયારત કરી. ત્યાં કિલ્લા ઉપર પાણીની તંગી નિવારવા માટે 'હાફિઝા જમાલ' ઝરણાનું પાણી કારીગરોને લગાડી કિલ્લા સુધી પહોંચાડયું તેનું નામ 'શેર ઝરણો' રાખ્યું હતું. *(મુઈનુલ્ અરવાહ્)*

**શહઝાદા બહાદુરખાં** : સુલ્તાન મુઝફ્ફર બિન સુલ્તાન મુહમ્મદ બેગડાનો પુત્ર શહઝાદા બહાદુરખાં હિ.સ. ૯૩૧ માં હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તીના આસ્તાનાની ઝિયારત માટે હાજર થયો અને હઝરત ખ્વાજાના ફૈઝાનથી હિ.સ. ૯૩૨ માં 'ગુજરાત' નો બાદશાહ થયો. *(તારીખે ફરિશ્તા, ભાગ-૪)*

**શહેનશાહ અકબરની અક઼ીદત** : મુગલ શહેનશાહોમાં પહેલા જે બાદશાહને હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہથી અક઼ીદત થઈ, તે શહેનશાહ અકબર હતો અને તેની અકીદત તથા હાજરીનો ઉલ્લેખ એવી રીતે કરવામાં આવ્યો છે કે, શહેનશાહ અકબર આગ્રાથી ફતેહપુર સિક્રી તરફ શિકાર માટે જઈ રહ્યો હતો, રસ્તામાં 'મન્ઢ ાકર' નામક ગામમાં પહોંચ્યો. ત્યાં તેને હઝરત ખ્વાજા ગરીબ નવાઝની પ્રશંસા પર આધારિત એક 'કસીદો' કવ્વાલોએ સંભળાવ્યો. કસીદો સાંભળી ખ્વાજા ગરીબ નવાઝની અઝમત (મહાનતા) તથા તીવ્ર અકીદત દિલમાં પેદા થઈ અને અજમેર શરીફની હાજરીનો શોક દિલો દિમાગ પર છવાઈ ગયો. પ્રથમવાર અકબર હિ.સ. ૯૬૯ માં ખ્વાજા સાહેબના આસ્તાના ઉપર હાજર થયો. હિ.સ. ૯૧૫ માં અકબર બાદશાહ ચિતોડગઢની ફતેહનો ઈરાદો કર્યો અને મન્નત માની હતી કે ચિતોડગઢ ની ફતહ પ્રાપ્ત થાય તો અજમેર શરીફ પગપાળા ચાલીને હાજરી આપીશ, અને ખુદા પાકે તેને શાનદાર ફતહ અર્પણ કરી તો મન્નત મુજબ અકબર બાદશાહ બારગાહે હઝરત ગરીબનવાઝમાં હાજર થયો. *(મુઈનુલ અરવાહ)*

એક વેળાએ અકબરે મન્નત રાખી હતી કે ખુદાએ પાક મારે ત્યાં છોકરાનો જન્મ થાય તો હું હઝરત ખ્વાજા ગરીબ નવાઝના આસ્તાના પર પગપાળા હાજર થઈશ. હિ.સ. ૯૭૭ માં શહેઝાદા સલીમનો જન્મ થયો. અકબર બાદશાહ આગ્રાથી પગપાળા ચાલી અજમેર શરીફ ખ્વાજા સાહેબની બારગાહમાં હાજર થયો. થોડાક દિવસો રોકાણ કર્યું તથા સજ્જાદાઓ, ખાદિમો, ફકીરોને ખૂબ નજરાનાં આપ્યાં.

**સારાંશ** : અકબર બાદશાહ લગભગ ૧૫ વખત અજમેરમાં ખ્વાજા સાહેબના આસ્તાના પર હાજર થયો અને અજમેર શહેરથી પહેલાં તે સવારીથી ઉતરી પગપાળા ચાલતાં ચાલતાં દરબારમાં હાજરી આપતો હતો અને સજ્જાદાઓ, ખાદિમો, દરવેશોને સૌગાતો, નઝરાનાંઓ આપતો હતો.

**શાહઝાદા સલીમ** : અકબર બાદશાહના જયેષ્ઠ પુત્ર, શહેનશાહ જહાંગીરને પણ પોતાના વાલિદની માફક હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી رحمۃ اللہ علیہની ઝાતેપાકથી અતિશય અકીદત હતી.

જહાંગીર હિ.સ. ૧૦૬૬ માં અજમેર શરીફની હાજરી માટે રવાના થયો. જ્યારે અજમેર શહેરની ઈમારતો, કિલ્લા, દ્રશ્યમાન થયા અને આશરે એક 'કોસ' અજમેર શરીફથી દૂર હતો, સુલ્તાન જહાંગીર પોતાની સવારીથી ઉતરી અદબથી પગપાળા ચાલી હઝરત ખ્વાજા ગરીબ નવાઝના આસ્તાના પર હાજર થયો. હઝરત ખ્વાજા ગરીબ નવાઝના પવિત્ર આસ્તાના અને શહેર અજમેર શરીફથી એવી દિલી અકીદત બંધાઈ ગઈ હતી કે અજમેર શરીફમાં સુલ્તાન જહાંગીરે ત્રણ વર્ષ રોકાણ કર્યું અને તે ત્રણ વર્ષના રોકાણ દરમ્યાન ખ્વાજા સાહેબના રોઝા શરીફની ઝિયારતોથી માલામાલ થયો અને દરગાહ શરીફના મુજાવરો, ખાદિમો, સજ્જાદા સાહેબોને નઝરાનાંઓ, તોહફાઓ આપી

સેવા કરતો રહ્યો અને ત્યાંના ગરીબ, મિસ્કીન લોકોની ભરપૂર મદદ કરતો હતો.

તુઝકે જહાંગીરી નામક પોતાની લખેલ કિતાબમાં જહાંગીરે લખ્યું છે કે, 'એક વેળાએ હું બીમાર થયો. હઝરત ખ્વાજાના આસ્તાના ઉપર હાજર થઈ દુઆ માંગી, ખુદા ત્આલાએ દુઆ કબૂલ કરી જહાંગીરને તંદુરસ્તી આપી.

**શહાબુદ્દીન શાહજહાં :** સુલ્તાન શાહજહાંએ પણ હિંદુસ્તાનના તખ્ત પર બિરાજમાન થતાં પહેલાં અને બાદમાં અનેકવાર હઝરત ખ્વાજા ગરીબ નવાઝના દરબારમાં હાજર થઈને મઝાર શરીફની ઝિયારતથી ભરપૂર લાભ હાંસલ કર્યો. હિ.સ. ૧૦૮૨ માં રાજ સંભાળ્યા પછી, પહેલીવાર હઝરત ખ્વાજાના દરબારમાં હાજર થઈ ખૈરાત અને હક્કદારોને તોહફાઓ અર્પણ કર્યા. હઝરત ખ્વાજાના રોઝા શરીફના પશ્ચિમ કિનારે એક શાનદાર મસ્જિદ સંગે મરમર (આરસ પથ્થર)થી બંધાવી. હઝરત ખ્વાજાના દરબારમાં બાદશાહો, રાજાઓ, નવાબોની બંધાયેલ ઈમારતોમાં અતિશય ખૂબસૂરત ઈમારત શાહજહાંની મસ્જિદ છે, જે આજે પણ અજોડ છે.

**શહઝાદી જહાંઆરા બેગમ :** શહઝાદી જહાંઆરા બેગમ, શાહજહાંની લાઈક, હોશિયાર મોટી પુત્રી હતી. મુગલ ખાનદાનની ઔરતોમાં હઝરત ખ્વાજા ગરીબ નવાઝથી સૌથી અકીદત જહાંઆરા બેગમને હતી. તેણે અજમેરની ઝિયારત પોતાના વાલિદ સાહેબ સાથે કરી હતી. પોતાની કિતાબ 'મુનિસુલ્ અરવાહ'માં અજમેર શરીફના એક પ્રવાસનો ટૂંકો અહવાલ એવી રીતે લખ્યો છે કે;

'હિ.સ. ૧૦૫૩ માં ૧૮ શાબાને વાલિદ સાહેબની સાથે આગ્રાથી અજમેર શરીફ પ્રયાણ કર્યું અને રમઝાન શરીફની ૮ મી તારીખે અમે અજમેર શરીફ પહોંચ્યા. પૂરા પ્રવાસ દરમ્યાન મારો નિયમ એ હતો કે દરેક વિસામાના પડાવે બે રકાત નફ્લ નમાઝ પઢીને અને 'સૂરએ યાસીન', 'સૂરએ ફાતેહા' ઘણાં જ અદબ અને અકીદતમંદીથી પઢીને હઝરત ખ્વાજા ગરીબ નવાઝની રૂહે મુબારકને તેનો સવાબ નઝર કરતી હતી. થોડા દિવસ અનાસાગરની ઈમારતોમાં નિવાસ રહ્યો, આ સમય દરમ્યાન અદબ અને તા'ઝીમ ખાતર કયારે પણ પલંગ ઉપર સૂતી ન હતી અને રોઝા મુબારક તરફ પીઠ પણ ન કરી, ન પગ લંબાવ્યા અને અજમેરની પવિત્ર જમીન ઉપર પગ મૂકતાંની સાથે હઝરત ગરીબ નવાઝની બરકત તથા ફૈઝાનથી દિલમાં એક વિચિત્ર શોખ પૈદા થયો. જુમેરાતના દિવસે ૧૪ રમઝાને હઝરત દસ્તગીર (ખ્વાજા ગરીબ નવાઝ)ની તુરબતે મુનવ્વરની ઝિયારત નસીબ થઈ. મઝાર શરીફની પવિત્ર ખાકને આંખોનો સુરમો બનાવ્યો જેથી દિલમાં જે શૌક—ઝૌકની હાલત અને કૈફિયત પૈદા થઈ તેને હું લખાણમાં લાવી શકુ તેમ નથી. અને શૌક એટલી હદે વધી ગયો કે ન કંઈ સમજમાં આવતુ હતું કે શું કરું ?! અને શું ન કરું ?! થોડીવાર સુધી એ જ હાલત રહી.'

**સારાંશ :** કે શેહઝાદી જહાંઆરા બેગમને હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તીના આસ્તાના પાકથી જે મહોબ્બત અને અકીદત હતી તે પોતાના પવિત્ર કૃત્યોથી જાહેર કર્યું અને **અદબ તથા એહતેરામનું ધ્યાન રાખ્યું કે કોઈ એક પણ એવું નજીવું કામ ન થવું જોઈએ જેથી ખ્વાજા સાહેબના શહેર અને તેમના દરબારના સન્માનમાં જરા બરાબર ખામી આવે.** ખ્વાજા સાહેબના આસ્તાના ઉપર ઝિયારત માટે હાજરી આપનારી ઔરતો માટે તેણે એક શાનદાર 'બેગમી દાલાન' બનાવ્યું. ખ્વાજા સાહેબના રોઝા શરીફના પૂર્વી દરવાજાથી લગોલગ જ્યાં આજ સુધી ઔરતો બેસી તિલાવત, ફાતેહા, તસ્બીહ, નમાઝ વિગેરે પઢયા કરે છે.

શેહઝાદી જહાંગીર બેગમ હિંદુસ્તાનના શહેનશાહ તથા તાજ મહેલના સ્થાપક 'શાહજહાં'ની મોટી પુત્રી હતી પણ જીવન ઘણુ જ સાદુ, સ્વભાવ નરમ અને ખૌફ તેના દિલમાં કાયમી સ્થાન કરી ગયો હતો. તેણે પોતાના અમલથી ધનિક પૂંજીપતિ પિતાઓની પુત્રીઓને એક સુંદર આદર્શ આપ્યું અને બુઝુર્ગોના મઝારોની હાજરીની સુયોગ્ય શૈલી આપી.

**ઔરંગઝૈબ આલમગીર** : ઔરંગઝૈબ આલમગીર અજમેર શરીફમાં ૩૦ જમાદીઉલ આખર હિ.સ. ૧૦૬૮ માં પહેલી વખત હાજર થઈ હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના રોઝા શરીફના દીદારથી પુનિત થયા, અને પાંચ હજાર રૂપિયા મુજાવરોને નઝરાનામાં આપ્યા.

હઝરત ખ્વાજા પ્રતિ અકીદતની વૃદ્ધિ થઈ તે પછી કેટલીયેવાર તે પગપાળા દરબારે ખ્વાજા સાહેબના દીદાર માટે અજમેર શરીફ હાજર થયા.

**શાહબાઝખાં** : પૂરું નામ 'નિઝામુદ્દીન શેહબાઝખાન' છે. અકબર બાદશાહે તેને ઉદેપૂર તરફ મોકલ્યો હતો. તે ઉદેપૂરનું યુધ્ધ શરૂ કરી હિ.સ. ૧૦૦૦ માં અજમેર શરીફ હાજર થયો અને ત્યાં બીમારીમાં તેનો ઈન્તેકાલ થયો. તેણે વસીયત કરી હતી કે મને ખ્વાજા સાહેબના રોઝા શરીફમાં દફન કરી દેશો પણ કોઈ કારણે બહાર દફન કરવામાં આવ્યા. હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہએ રાત્રે દરગાહમાં વ્યવસ્થાપકોને ખ્વાબમાં તાકીદ સાથે ફર્માવ્યું કે, "શાહબાઝ અમારો દોસ્ત છે, તેને ઉત્તર દિશાએ ગુંબદ અંદર જગ્યા આપો. વ્યવસ્થાપકોએ સવારે તેમની લાશને કબ્રમાંથી કાઢીને તે સ્થાને દફન કરી જયાં દફન કરવાનું કહેવામાં આવ્યું હતું.

**શહઝાદા બહાદૂરશાહ મુઝફ્ફર ગુજરાતી** : શહઝાદા બહાદૂરશાહ મુઝફ્ફર ગુજરાતીએ મહોબ્બત તથા અકીદતમંદી સાથે હિ.સ. ૯૩૧ માં અજમેર શરીફ હાજર થઈ હઝરત ખ્વાજા ગરીબ નવાઝની બારગાહમાં હાજરી આપી ફૈઝ મેળવ્યો.

**મિર ઉષ્માની અલી નિઝામ** : મિર ઉષ્માની અલી નિઝામ 'હૈદ્રાબાદ દક્કન'ને હઝરત ખ્વાજા ગરીબ નવાઝથી હાર્દિક અકીદત હતી. તેમણે ઈ.સ. ૧૯૧૨ અને ૧૯૧૩ માં બે વાર અજમેર શરીફમાં હાજરી આપી તથા ત્યાં ગરીબો, મિસ્કીનોને જમાડયા અને પુષ્કળ પૈસાઓની ખૈરાત કરી, જરૂરતમંદોની જોલીઓ ભરી આપી, ખાદિમોને નઝરાણાં પેશ કર્યા. એક આલિશાન સદર દરવાજો બંધાવી આપ્યો, દારુલ ઉલૂમ ઉષ્માનિયાનું વાર્ષિક ખર્ચ અને દારુલ ઉલમમાં તાલીમ મેળવનાર વિદ્યાર્થીઓને સ્કોલરશીપ તેમના તરફથી આપવામાં આવતી હતી, લંગરખાના અને રોશનીના ખર્ચમાં સહભાગી થયા. જુમ્મા મસ્જિદની મરામત કરાવી, હોઝ બાંધી આપ્યો, ગુંબદ શરીફની અંદરના ભાગમાં સુધારો કર્યો, આરસ પથ્થરના અગરદાન તથા ચિરાગ બનાવ્યો વિગેરે બીજાં પણ ઘણાં કાર્યોમાં તેણે સહકાર આપ્યો.

## હિંદુ રાજાઓની અક઼ીદત

હિંદુસ્તાનમાં બાદશાહો, નવાબોની જેમ હિંદુ રાજાઓ પણ ખ્વાજાની અકીદત અને શ્રધ્ધા સાથે ખ્વાજા સાહેબની દરગાહ શરીફની ઈજ્જત તથા સન્માન કરતા હતા અને આજની તારીખ સુધી બહુ જ વિવેક અને આદરપૂર્વક ખ્વાજા સાહેબના દરબારમાં હાજર થાય છે.

**મહારાજા ગોવિંદસિંગ વાલી-એ-દત્યા ખ્વાજાની બારગાહમાં** : બ્રિટિશ ગવર્નમેન્ટના સમયમાં મહારાજા ગોવિંદસિંગને પદભ્રષ્ટ કરી દેવામાં આવ્યો હતો. તે આફ્રિકા અને બ્રેલીનો પ્રવાસ કરી ઈ.સ. ૧૯૧૨ માં અજમેર શરીફ

હાજર થયો. તે સમયમાં મહારાજા ગોવિંદસિંગ ઘણો આઘાત પામેલ અને ઉદાસ રહેતો હતો. જુમેરાતના દિવસે તે સૈયદ માસૂમ અલી સાહેબ તથા નવાબ ઈકરામ અલી સાહેબ અને નવાબ મુહમ્મદખાં વાલી ઘુલપુરની સાથે હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના પવિત્ર દરબારમાં અકીદત સાથે હાજર થયો. અત્તરથી ભરપૂર ફૂલોની ચાદર પોતાના માથા ઉપર મૂકી તુરબતે પાક ઉપર પેશ કરી અને પોતાની બહાલી, હોદ્દાનું પુનઃગ્રહણ કરવાની દુઆ માંગી અને ખ્વાજાના તુફૈલ તેને સફળ તા પ્રાપ્ત થઈ. *(મુઈનુલ્ અરવાહ્)*

**મહારાજા કિશન પ્રસાદની હાજરી :** આસીફીયા રાજયના પ્રમુખ સર કિશન પ્રસાદ ઈ.સ. ૧૯૨૪ માં પોતાનાં પરિવાર સાથે હઝરત ખ્વાજા ગરીબ નવાઝની બારગાહમાં હાજર થયા અને અતિશય અકીદતની સાથે ખ્વાજા સાહેબની તુરબતે પાકમાં 'મોરછલ'થી સફાઈ કરી મોરછલ ખિદમતનું લાભ મેળવ્યું. તેણે ઘણી જ અકીદતથી પોતાના અજમેર શરીફના પ્રવાસનું વિવરણ કર્યું છે અને સારા શાઈર હોવાથી તેણે થોડીક પંક્તિઓ દ્વારા ખ્વાજા સાહેબની બારગાહની હાજરીનું બયાન રજૂ કર્યું છે :

*ઝુકતે હૈં શાહોંકે સર ખ્વાજાકી વોહ સરકાર હૈ,*
*હૈ મલક દરબાં વોહ શાહે ચિશ્તકા દરબાર હૈ,*
*શાદ, કયા પરવાહ હૈ બાદલે હુમા કી તુઝકો અબ,*
*ખ્વાજાએ અજમેરકા તૂ મોરછલ બરદાર હૈ,*
*મોરછલ જલનેકી ખિદમત મિલ ગઈ,*
*શાદકો દુન્યામેં ઈઝ્ઝત મિલ ગઈ,*
*બારગાહે ખ્વાજાએ અજમેરસે*
*લો કલીદે ગંજે કિસ્મત મિલ ગઈ.*
*હિંદ કે સરદાર તુમકો મુસ્તફા કા વાસ્તા,*
*પંજતન કા વાસ્તા આ'લે અબા કા વાસ્તા,*
*શાદ ઈસ દરકા હૈ સાઈલ દીજીએ દિલકી મુરાદ,*
*યા મુઈનુદ્દીન અજમેરી ! ખુદાકા વાસ્તા*

**મહારાજા રાના ઉદયભાનસિંગ વાલી ઘુલપુરની હાજરી :** ઘુલપુરના રાજા ઉદયભાનસિંગે ત્રણ વાર હઝરત ખ્વાજા સાહેબના મઝાર શરીફ ઉપર હાજરી આપી ખ્વાજા સાહેબની બારગાહનો લાભ મેળવ્યો.

**લોર્ડ કર્ઝન વૉઈસરોય હિંદુસ્તાનમાં :** માજી ઈન્ડિયન વૉઈસરોય લોર્ડ કર્ઝન ઈ.સ. ૧૯૦૬ માં હઝરત ખ્વાજા ગરીબ નવાઝના દરબારમાં હાજરી આપવા આવ્યો. હઝરત ખ્વાજા સાહેબની બારગાહમાં સર્વ ધર્મના લોકોને શ્રદ્ધા સાથે હાજર જોઈ એવો પ્રભાવિત થયો કે હઝરત ખ્વાજા સાહેબની મઝાર શરીફના વિશે તેણે લખ્યું છે કે, મેં હિંદુસ્તાનમાં એક કબ્રને રાજ કરતાં જોઈ !

**શાહે અફઘાનિસ્તાન અમીર હબીબુલ્લાહખાન :** અફઘાનિસ્તાનના શાહ અમીર હબીબુલ્લાહખાન ઈ.સ. ૧૯૦૭ માં હઝરત ખ્વાજા ગરીબ નવાઝની બારગાહમાં બ્રિટિશ ગવર્નમેન્ટના કમિશ્નર અને બીજા અધિકારીઓ સાથે હાજર થયા. અમીર હબીબુલ્લાહ સાહેબે એકલા મઝાર શરીફમાં દાખલ થઈને દરવાજા બંધ કરી દેવા જણાવ્યું અને એકાંતમાં લગભગ દોઢ કલાક અંદર રહ્યા પછી બહાર આવ્યા અને દરગાહના દીવાન ખાદિમોથી મુસાફો કરી મળ્યા.

**વાલીએ રિયાસતે રામપુર :** રામપુર રિયાસતના નવાબ હામિદ અલી 'જાવરા' જતાં અજમેર શરીફ સ્ટેશને પોતાની સ્પેશ્યલ ટ્રેન રોકીને રાત્રીના સમયે હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہની દરગાહ શરીફમાં પહોંચ્યા. તે સમયે મઝાર શરીફનો દરવાજો નિયમ મુજબ બંધ થઈ ગયો હતો. નવાબ હામિદે અલી 'બેગમી દાલન'માં ખ્વાજા સાહેબના મઝારના દરવાજા સામે ઘણીવાર સુધી મસ્તક ઝુકાવી રડતા રહ્યા. તે સમયે 'બેગમી દાલાન' માં સૌને પ્રવેશ કરવાથી રોકી દેવામાં

આવ્યા હતા. અહીં એક કલાક સુધી હાજર રહ્યા. આ પ્રસંગે ધુલપુર રિયાસતના નવાબ ખ્વાજા મોહંમદખાન (જેઓ નવાબની સાથે હતા)ને વારંવાર કહેતા હતા કે, ''જો અહીં હાજરી ન મળત તો મોટો બદ્‌કિસ્મત હોત ! આ તો કેવું પુરકૈફ અને નૂરાની સ્થાન છે !''

**ગુરૂનાનકનું મંતવ્ય :** હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہની ઝાતેપાકના વિશે, આપની શખ્સિયત વિશે વિના ગેર મુસ્લિમ બૌધ્ધિકો, જ્ઞાનીઓ, ધર્મગુરૂઓએ ઉચ્ચ ભાવનાઓ સાથે સન્માનનીય શબ્દો લખ્યા છે તેને જો લખાણમાં લાવીએ તો એક મહાકાય 'પુસ્તક' તૈયાર થઈ જાય. પરંતુ વાંચકોની જાણકારી માટે અત્રે સંક્ષિપ્તમાં થોડા નમૂના રજુ કરીએ છીએ.

ગુરૂનાનક સાહેબ પોતાના વિચારો જણાવતાં લખે છે, જેનો ખુલાસો આ પ્રમાણે છે :–

હઝરત ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તીએ હિંદની પવિત્ર જમીન ઉપર તશરીફ લાવી એ બાબતની ઘણી વિચારણા કરી કે કયાં રોકાણ કરવો ? અંતે એ નક્કી થયું કે અજમેરને હિદાયતનું કેન્દ્ર ઠેરવવામાં આવે. જેથી આપે અજમેરને અને હઝરત બદીઉદ્દીન શાહ મદારે મકનપુરને પોતાનું સ્થાન બનાવ્યું. આ પવિત્ર મહાપુરૂષો હિંદુસ્તાન રહીને તવક્કુલ તથા રોઝા ઉપર કાયમ રહ્યા. તેમણે તબ્લીગ તથા ઈસ્લામના પ્રચારમાં જરા પણ બળથી કામ નથી લીધું, અલબત્ત તેમણે દરેક પ્રકારે નમ્રતાથી કામ લીધું. આપની પવિત્ર શખ્સિયત સુલેહ, ભાઈચારા માટે સુયોગ્ય આદર્શરૂપ નમૂનો હતી. આપ માનવજાતથી પ્રેમપૂર્વકનો વર્તાવ ફર્માવતા હતા. *(મનાકિબે હઝરત ગરીબ નવાઝ)*

## હિંદના નેતાઓની અક઼ીદત તથા હાજરી

હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના દરબારમાં શહેનશાહો, મહારાજાઓ, નવાબો અને બ્રિટિશ સામ્રાજયના સમયમાં અંગ્રેજો તથા હિંદુસ્તાનની આઝાદી બાદ હિંદુસ્તાનના પાયાના અને ટોચના નેતાઓ પણ હાજરી આપતા રહ્યા. માજી વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂએ ઈ.સ. ૧૯૪૫ અને ૧૯૪૭ માં અજમેર શરીફમાં હઝરત ખ્વાજા સાહેબની દરગાહમાં હાજરી આપી 'મહેફિલે સમઅ'માં હાજરી આપી.

**ગાંધીજી :** ઈ.સ. ૧૯૨૦ માં હઝરત ખ્વાજા સાહેબના આસ્તાના ઉપર હાજર થઈ ફૂલોની ચાદર ચડાવી તુરબત શરીફના દર્શન કર્યા.

**ડો. રાજેન્દ્ર પ્રસાદ :** હિંદુસ્તાનના પ્રેસિડન્ટ ડો. રાજેન્દ્ર પ્રસાદે ઈ.સ. ૧૯૫૧ માં હઝરત ખ્વાજા સાહેબના આસ્તાનાની ઝિયારત કરી ફૂલ પેશ કર્યા. તદ્‌ઉપરાંત ભારત, એશિયા, યૂરોપ તથા વિ□ના નેતાઓ વિદ્વાનો પ્રેમભાવના સાથે હાજરી આપતા રહ્યા.

માજી વડાપ્રધાન મિસિસ ઈન્દીરા ગાંધી, સંજય ગાંધી, રાજીવ ગાંધી, વી. પી. સીંઘ સાહેબ તથા નરસિંહ રાવ વગેરેએ અકીદત સાથે હાજરી આપી.

**જશ્ને સંગે બુનિયાદ : ગીરમાલા :** (તા. માતર, જિ. ખેડા) ખાતે ''મદીના મસ્જિદ''ની સંગે બુન્યાદનો શાનદાર પ્રોગ્રામ હઝરત સૈયદ દાદામિયાં બાપુ સાવરકુંડલાવાળાની સદારતમાં તા. ૧૩–૩–૨૦૧૭ સોમવારે ઝહોર બાદ યોજાયો જેમાં હઝરત અશરફ સાહબ પોરબંદરવાળા (રતનપુર) તથા મૌલાના મુફતી હબીબુલ્લાહ વસોવાળા વગેરેનાં બયાનો થયાં. જેમાં વીરપુરથી હઝરત સૈયદ સફીઉલ્લાહબાવા, હઝરત સૈયદ અ. કાદિરબાવા (નાપા), હઝરત સૈયદ દાદાબાપુ (રૂપાલ), ઝેડ. કે. સૈયદ (જજ ગુજરાત હાઈકોર્ટ) તથા અન્ય ઘણા સાદાતે કિરામ, ઉલમા, અઈમ્મા, હુફ્‌ફાઝ તથા અવામે હાજરી આપી હતી.

# નેક અમલોનો બદલો

રજૂકર્તા : સીરાજભાઈ લોખંડવાલા
(મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–ભાવનગર)

આજના ઝડપી યુગમાં નેક કામ શું છે ? તેનો સવાબ શું છે ? તેના ફાયદા કેટલા બધા છે ? તેની મુસલમાનોને કોઈ જ પરવા નથી. બસ ! દુનિયા અને તેની માયાજાળમાં મુસલમાન ફસાતો જાય છે. આખેરત, મૌત, હિસાબનો દિવસ, આપણો દીન મઝહબ શું છે ? કાંઈ જ સમજાતું નથી. માલ વ દૌલત, નફ્સાની ખ્વાહિશાતની પાછળ આંધળો બની બેઠો છે. આવો ! આપણે નેક અમલોના ફાયદા શું છે ? તે નીચેની હિકાયતથી જાણીએ.

'તફરીહુલ અઝકિયા'માં લખેલું છે કે એકવાર હઝરત લુકમાન رضی اللہ عنہના એક માત્ર પુત્ર જેમનું નામ સારાન અથવા માસાન હતું, તેમણે એક દિવસ સફરમાં જવાનો ઈરાદો કર્યો અને લુકમાન رضی اللہ عنہની પાસે ઈજાઝત માગી. આપે ઈજાઝત આપીને ફર્માવ્યું કે જ્યારે સફરનો સામાન તૈયાર થઈ જાય ત્યારે મારી પાસે આવજે કે હું તને સફરની જરૂરી વાત જણાવીશ. જ્યારે સફરનો સામાન તૈયાર થઈ ગયો પછી તે આપની ખિદમતમાં હાજર થયા. હઝરત લુકમાન رضی اللہ عنہએ ફર્માવ્યું કે હે મારા પુત્ર ! આ શહેરથી બહાર નીકળીને તું એક જંગલમાં પહોંચીશ તેમાં એક પાણીનું ઝરણુ વહે છે અને તેના કિનારે એક ઝાડ છે. તો તું ન તો ઝરણાનું પાણી પીજે ન તો તે ઝાડની નીચે સૂજે. પછી ત્યાંથી આગળ ચાલીશ તો એક ગામ આવશે તેમાં મારા ઘણા બધા દોસ્ત રહે છે, જે ખૂબ જ તા'ઝીમ અને તૌકીરથી પોતાના ઘરે લઈ જશે અને એક ખૂબસૂરત સ્ત્રીની સાથે તારો નિકાહ કરવાનું કહેશે, તો તું હરગિઝ કબૂલ ન કરતો. અને હું મારા ખુદાથી ઉમ્મીદ રાખું છું કે તે તને એ સ્ત્રીની ખરાબીથી મહેફૂઝ રાખે. પછી ત્યાંથી આગળ ચાલીને એક વ્યક્તિ મળશે જેની પાસે મારા અમુક રૂપિયા લેવાના બાકી છે, તેની પાસે રૂપિયા વસૂલ કરજે પણ રાત્રે તેની પાસે ન રહેતો.

અને હે મારા પુત્ર ! આ ઉપરાંત એક બીજી અગત્યની વાત મગજમાં રાખજે કે આ સફર દરમિયાન એક બુઝુર્ગ વ્યક્તિ તારી સાથે થઈ જશે તો તે જે કાંઈ કહે તેના પર અમલ કરજે, પછી ભલે તે મારી નસીહતની વિરુદ્ધ હોય. કેમ કે તે વાતમાં હિક્મત હશે જેનો ભેદ પાછળથી ખુલશે.

ત્યાર પછી આપનો પુત્ર સફર માટે રવાના થઈ ગયો અને તે જંગલમાં પહોંચ્યો તો એક ખૂબસૂરત મીઠા પાણીનું ઝરણુ નઝરમાં આવ્યું જેના કિનારાની પાસે એક છાયાદાર વૃક્ષ હતું. તેની નીચે એક નૂરાની ચહેરાવાળા બુઝુર્ગ બેઠેલા નજરે આવ્યા. હવે આપના પુત્રને રસ્તાની મુસાફરીથી તરસ અને થાક પણ ખૂબ જ લાગ્યો હતો. દિલે તો ચાહ્યું કે તે ઝરણામાંથી મીઠુ પાણી પીને તે વૃક્ષની નીચે આરામ કરે પણ આપનાં વાલિદની નસીહત યાદ આવી અને ત્યાંથી ચાલવા લાગ્યા. ત્યારે તે નૂરાની બુઝુર્ગ ચહેરાવાળા સાહબે પુકારીને કહ્યું, ક્યાં જાવ છો ? ગરમી ખૂબ જ છે, થોડીક વાર આ ઝાડની નીચે છાંયડામાં બેસી જાવ. આ સાંભળીને તેણે કહ્યું કે મારા બાપે મને ના પાડી છે. ત્યારે પેલા નૂરાની ચહેરાવાળા વ્યક્તિએ કહ્યું કે તને કસમ છે આ જગ્યા ઉપર જરૂર રોકાઈ જા. પછી આપના પુત્રને યાદ આવ્યું કે મારા બાપે કહ્યું હતું કે એક બુઝુર્ગ મળશે તેમના ફર્માનને કબૂલ કરજે તો શું શક્ય છે કે તે બુઝુર્ગ આપ જ હોય, આ વિચાર સાથે તે તરત પાછો ફર્યો અને અદબ અને

તા'ઝીમની સાથે સલામ કરી બેસી ગયો. અને ખાવાનું પણ ત્યાં ખાધું અને આપના હુકમથી ઝરણાનું પાણી પીધું અને તે જ ઝાડનાં છાંયડામાં સૂઈ ગયો.

જ્યારે આંખ લાગી ગઈ તો તે ઝાડ ઉપરથી એક સાપ નીચે ઉતર્યો અને સાપ ચાહતો હતો કે આપના પુત્રને કરડે ત્યારે તે જ બુઝુર્ગ સાહબે સાપને મારીને ફેંકી દીધો. જ્યારે ઊંઘમાંથી ઉઠયો અને તે બુઝુર્ગની સાથે સાથે ચાલવા લાગ્યો ત્યાં સુધી કે હઝરત લુકમાન علیہ السلامના દોસ્તોના ગામમાં પહોંચી ગયા અને તે લોકોએ ખૂબ જ તા'ઝીમની સાથે આપને મકાનમાં ઉતારો આપ્યો અને કોઈકે આપના પુત્રને કહ્યું કે અહીંયાં એક ખૂબ જ પાક દામન અને ખૂબસૂરત ઔરત છે જો તમે નિકાહ કરો તો ખૂબ સારું છે. પુત્રએ જવાબ આપ્યો કે મને મારા પિતાએ ના પાડી છે એટલા માટે મારાથી આ કામ નહીં થાય. ત્યારે તે બુઝુર્ગ સાહબે કહ્યું કે જ્યારે તારા પિતાના દોસ્તો આ વાતમાં ખુશ છે તો પછી બિસ્મિલ્લાહ કહીને નિકાહ કરી લે. પણ જ્યારે નિકાહની વાત નક્કી થઈ તો એક વ્યક્તિએ કહ્યું, આ ઔરત છે તો સારી પણ જેણે તેણી સાથે નિકાહ કર્યા છે તે બધા પહેલી રાત્રે માર્યા ગયા છે.

આ સાંભળીને બુઝુર્ગ સાહબે ફર્માવ્યું, બેટા ! આ વાતથી ગમગીન ન થા. પણ તે ઔરત તારી સાથે મુલાકાત કરે ત્યારે તરત જ મારી પાસે આવી જજે, હું તને થોડોક ઈલાજ બતાવી દઈશ. એ પુત્ર આ હુકમ પ્રમાણે આપની ખિદમતમાં હાજર થયો અને આપે તેને એવો ઈલાજ બતાવી દીધો કે જેના કારણે તે ઔરતના પેટમાંથી બે નાના સાપ જમીન પર પડયા અને મરી ગયા. અને તેના પછી આપે હુકમ આપ્યો કે બેટા ! હવે આ ઔરતની સાથે રહેવામાં કોઈપણ પ્રકારનો ખતરો નથી. પછી આરામ અને ઈત્મિનાનની સાથે તે રહેવા લાગ્યો. પછી પુત્રએ પોતાના પિતાનું જેના ઉપર કરજ હતું તેની પાસે જવાનો ઈરાદો કર્યો. ત્યારે બુઝુર્ગ સાહબે ફર્માવ્યું કે તું આગળ આગળ ચાલ હું પાછળ પાછળ ચાલું છું. પણ લોકોએ કહ્યું કે તમે એક એવા માણસ પાસે જાવ છો જે ચોરોનો સરદાર છે અને જેના દિલમાં ખુદાના ડરનું નામો નિશાન નથી. પણ બુઝુર્ગ સાહબે ફર્માવ્યું કે અલ્લાહ તબારક વ તઆલા ઘણો મોટો હિફાઝત કરવાવાળો છે. અને એક દરિયાના કિનારા પાસે તે વ્યક્તિની મુલાકાત થઈ. જાહેરમાં તો ખૂબ જ મહોબ્બતની સાથે પેશ આવ્યો અને કહેવા લાગ્યો કે આપનો હક્ક વ્યાજબી છે. તમે રાત્રે અહીં આરામ કરો અને સવારે રૂપિયા લઈ ચાલ્યા જજો. આપના પુત્રએ જવાબ આપ્યો કે મારા પિતાનો હુકમ નથી. પણ બુઝુર્ગ સાહબે ફર્માવ્યું, બેટા ! અલ્લાહ તઆલા બહુ મોટો હિફાઝત કરવાવાળો છે, કાંઈ વાંધો નથી, સવારે ચાલ્યા જઈશું. હવે રાત્રે તેણે સૂવાની જગ્યા એવી નક્કી કરી કે દરિયાની ભરતીના સમયે પાણીમાં તેમને ડૂબાડી નાખે. પણ અલ્લાહ તઆલાની શાન તો જુઓ ! તે જગ્યા ઉપર તે માણસના બે પુત્ર હતા તે સૂઈ ગયા અને તે બે પુત્રોની જગ્યા પર આ બંને સાહબ સૂઈ ગયા અને સવાર થતાં જ તે બંને પુત્ર પાણીમાં ડૂબી ગયા. સાચુ છે કે જે બીજાઓને નુકસાન પહોંચાડવા માટે કૂવો ખોદે છે તેની અંદર પોતે જ પડે છે.

પછી લાચાર થઈને સવારે તેણે કરજના રૂપિયા અદા કરી દીધા. આ બંને હઝરાત પાછા પોતાના મકામ પર ચાલ્યા આવ્યા. જ્યારે હઝરત લુકમાન علیہ السلامના પુત્રએ બુઝુર્ગ સાહબને અડધાથી વધારે માલ દઈને અદબની સાથે કહ્યું કે હે મારા રહબરે કામિલ ! આપની સોહબતના ફયઝથી મારા ઉપરથી કેવી મોટી બલાઓ દૂર થઈ કે જેનો હું કોઈ પણ હાલતમાં શુક્રિયા અદા નથી કરી શકતો, પણ ઉમ્મીદ છે કે આ થોડીક રકમને કૂબૂલિયતનો શર્ફ આપશો. ત્યારે આપે ફર્માવ્યું,

આ માલ તને મુબારક થાય મને એની કોઈ ખ્વાહિશ નથી. હે પુત્ર ! તને ખબર છે કે હું કોણ છું? તેણે કહ્યું, અલ્લાહ તઆલાને તેનું ઈલ્મ છે, મને ખબર નથી.

ફર્માવ્યું કે દુનિયામાં આદમની ઔલાદ જે અમલો કરે છે તેની અલ્લાહ તઆલાની નજીક એક એક શકલ હોય છે. પછી જો નેક અમલો કરે છે તો તેની શકલ નેક અને બાબરકત હોય છે અને જો ખરાબ આમાલ કરે છે તો તેની શકલ ખરાબ અને ભયાનક હોય છે. તો તારા પિતા લુકમાન (رضی اللہ عنہ) કેમ કે ખૂબ મોટા અમાનતદાર છે, અને હું ન તો બશર છું, અને ન તો ફરિશ્તો છું, અને ન તો જિન છું પણ તારા પિતાની અમાનતની સિફત (ખૂબી) છું જે આ નૂરાની શકલ (સ્વરૂપ)માં છું જેને તારા પિતાએ કરામતના માટે તારી સાથે કરી દીધી હતી કે તું અજાઈબાતે ઈલાહી અને હિક્મતે બાતિનનો અનુભવ કરીને હમેશાં નેકીઓ કમાતો રહે અને દુનિયાના પ્રપંચ અને ફરેબની જાણકારી મેળવી હમેશાં પોતાના પરવરદિગારની તરફ ધ્યાનિત રહે. ત્યાર બાદ તે બુઝુર્ગ ગાયબ થઈ ગયા અને એ પુત્ર માલ વગેરે લઈને પોતાના પિતાની ખિદમતમાં હાજર થયો અને બધી વાત કહી સંભળાવી. હઝરત લુકમાન رضی اللہ عنہ ખૂબ જ ખુશ થયા અને અલ્લાહ તબારક વ તઆલાનો શુક્ર અદા કર્યો. *(અન્વારુલ આરિફીન, પેજ : ૫૭ થી ૬૦)*

સારાંશ કે બાપના નેક અમલો આ રીતે ઔલાદની હિફાઝત કરી શકે છે, જેથી સદા નેક અમલો પ્રતિ ધ્યાન કરવું જોઈએ.

## શબે મેઅરાજના નવાફિલ

(કાર્યાલય)

**૧૨ રકાત** : (બે–બે કરીને) દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી પાંચવાર **કુલ્ હુવલ્લાહ.** ૧૨ રકાત પઢયા બાદ ૧૦૦ વાર કલ્મએ તમજીદ, ૧૦૦ વાર ઈસ્તિગફાર, ૧૦૦ વાર દુરૂદ શરીફ.

**ફઝીલત** : જે દુઆ કરે ઈન્શાઅલ્લાહુ તઆલા કૂબૂલ થશે.

**૬ રકાત** : (બે–બે કરીને) દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી ૭ વાર **કુલ્ હુવલ્લાહ** પઢે. છ રકાત પઢયા બાદ ૫૦ વાર દુરૂદ શરીફ પઢે. **ફઝીલત** : તમામ દીની તથા દુનિયવી હાજતો પૂરી થશે અને ૭૦ હજાર ગુનાહ માફ થશે.

**૨ રકાત** : દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી ૨૭ વાર **કુલ્ હુવલ્લાહ** પઢે અને કાઈદામાં અત્તહિય્યાત પછી ૨૭ વાર દુરૂદે ઈબ્રાહીમ પઢે. સલામ બાદ તેનો હદિયો હુઝૂર ﷺની બારગાહમાં પેશ કરવાની સઆદત હાંસલ કરે. ખૂબ ભલાઈઓ પામશે.

**૨ રકાત** : પ્રથમ રકાત **અલ્હમ્દુ** પછી **સૂરએ અલમનશ્રહ,** બીજી રકાતમાં **અલ્હમ્દુ** પછી **લિઈલાફ** પઢે. **ફઝીલત** : આ નમાઝ પઢવાથી ઔલિયાની સાથે નમાઝ પઢવાનો સવાબ મળે છે.

**૧૦ રકાત** : (બે–બે કરીને) દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી ત્રણવાર **સૂરએ કાફિરૂન,** બે વાર **કુલ્ હુવલ્લાહ** પઢે. દસ રકાત પછી એકવાર કલ્મએ તૌહીદ પઢે પછી આ દુઆ પઢે :–

**اَللّٰھُمَّ صَلِّ عَلٰی سَیِّدِنَا مُحَمَّدٍ وَّعَلٰۤی اٰلِهٖ للطَّاهِرِیْنَ**
**وَلَا حَوْلَ وَلَاقُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِیِّ الْعَظِیْمِ۔**

*(અલ્લાહુમ્મ સલ્લિ અલા સૈયિદિના મુહમ્મદિંવ્ વઅલા આલિહિ ત્તાહિરીન વલા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ્ અલિય્યિલ અઝીમ.)*

**ફઝીલત** : અલ્લાહ તઆલા દરેક રકાતને બદલે ૧૦૦૦ રકાતનો સવાબ અતા કરશે.

**ગુસ્લની ફઝીલત** : હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, જે કોઈ રજબની પહેલી, પંદરમી અને સત્તાવીસમીએ ગુસ્લ કરશે તો તે ગુનાહોથી એવો પાક થઈ જશે, જાણે કે આજે જ પેદા થયો હોય.

**રોઝાની ફઝીલત** : જે કોઈ ૨૭ મી રજબે રોઝો રાખે તેને જન્નતની એક નહેરથી પાણી પીવડાવવામાં આવશે જે મધથી અધિક મીઠુ, બરફથી અધિક ઠંડુ અને દૂધથી અધિક સફેદ હશે. અને અલ્લાહ તઆલા તેને દોઝખની આગથી બચાવી લેશે અને તેને જન્નતથી સરફરાઝ ફર્માવશે. *(મુસ્લિમ ટાઈમ્સ ઉર્દૂ અઠવાડિક–મુંબઈ, ૬ થી ૧૨ ઓગસ્ટ–૨૦૦૭)*

## ★ શાદી મુબારક ★

**જૂનાગઢ :** થી ઘાંચી દાઉદ જુમ્આ લખે છે કે તેમની નેક દુખ્તર સલ્માના નિકાહ દાનિશ યૂનુસભાઈ ભટ્ટી સાથે તા. ૨૩–૧–૨૦૧૭ રવિવારે થયા, અને તેમના દિકરા અહમદ રઝાના નિકાહ ટંકારા, મોરબી નિવાસી ઉમર નૂર મુહમ્મદ મારકિયાની નેક દુખ્તર સલ્મા સાથે તા. ૨૪–૧–૨૦૧૭ સોમવારે થયા.

**ઈખર :** ખાતે સલીમખાન પઠાણના નેક ફરઝંદ અકરમખાનના નિકાહ ગોધરા નિવાસી પઠાણ અનવરખાન અબ્દુલ્લાહખાન (ઉર્ફે લાલાભાઈ)ની નેક દુખ્તર ફરહાનાબાનુ સાથે તા. ૪–૧–૨૦૧૭ શનિવારે થયા. વલીમો ઈખર મુકામે બીજા દિવસે રાખવામાં આવ્યો હતો.

**મોતીપૂરા :** (ડભોઈ)ના જનાબ નકૂમ મિન્હાજ અબ્દુર્રઝ્ઝાક તરફથી તેમનાં ત્યાં શાદીના પ્રસંગની ખુશીમાં "ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા"ને તેમજ "દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ"ને બંનેને ૨૫૦–૨૫૦ રૂા. લિલ્લાહ મળ્યા છે. જઝાકલ્લાહ ! અલ્લાહ તેમને બંને જહાનની ખુશીઓથી નવાઝે. (આમીન)

**દયાદરા :** ખાતે મકસૂદ ઈબ્રાહીમ અહમદ ઈસા બાકરોલીવાળાના નેક ફરઝંદ પ્રો. અશ્ફાક઼ બાકરોલીવાળાના નિકાહ તા. ૧૧–૩–૨૦૧૭ શનિવાર ૧૧–જ.આખર, હિ.સ. ૧૪૩૮ના રોજ અસૂર્યા ખાતે શફીકભાઈ અસૂર્યાવાળાના ભાઈ નૂર મુહમ્મદ પટેલ (રૂસ્તમભાઈ)ની નેક દુખ્તર નાસિરા સાથે અસૂર્યા મસ્જિદમાં થયા. સલાતો સલામ સાથે જુલૂસ મસ્જિદ સુધી ગયું હતું. શાદી નિમિત્તે માલજી સ્ટ્રીટ–દયાદરામાં ૯–૩–૨૦૧૭ના રોજ નઅત તથા બયાનનો પ્રોગ્રામ થયો જેમાં ક઼ારી મકસૂદ કાવીવાળા તથા હાફિઝ ઝયનુલ આબેદીન વગેરે નઅતે પાક પઢયા અને મૌલાના ઈમરાન ગુજર ઝંઘારવીએ શાદીને લગતુ શાનદાર બયાન કર્યુ હતું.

ઉપરોક્ત તમામ દુલ્હા દુલ્હન, કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદક઼ામાં બંને જહાનની નેઅમતોથી નવાઝે આમીન. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### :: મદદની અપીલ ::

આથી સમસ્ત સુન્ની મુસ્લિમ સમાજને જાણ કરવામાં આવે છે કે આમરણ શરીફમાં દાવલશાહવાસમાં દરગાહ શરીફ રોડ ઉપર દાવલશાહ એજ્યુકેશન ટ્રસ્ટ ચાલે છે. જેમાં નાઝરા ક્લાસ, ક઼ારી ક્લાસ, દાવશાહ પ્રાયમરી સ્કૂલ ૧ થી ૮ ધોરણ, કોમ્પ્યૂટર ક્લાસ અને બહારગામના છોકરાઓ માટે હોસ્ટેલ ચાલે છે. આ સંસ્થાની ભાવિ યોજના આમરણમાં મોરબી–જામનગર હાઈવે પર ધુળકોટ રોડ કબ્રસ્તાનની બાજુમાં મોટી જગ્યા લીધેલ છે, જેમાં ઈસ્લામિક તર્બિયત સેન્ટર, દાવલશાહપીર માધ્યમિક શાળા અને હઝરત દાવલશાહ પીર મસ્જિદનું આયોજન છે. તો આપ તમામી મુસલમાન ભાઈઓને અપીલ કરવામાં આવે છે કે આ સંસ્થા અને દારૂલ ઉલૂમની મદદ કરીને સરકાર દાવલશાહપીરની ગુલામીનો સુબૂત પેશ કરશો અને ટ્રસ્ટના હાથ મજબૂત કરશો.

દાવલશાહ એજ્યુકેશન ટ્રસ્ટનું દેના બેંક આમરણમાં ખાતુ છે. જેનો ખાતા નંબર : 042510031204

**સંપર્ક કરો** : જામીઆ ફૈઝાને દાવલશાહ, દાવલશાહ ચોક, મુ. આમરણ, તા. જિ. મોરબી, ફોન (૦૨૮૯૩–૨૮૭૨૧૯) મો. ૯૯૦૪ ૧૯૨૨૨૫

## :: જામિઆ અશ્રફિયામાં ગુજરાતી તલબાની દસ્તારબંદી ::

**મુબારકપુર** : (જિ. આઝમગઢ, યુ.પી.) ખાતે ઉર્સે હાફિઝે મિલ્લત رحمۃ اللہ علیہના ઉર્સના મોક઼ા પર તા. ૨–૩–૨૦૧૭ રવિવારના રોજ કુલ ૫૬૬ તલબા ફારિગ થયા તેમની દસ્તારબંદી કરવામાં આવી. જેમાં નીચે પ્રમાણે ફારિગીન હતા. તેહક઼ીક ફિલ્ ફિક઼્હ (મુફ્તી)–૧૦, તેહક઼ીક઼ ફિલ્હદીષ–૧૦, તેહક઼ીક઼ ફિલ્અદબ–૫, મશ્ક઼ે ઈફ્તા–૫, ફઝીલત–૨૦૧, ફઝીલતે ખુસૂસી–૨, હિફ્ઝ–૨૮, મીઝાન–૨૬૧, તર્બિયતે તદરીસ–૩, મોલ્વી વ ક઼ારી (રિવાયતે હફ્સ)–૧૨૪, આલિમ–૧૭૮, મીઝાન–૩૦૬. જેમાંથી ગુજરાતના મુફ્તી થનાર : (૧) મુફ્તી મુહમ્મદ સલીમ–સૂરત (૨) મુફ્તી મુહમ્મદતૌફીક઼–પેટલાદ (૩) મુફ્તી સાબિર રંગૂની–આમોદ. તથા ફાઝિલોમાં : (૪) મુહમ્મદ અન્સાર–સૂરત, (૫) મુહમ્મદ ગુલામગૌષ–સૂરત, (૬) હબીબુર્રહમાન–બિલિમોરા, તેમજ (૭) હાફિઝો ક઼ારી મુહમ્મદ હુસૈન ક઼ાદરી (S/o. હાફિઝ સલીમ દાઉદ મૂસા, યુ.કે.)ની દસ્તારબંદી કરવામાં આવી. ગુજરાત, સૂરત, પેટલાદ, ભરૂચથી તેમના સંબંધીઓ મુબારકપુર પહોંચ્યા હતા. આ પ્રસંગે અમો સૌ ફારિગ થનાર ગુજરાતી મુફ્તી આલિમોને મુબારબાદ પેશ કરીએ છીએ, તથા દીનો સુન્નિયતની બેહતરીન ખિદમત અલ્લાહ તઆલા તેમનાથી લે એ દુઆ પણ કરીએ છીએ. આ જ પ્રોગ્રામમાં તંત્રી બરકાતે ખ્વાજા (માસિક) પટેલ શબ્બીર અલી રઝવીનું પણ તેમની દીની ક઼લમી ખિદમતોના બદલામાં અઝીઝે મિલ્લતના હાથે શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

## :: ઈન્તેક઼ાલ પુરમલાલ ::

**જંબુસર** : ખાતે અલ્હાજ હાજી ક઼ાસમભાઈ ફત્તેહભાઈના પત્ની હજીયાણી હાજરાબીબીનો તા. ૨૦–૨૦૧૭ સોમવાર, ૨૩ જ. અવ્વલ હિ.સ. ૧૪૩૮ના રોજ રોડ અકસ્માતમાં દુઃખદ ઈન્તેક઼ાલ થયો છે.

**દયાદરા** : ખાતે અલ્તાફ ઈસ્માઈલ ચોકવાલાને રીક્ષા પલ્ટી ખાતાં અકસ્માતમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. થોડા દિવસ સારવાર બાદ છેવટે તા. ૨–૩–૨૦૧૭, ૩–જ. આખર હિ.સ. ૧૪૩૮ના રોજ દુઃખદ ઈન્તેક઼ાલ થયો છે. તેમજ તા. ૯–૩–૨૦૧૭ જુમેરાત, ૧૦–જ. આખર હિ.સ. ૧૪૩૮ના રોજ મુશ્તાક દિવાનનો પણ ભર યુવાનીમાં ટૂંકી માંદગી બાદ દુઃખદ ઈન્તેક઼ાલ થયો છે.

**સંજાણબંદર** : ખાતે અમારા નિસ્વાર્થ સફીર, "બરકાતે ખ્વાજા" (માસિક)ના ચાહક પ્રચારક તથા ઈસ્લામિક વેલ્ફેર મિશન તથા અંજુમને રઝાએ મુસ્તફાના તેમજ દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ થામના પણ સફીર તથા પ્રચારક મર્હૂમ શબ્બીરભાઈ ટેલરનો વાપી ખાતે રોડ અકસ્માતમાં બ્રેઈન હેમરેજ થવાથી તા. ૮–૩–૨૦૧૭ બુધવાર, ૮–જ.આખર હિ.સ. ૧૪૩૮ના રોજ દુઃખદ ઈન્તેક઼ાલ થયો છે. મર્હૂમ ઘણા જ નેક, બાશરઅ તથા સક્રિય સુન્ની કાર્યકર હતા. આપના ઈન્તેક઼ાલથી સુન્ની સમાજમાં એક ઉણપ ઉભી થઈ છે. સુન્નિયતનાં કામોમાં આગળ આગળ રહી હિસ્સો લેતા હતા.

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*